## Gujarat Chamber of Commerce and Industry

GCCI
GUJARAT CHAMBER OF
COMMERCE & INDUSTRY

# GLOBAL CAPABILITY CENTER



# ઔદ્યોગિક મોરચે અગ્રણી ગુજરાતમાં
# ગ્લોબલ કૅપેબિલિટી સેન્ટર જરૂરી

# Gateway To Growth




KUNVARJI

Kunvarji brings a wealth of knowledge accumulated over 60+ years of our commitment to growth. With the help of this knowledge, Kunvarji has consistently improved the lives of everyone we touch. No wonder then, Kunvarji continues to evoke a sense of trust whether it is Wealth Solutions, Agro Commodities, Real Estate Advisory, Integrated Logistics, Tech Solutions or Insurance Advisory.

+91 98796 13753 wealth@kunvarji.com www.kunvarji.com

# Leading From The Front

President
**Ajay Patel**

Sr. Vice President
**Sandeep P. Engineer**

Vice President
**Mihir. V. Patel**

★

Immediate Past President
**Pathik S. Patwari**

★

Hon. Secretary
**Apurva K. Shah**

Hon. Secretary (Regional)
**Prashant Patel**

Hon. Treasurer
**Gaurang Bhagat**

# Contents

1. ટેક્સટાઇલ ઉદ્યોગ તેની સમસ્યાની વાત રજૂ કરે, અમે ઉકેલ આપીશું : હસમુખ પટેલ ....04
2. સ્ટાર્ટ-અપે ડેવલપ કરેલું નવું ગંજી તમારા હૃદયના ધબકારા મોનિટર કરશે ....13
3. અલ્ટમેટ પ્રાઇવેટ લિમિટેડ: કૃષિ કચરામાંથી ફાઇબર બનાવ્યું ....16
4. ડેનિમ વપરાયા પછી બચતી કતરણને પ્રોસસ કરી આધુનિક વસ્ત્રો બનાવ્યાં ....18
5. કેળના થડમાંથી ફાઇબર અને મહિલા માટે સેનેટરી પેડ બનાવ્યા ....20
6. ટેક્સટાઇલ એક્ઝિબિશન ફેબેક્સાને અદ્‌ભુત પ્રતિભાવ મળ્યો ....22
7. ઔદ્યોગિકમાં અગ્રણી ગુજરાતમાં ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર જરૂરી ..24
8. હવે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટનું પુનરવલોકન થવું જરૂરી ....30
9. ઈરાન-ઇઝરાયલ વચ્ચેના સંઘર્ષથી નાના ઉદ્યોગોની હાલત કફોડી ....35
10. સરખી દેખાતી-લાગતી દવાઓને કારણે ખોટી અપાઈ જતી દવાઓ ....39
11. શેર્સ બાયબેક કરવા પર લેવાતો ટેક્સ નાબૂદ કરો ....44
12. ગ્લોબલ વોર્મિંગને ઘટાડવા બાયોફ્યુઅલ પેદા કરતા એકમોને ઓછા વ્યાજદરે ધિરાણ આપો ....48
13. ગૌમૂત્ર વેચીને પશુપાલકોને નવી આવક કરવાનો વિકલ્પ મળ્યો ....50
14. તમારા હૃદયને સ્વસ્થ રાખવા શું કરવું જોઈએ? ....54
15. MSMEને અનેક યોજનાઓ અંતર્ગત આર્થિક સહાય આપવામાં અગ્રેસર ગુજરાત સરકાર ....58

Gujarat Chamber of Commerce & Industry,
Ashram Road, P. O. Box No. 4045,
Ahmedabad - 380 009.
Tel.: +91 79 26582301 / 2 / 3 / 4,
Email: gcci@gujaratchamber.org,
Web.: www.gujaratchamber.org

We welcome your feedback and suggestions.
Do write to us on :
bulletin@gujaratchamber.org

**Disclaimer:**
The articles contained in this publication represent the individual views and opinions of the writer and GCCI does not necessarily conform or share the same views with that of the writer. The article does not constitute comprehensive professional advice and is meant for information purposes only. The information, data and figures in the articles have been obtained or derived from sources believed to be reliable, but GCCI does not represent that this information is accurate or complete. Any opinions or estimates contained in the articles represent the views of the writer at that time and are subject to change without notice. Readers of this publication are advised to seek their own professional advice before taking any course of action or decision, for which they are entirely responsible. GCCI neither accepts nor assumes any responsibility or liability towards any reader of this publication in respect of the information obtained within this publication or for any decisions readers may take or decide not to take or fail to take, based on the contents of this publication.

# President Message



**Ajay Patel**

President, GCCI

**પ્રિય મિત્રો,**

GCCIનો આપણો પ્રસ્તુત અંક ગ્લોબલ કેપેબિલિટીઝ સેન્ટર વિષય પર કેન્દ્રિત છે.

આપણે સૌ જાણીએ છીએ કે આપણા દેશની વર્તમાન શ્રેષ્ઠતમ મૂડી તે આપણું યુવાધન છે. જેને ડેમોગ્રાફિક ડિવિડન્ડ કહેવામાં આવે છે. વર્ષ 2021માં આપણા દેશની યુવાવસતિ 27 ટકા હતી, જે વર્ષ 2036માં ઘટીને 23 ટકા થશે. કોઈ પણ દેશના ગ્રોથ એન્જિન તરીકે સર્વોચ્ચ પરિબળ યુવાધન હોય છે. દેશનું યુવાધન તેઓની ઉત્પાદકતા તેમજ કાર્યક્ષમતાની ચરમસીમા પર હોવાને કારણે તેઓ આર્થિક તેમજ ઔદ્યોગિક પ્રગતિની ઊર્જા સમાન હોય છે. પરંતુ વર્તમાન સ્પર્ધાત્મક વિશ્વમાં તે બાબત અત્યંત જરૂરી છે કે આપણું આ યુવાધન પોતપોતાના વિવિધ ક્ષેત્રમાં કાર્યકુશળ તેમજ કાર્યક્ષમ હોય. આપણો દરેક યુવક કે યુવતી તેઓની કાર્યક્ષમતા તેમજ કાર્યકૌશલને આધારે જે તે ઉત્પાદન ક્ષેત્રે કે સેવા ક્ષેત્રે ગુણવત્તાના ઉચ્ચતમ ધોરણ પૂરા પાડતા હોય કે જે થકી આપણે વૈશ્વિક સ્પર્ધામાં અગ્રગણ્ય રહી શકીએ તેમજ આર્થિક, ઔદ્યોગિક સ્પર્ધામાં સર્વોચ્ચ સ્થાને રહી શકીએ.

આવા શ્રેષ્ઠતમ સ્કિલ ડેવલપમેન્ટ માટે જરૂરી છે GCC એટલે કે 'ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સ'. જે તે ઉદ્યોગ કે વ્યવસાયલક્ષી સેવા ક્ષેત્રે આમૂલ પરિવર્તન લાવવા, નવીન તેમજ આધુનિક કાર્યપ્રક્રિયાની શોધખોળ કરવા તેમજ તેને વાસ્તવિક સ્વરૂપ આપવા, વર્તમાન ખૂબ જ સ્પર્ધાત્મક વાતાવરણમાં વ્યાપાર-ઉદ્યોગને લગતી નવી નવી વ્યૂહરચના વિશે વિચારવા તેમજ તેને શક્ય બનાવવા ખૂબ જ જરૂરી છે કે આપણા યુવાનો 'લર્નીંગ કર્વ' તેમજ 'સ્કિલ ગ્રાફ'ના ઉચ્ચતમ સ્થાને હોય. આ બાબત ધ્યાનમાં રાખી વર્તમાનમાં ભારતમાં લગભગ 1800 જેટલા ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સ અસ્તિત્વમાં છે, જેમાં 13 લાખથી પણ વધુ લોકો કાર્યરત છે. આવા મહત્તમ ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સ વિશાળ બહુરાષ્ટ્રીય કંપનીઓના ઓફશોર કેન્દ્ર તરીકે કામગીરી કરી રહેલ છે. તેઓના મુખ્ય કાર્યમાં ઇન્ફોર્મેશન ટેક્નોલોજી, નાણાકીય સેવાઓ, માનવસંસાધન સેવાઓ તેમજ માતૃસંસ્થા માટે વિવિધ પરિબળોનું વિશ્લેષણ કરવાનો સમાવેશ થાય છે. આપણા દેશ દ્વારા આવા ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સ બાબત અનેકવિધ પ્રોત્સાહન પણ પૂરાં પાડવામાં આવે છે કે જેથી વિદેશી રોકાણને આકર્ષિત કરી શકાય. આવી વિવિધ સવલતોમાં કરવેરાની રાહતો, રિસર્ચ તેમજ ડેવલપમેન્ટ માટે વિવિધ પ્રોત્સાહન વગેરેનો સમાવેશ થાય છે.

ગત સમયમાં GCCI ખાતે પણ આપણે અનેકવિધ પ્રવૃત્તિઓ સંપન્ન કરેલ છે. આપણા ખૂબ જ સફળ થયેલ યૂટ્યૂબ પરના 'ઉદ્યોગ જગતની ચર્ચા'ના કાર્યક્રમમાં વિવિધ વિષયો પર નામાંકિત મહાનુભાવો આપણી વચ્ચે ઉપસ્થિત રહ્યા. હું GCCI તરફથી ડૉ. તેજસ પટેલ, ચેરમેન અને ચીફ ઇન્ટરવેન્શનલ કાર્ડિયોલોજિસ્ટ, એપેક્સ હાર્ટ ઇન્સ્ટિટ્યૂટ, ડૉ. જય થરૂર, ચેરમેન, ઝેબ્રા આઇડિયા લેબ, શ્રી મિહિર જોશી, સી.ઈ.ઓ., GVFL તેમજ શ્રી આશિષ ચૌહાણ એમ.ડી. અને સી.ઈ.ઓ. નેશનલ સ્ટોક એક્સચેન્જનો ખૂબ ખૂબ આભાર માનું છું.

તારીખ 1 જૂન, 2024થી તારીખ 14 જૂન, 2024 સુધી આપણે ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી સાથે આપણી પરંપરાના ભાગ રૂપે આપણી સાથે સંલગ્ન અન્ય એસોસિયેશન સાથે એક બૃહદ રક્તદાન શિબિર પખવાડિયાનું વિવિધ સ્થળોએ આયોજન કર્યું. આ મેગા રક્તદાન શિબિરનું ઉદ્ઘાટન અમદાવાદ ટિમ્બર મર્ચન્ટ એસોસિયેશનના પ્રાંગણમાં થયું. ત્યાર બાદ અન્ય કેમ્પનું આયોજન શ્રી પાંચકૂવા કાપડ મહાજન, ચાંદખેડા વેપારી સંગઠન, સાણંદ ઇન્ડસ્ટ્રી એસોસિયેશન, અમદાવાદ ફર્નિચર એસોસિયેશન, નરોડા ઇન્ડસ્ટ્રી એસોસિયેશન, ગુજરાત ગાર્મેન્ટ મેન્યુફેક્ચરિંગ એસોસિયેશન, એસ્ટ્રલ પાઇપ્સ કંપનીના હેડ ક્વાર્ટર ખાતે, અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસિયેશન, કઠવાડા ઇન્ડસ્ટ્રીઝ એસોસિયેશન, અમદાવાદ ઓઇલ મર્ચન્ટ એસોસિયેશન, નવા માધવપુરા વેપારી મહાજન, અખિલ ગુજરાત હાર્ડવેર એસોસિયેશન, અમદાવાદ ઓપ્ટિકલ એસોસિયેશન, RATA અને ISHRAE, અમદાવાદ ઓટોમોબાઇલ ડીલર એસોસિયેશન, ન્યૂ ક્લોથ માર્કેટ તેમજ શ્રી માણેકચોક સોનાચાંદી દાગીના એસોસિયેશન ખાતે થયું. આપણે કે. પી. વોવેન પ્રાઇવેટ લિમિટેડ, નેસ્લે, જી. ઈ. પાવર, શાર્પ એન્જિનિયર્સ, ઇન્ડો-કોમ્પ્રેસર પ્રાઇવેટ લિમિટેડ, એનર્જી મિશન, ફાર્મા ઝોન, રેને કોસ્મેટિક્સ વગેરેના પણ આભારી છીએ.

GCCI ઇન્ટરનેશનલ ટ્રેડ ટાસ્કફોર્સના ઉપક્રમે બ્રિટિશ ડેપ્યુટી હાઇ કમિશનર સાથે મિટિંગ, GCCI MSME કમિટી તેમજ મહાજન સંકલન કમિટી અને SIDBI તથા ONDCના સંયુક્ત ઉપક્રમે 'E-Commerce Threat or Opportunity' વિષય પર સેમિનાર, GCCI ડિફેન્સ ટાસ્ક ફોર્સ દ્વારા ફાઉન્ડેશન એન્ડ ઇન્ટર્નલ ઓડિટર્સ ટ્રેનિંગ પ્રોગ્રામ, GCCI ફાર્માસ્યુટિકલ ટાસ્કફોર્સના ઉપક્રમે Revised Schedule

M - An Overview and Implementation Solutions વિષય પર સેમિનારનું આયોજન, GCCI ઇન્ટરનેશનલ ટાસ્કફોર્સ દ્વારા L. X. Internationalના Regional Head (India & Middle East) શ્રી જુન હ્યોયંગ કિમ સાથે મિટિંગ, GCCI ફૂડ અને એગ્રિકલ્ચર કમિટી અને IIT ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે 'FSSAI, EXPORTS, KISEM & EXPERTISE in HVAC' વિષય પર પરિસંવાદ, GCCIની સ્ટાર્ટ-અપ એન્ડ ઇનોવેશન કમિટી અને ટેક્સટાઇલ ટાસ્ક ફોર્સના સંયુક્ત ઉપક્રમે 'Demo Day for Textile Startup'નું આયોજન, GCCI ફૂડ અને ડેરી કમિટીના સભ્યો દ્વારા Hyfun Foods તેમજ Fit & Flakes Industryની મુલાકાત વગેરે ખૂબ જ સફળ રહ્યાં. આપણી બિઝનેસ વુમન કમિટી દ્વારા આયોજિત Rendezvous with Juhi Chavla તેમજ GCCI યુથ કમિટી દ્વારા આયોજિત Dangee Dums Industryની મુલાકાત, Pickleball Tournamentનું આયોજન પણ હેતુપૂર્ણ બની રહ્યા.

આપણો પ્રસ્તુત અંક 'ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સ' વિષય પરનો ખાસ અંક છે. આ બાબતે GCCI તેમજ આપણા સંલગ્ન એસોસિયેશન્સ પ્રતિબદ્ધ છે અને વિવિધ ઉદ્યોગો માટે, તેમજ વિવિધ પ્રકારના સ્કિલ ડેવલપમેન્ટ માટે, આપણે સૌ ચર્ચા-વિચારણા કરી ગુજરાત રાજ્યમાં વિવિધ 'ગ્લોબલ કેપેબિલિટી સેન્ટરનો પ્રારંભ કરીએ તે ખૂબ જ જરૂરી છે. આજે સમગ્ર દેશમાં વ્યાપાર, ઉદ્યોગ, તેમજ આર્થિક ગતિવિધિ ક્ષેત્રે ગુજરાત અગ્રસ્થાન ધરાવે છે. આપણા રાજ્ય માટે 'ગિફ્ટ સિટી' એક વ્યૂહાત્મક પરિબળ સમાન છે. પરંતુ વર્તમાન જરૂરિયાત આપણા રાજ્યમાં વિવિધ 'ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સ' ની સ્થાપના કરવાની તેમજ તે માટે જરૂરી સબળ રજૂઆત કરવાની છે. કારણ કે તે હકીકત નિર્વિવાદ છે કે ગિફ્ટ સિટીની જેમ જ આવા ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સ રાજ્યને સમગ્ર વિશ્વના આર્થિક ઔદ્યોગિક મેપ પર અગ્રસ્થાન પ્રદાન કરવામાં મદદરૂપ નીવડશે. આપણા યુવાધનને વ્યાપાર/વ્યવસાય/ઉદ્યોગ ક્ષેત્રે વિવિધ સ્કિલ ડેવલપમેન્ટ બાબત મદદરૂપ થઈ ઉત્પાદનના એક પરિબળ તરીકે તેઓને બહુમૂલ્ય બનાવશે. મને વિશ્વાસ છે કે પ્રસ્તુત અંક ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સ બાબતે એક ઉદ્દીપક સમાન સાબિત થશે.

માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીજીના નેતૃત્વમાં કેન્દ્રીય પ્રધાનમંડળની શપથવિધિ સંપન્ન થઈ ગયેલ છે. 'વિકસિત ભારત' પ્રધાનમંત્રીશ્રીનું મિશન છે અને છેલ્લાં દસ વર્ષથી સુનિશ્ચિત થયેલ વિવિધ વ્યૂહાત્મક યોજનાઓ હવે તીવ્ર ગતિએ આગળ વધશે તે નિર્વિવાદ છે. સમગ્ર દેશમાં વ્યાપાર-ઉદ્યોગના વિકાસ માટે વર્તમાન સમય સુવર્ણયુગ સમાન છે અને 'વિકસિત ભારત'ના મિશનને સંપન્ન કરવા '100 ડે એક્શન પ્લાન' પણ તૈયાર કરવામાં આવેલ છે. આગામી સમયમાં પ્રધાનમંત્રીશ્રી તેમજ કેન્દ્રીય સરકારનું સમગ્ર ધ્યાન દેશ માટે રોજગારીની તકો વધારવા, એમ.એસ.એમ.ઈ તેમજ સ્ટાર્ટ-અપ ઇકોસિસ્ટમને વધુ ગતિશીલ બનાવવા, દેશમાં ઉત્પાદનમાં વધારો કરી નિકાસને વેગ આપવા વગેરે બાબતો પર રહેશે. ડિફેન્સ મિનિસ્ટ્રી દ્વારા પણ ડિફેન્સને લગતા ઉત્પાદનને વેગ આપી તેની નિકાસમાં વધારો કરવા વિવિધ યોજનાઓ બનાવવામાં આવેલ છે. સરકારશ્રીની તમામ સેવાઓ બાબતે 'End-To-End' ડિજિટાઇઝેશન કરવામાં આવશે જે થકી સામાન્ય નાગરિકને ખૂબ જ રાહત મળશે તેમજ તેઓ પોતાના સમયનો ઉપયોગ વિવિધ રચનાત્મક ગતિવિધિમાં કરી શકશે. દેશની નાગરિક સેવાઓ સાથે સંકળાયેલ વહીવટી અધિકારીઓ માટે પણ 'મિશન કર્મયોગી' યોજનાને વેગ આપવામાં આવશે. યુરોપિયન યુનિયન સાથે પણ FTA સુનિશ્ચિત કરવા બાબતે ત્વરિત પગલાં લેવામાં આવશે. પ્રાથમિક શિક્ષણ બાબતે પણ વિસ્તૃત ડિજિટાઇઝેશન હાથ ધરવામાં આવશે. માનનીય પ્રધાનમંત્રીશ્રી દ્વારા નિયુક્ત કરેલ યુનિયન કેબિનેટ 'સાતત્યપૂર્ણ વહીવટ'નો સંકેત પૂરો પાડે છે. ગત દશ વર્ષ દરમિયાન સુનિશ્ચિત કરેલ વિવિધ લક્ષ્યાંકો પરિપૂર્ણ કરવાનો સ્પષ્ટ સંદેશ પૂરો પાડે છે.

ગુજરાતના વ્યાપાર ઉદ્યોગના વિવિધ પ્રશ્નો તેમજ જરૂરિયાતોને સમજવા આપણે વિવિધ એસોસિયેશન તેમજ આપણી વિવિધ રિજિયોનલ ચેમ્બર્સ સાથે સતત સંપર્કમાં રહીએ છીએ. મે મહિના દરમિયાન જ આપણે વિવિધ રિજિયોનલ ચેમ્બર્સ તેમજ એસોસિયેશનના હોદ્દેદારો સાથે એક વીડિયો કોન્ફરન્સનું આયોજન કર્યું. આપણે આપણી મહાજન સંકલન કમિટી સાથે વિવિધ એસોસિયેશન સાથે પણ એક મિટિંગનું આયોજન કર્યું.

વ્યાપાર ઉદ્યોગના વિવિધ પ્રશ્નોની રજૂઆતની આપણી પ્રણાલીના ભાગ રૂપે આપણે ગુજરાત ઇલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશનના સેક્રેટરીને GETCO દ્વારા ટ્રાન્સમિશન ટેરિફ ઓવર ચાર્જ બાબતે યોગ્ય કરવા એક રજૂઆત કરેલ છે તેમજ એનર્જી એકાઉન્ટિંગ એન્ડ બેન્કિંગ અંગે સ્થાપના કરવા ગુજરાત ઇલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશનના સેક્રેટરીને એક પત્ર પણ પાઠવેલ છે.

મિત્રો, GCCI ખાતે આગામી વર્ષ 2024-25ના આપણા પ્રમુખશ્રી તેમજ અન્ય પદાધિકારીઓને ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવું છું તેમજ વિવિધ લક્ષ્યાંકો પ્રાપ્ત કરવા તેઓને મારા સંપૂર્ણ સહકારની ખાતરી આપું છું.

આપ સૌના વ્યાપાર ઉદ્યોગમાં અપ્રતિમ સફળતા માટે શુભેચ્છા પાઠવું છું.

**અજય પટેલ**
**પ્રમુખ**



**ટેક્સટાઇલ કોન્ક્લેવમાં સાંસદ હસમુખ પટેલનું સંબોધન**

# ટેક્સટાઇલ ઉદ્યોગ તેની સમસ્યાની વાત રજૂ કરે, અમે ઉકેલ આપીશું : હસમુખ પટેલ

જૂની સરકારે નીતિવિષયક નિર્ણય ન લીધા હોવાથી ભારતના ટેક્સટાઇલ ઉદ્યોગ ધીમે ધીમે નબળો પડી ગયો

ટેક્સટાઇલ સેક્ટરને પાછળ રહી જતું અટકાવવા અત્યાધુનિક ટેક્નોલોજી અપનાવીને પ્રોડક્શનનો સ્કેલ ઊંચો લઈ જવો જરૂરી છે. પરંતુ જૂની સરકારના 2000ની સાલના શાસનકાળમાં ભારતનો ટેક્સટાઇલ ઉદ્યોગ રિવર્સ ગિયરમાં ચાલી રહ્યો હતો.

ટેક્સટાઈલ કૉન્ક્લેવની ત્રીજી આવૃત્તિમાં બોલતાં અમદાવાદ પૂર્વના સાંસદ હસમુખ પટેલે જણાવ્યું હતું કે કૉન્ક્લેવ ટેક્સટાઈલ માહિતીનો ખજાનો છે. ટેક્સટાઈલ સેક્ટરના મોભીઓની સક્સેસ સુધીની જર્નીનો ઍડ્વાન્ટેજ નવા સાહસિકોને મળે છે. સફળ ઉદ્યોગપતિઓના અનુભવ પરથી ઘણું જ શીખવાનું મળી શકે છે. તેમની જર્ની-યાત્રા જોઈને જ નવસાહસિકો આગળ વધી શકે છે. આપણે ક્યાં છીએ અને ક્યાં સુધી પહોંચી શકીએ છીએ.



ગુજરાતનો ટેક્સટાઈલ ઉદ્યોગ દેશના ૪.૫ કરોડ લોકોને સીધી રોજગારી અને ૧૨ કરોડ લોકોને આડકતરી રોજગારી આપી રહ્યો છે. પરંતુ ટેક્સટાઈલ સેક્ટરનો ૨૦૦૦ની સાલમાં જીડીપીનો હિસ્સો ૪ ટકા હતો, આજે તે ઘટીને ૨.૩ ટકા થઈ ગયો છે. ૨૦૦૦ની સાલમાં ઈન્ડસ્ટ્રિયલ ગ્રોથમાં ટેક્સટાઈલ સેક્ટરનો હિસ્સો ૧૪ ટકા હતો. આજે તેનો હિસ્સો ઘટીને ૧૩ ટકા થઈ ગયો છે. ૨૦૦૦ની સાલમાં એક્સપોર્ટમાં ટેક્સટાઈલનો હિસ્સો ૨૭ ટકા હતો આજે તે ઘટીને માત્ર ૧૨ ટકા થઈ ગયો છે. આ કેમ થયું. જે મોટીં ચિંતાનો વિષય છે. ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રી પાછળ કેમ રહી ગઈ તે એક મોટી ચિંતાનો વિષય છે. ગુજરાતના અને દેશના બાકી ઉદ્યોગો આગળ નીકળી ગયા છે અને આગળ વધી રહ્યા છે. તેવામાં ટેક્સટાઈલ ઉદ્યોગ કેમ પાછળ રહી ગયો તે એક મોટો

સવાલ છે. 1998માં ડબ્લ્યૂટીઓમાં જોડાવું કે નહિ તે ચર્ચા ચાલતી હતી ત્યારે ભારત ટેક્સટાઇલનું મોટામાં મોટું એક્સપૉર્ટર્સ હતું, પરંતુ ત્યાર બાદ પાછળ પડી ગયું છે. આ તબક્કાથી જ ભારતના ટેક્સટાઇલ ઉદ્યોગની પાછળ રહી જવાની પ્રોસેસનો આરંભ થઈ ગયો હતો. બાંગલાદેશ, વિયેટનામ અને ચીન આપણાથી આગળ નીકળી ગયા છે. ટેક્સટાઇલ સેક્ટરને પાછળ પડતું અટકાવવા માટે પ્રધાનમંત્રી કહે છે તેમ અત્યાધુનિક ટેક્નોલૉજી અને પ્રોડક્શનનો સ્કેલ ઊંચો હોવો જરૂરી છે. આ તબક્કે આપણો ટેક્સટાઇલ ઉદ્યોગ રિવર્સ ગિયરમાં ચાલી રહ્યો હતો. કૉમ્પોઝિટ ટેક્સટાઇલ મિલો તૂટવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ હતી. વિકેન્દ્રીકરણ વધી રહ્યું હતું. તે વખતે સરકાર નવી ટેક્નોલૉજીને સપૉર્ટ કરવી જરૂરી હતું, પરંતુ તેમાં નિષ્ફળ ગઈ. કૉમ્પોઝિટ મિલનું અપગ્રેડેશન ન થયું, કારણ કે લેબર ફોર્સ નહોતો. લેબરને છૂટા પણ તે વખતે કરી શકાતા નહોતા. તેને માટે સમયસર પગલાં ન લેવાતાં અમદાવાદની તમામ કૉમ્પોઝિટ મિલો બંધ પડી ગઈ. બે-ચાર કૉમ્પોઝિટ મિલો જ બચી ગઈ. પરિણામે વિશ્વ સાથે સ્પર્ધા કરવાની તાકાત ગુજરાતના ટેક્સટાઇલ ઉદ્યોગોએ ગુમાવી દીધી હતી.

હસમુખ પટેલે કહ્યું હતું કે, ટેક્સટાઇલ ઉદ્યોગની લૉજિસ્ટિક કૉસ્ટે પણ ટેક્સટાઇલ ઉદ્યોગને નબળો પાડવામાં મોટી ભૂમિકા ભજવી



**સફળ ઉદ્યોગપતિઓની અનુભવયાત્રાને સાંભળીને નવસાહસિકો નવું શીખીને વિકાસની કેડી પર સંગીન ઉદ્યોગયાત્રાનો આરંભ કરી શકે**



હતી. 2000ની સાલના અરસામાં ચીનની લૉજિસ્ટિક કૉસ્ટ કરતાં ભારતની લૉજિસ્ટિક કૉસ્ટ 7 ગણી વધારે હતી. લૉજિસ્ટિકની સમસ્યા સાથે કાચા માલના સ્ટોરેજની, તેમજ સમયસર તે રૉ-મટીરિયલ નિર્ધારિત સ્થાને પહોંચાડવાનું હોય તેમાં ચીન ભારતથી ઘણું આગળ હતું. મશીનરી આયાત કરવામાં પણ સમસ્યા હતી. મશીનરી આયાત કર્યા પછી સાત સાત દિવસ સુધી બંદર પર પડી રહેતી હતી. આ તુલનાને કોઈ જોવાવાળું નહોતું. નરેન્દ્ર મોદીએ શાસનધુરા સંભાળી તે પછી આ દિશામાં ખાસ્સું કામ થવા માંડ્યું છે. તેમણે વૉટર-વે, ઍર-વે, રેલવેમાં માળખાકીય સુવિધા વધારવાની કામગીર કરી. ભાજપ સરકાર આવી તે પછી નવા રસ્તા, રેલવે કૉરિડૉર અને ઍરવેઝ તૈયાર થયા. દેશમાં ઍરપૉર્ટ્સની સંખ્યા ૭૪થી વધીને ૧૫૦ થઈ ગઈ છે. ડેડીકેટેડ ફ્રેટ કૉરિડૉરનું નિર્માણ કરવામાં આવ્યું. દિલ્હી મુંબઈને તથા કંડલા પૉર્ટને ફ્રેટ કૉરિડૉરથી જોડ્યા. પૉર્ટ પર આયાત કરેલો ગુડ્સ 24 કલાકમાં તેના ગંતવ્ય સ્થાન પર પહોંચી જાય તે માટેના સફળ પ્રયાસો કર્યા.

ટેક્નોલૉજી સાથે સ્પિનિંગ મશીન પણ આવ્યાં. તેની સાથે સ્કિલ કારીગરો તૈયાર કર્યા. તેનો મોટો ફાયદો થયો. પહેલાં આપણે કૉટન એક્સપૉર્ટ કરતા હતા. આજે કૉટનમાં મૂલ્યવૃદ્ધિ કરીને યાર્ન એક્સપૉર્ટ કરવા સુધી પહોંચ્યા છીએ. લેટેસ્ટ ટેક્નોલૉજીથી આ શક્ય બન્યું છે. જોકે નરેન્દ્ર મોદીનું સપનું તો ફાર્મથી શરૂ કરીને ફાઇબર, ફેબ્રિક્સ અને ફૅશન બાદ ફૉરેન સુધીની ચેઇન ડેવલપ કરવાનું છે. જોકે ફેબ્રિક્સ અને એપરલ્સ સુધીની સફર હવે પૂરી કરવાની છે. તેને સફળ બનાવવા માટે દેશમાં સાત પીએમ મિત્ર નામથી ટેક્સટાઇલ પાર્ક શરૂ

કરી દેવામાં આવ્યા છે. ગુજરાતમાં સુરત નજીક નવસારી ખાતે ટેક્સટાઇલ પાર્ક તૈયાર થઈ રહ્યો છે. ઇન્ટિગ્રેટેડ પ્રોડક્શન પાર્ક ફેબ્રિક્સથી આગળ વધીને એપરલ્સ સુધી અને ફેશન સુધી દેશને લઈ જવામાં મદદરૂપ બનશે. એક જ જગ્યાએ બધાં જ કપાસથી માંડીને યાર્ન, ફેબ્રિક્સ અને ફેશન ગાર્મેન્ટ્સ બનાવવાના એકમો હોવાથી લૉજિસ્ટિક કૉસ્ટ પણ નીચે લાવવાનું આયોજન સફળ થઈ શકશે. સમયની બચત થશે. તેમજ ટેક્સટાઇલ પાર્કમાંથી જ એક્સપૉર્ટ પણ થઈ જાય તેવી વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે.

ટેક્નિકલ ટેક્સટાઇલની બાબતમાં ભારતીય સાહસિકો પાસે જોઈએ તેટલું જ્ઞાન આજેય નથી. તેનાથી ટેક્સટાઇલ ઉદ્યોગને વેગ મળ્યો છે તેમાં કોઈ જ બેમત નથી. તેથી જ મોદી સરકાર આગળ વધી છે અને નૅશનલ મિશન ઑન ટેક્નિકલ ટેક્સટાઇલ મિશન ચાલુ કર્યું છે. તેથી ટેક્નિકલ ટેક્સટાઇલના સેક્ટરમાં

# ટ્રાવેલ ટેક્સટાઇલના સેક્ટરમાં નવી ઊભી થઈ રહેલી તકને ઝડપી શકાય : સંદીપ એન્જિનિયર

ગુજરાત ચેમ્બરના વાઇસ પ્રેસિડન્ટ સંદીપ એન્જિનિયરે ટેક્સટાઇલ કૉન્ક્લેવમાં બોલતાં જણાવ્યું હતું કે ટેક્સટાઇલ મનુષ્યની અસલી પર્સનાલિટીને અભિવ્યક્તિ આપવાનું એક માધ્યમ છે. તેથી જ ટેક્સટાઇલ કોઈ પણ વ્યક્તિથી અલગ રહી જ ન શકે. વિશ્વનો ટેક્સટાઇલ ઉદ્યોગ કરવટ બદલી રહ્યો છે. વિશ્વના ટેક્સટાઇલ ઉદ્યોગમાં નવી નવી બ્રાન્ડ્સ આવી રહી છે. નવા ફેબ્રિક્સ ડેવલપ થઈ રહ્યા છે. બ્રાન્ડ બિલ્ડ અપ થઈ રહી છે. આજે હેલ્થ માટે પણ અલગ ટેક્સટાઇલ છે. યોગ કરનારાઓ માટે સ્પેશિયલ ટેક્સટાઇલ છે. મૉર્નિંગ વૉક માટે પણ અલગ ટેક્સટાઇલ આવી ગયાં છે. તેમાં નવું નવું ઉમેરાઈ રહ્યું છે. ટેક્સટાઇલનું આ સેગમેન્ટ પણ કૂદકે અને ભૂસકે વિકસી રહ્યું છે. તેની અલગ બ્રાન્ડ ઊભી કરી શકાય છે. ટેક્સટાઇલ ઉદ્યોગ તેનો લાભ લેવા માટે આગળ આવે.

સંદીપ એન્જિનિયરે જણાવ્યું હતું કે ટ્રાવેલિંગ કરનારાઓ પણ હવે આરામ આપે અને સહજ લાગે તેવાં કપડાં પહેરતા થયા છે. પ્રવાસ ટાણે અલગ પ્રકારના જ આરામદાયક વસ્ત્રો પરિધાન કરનારાઓ માટે વસ્ત્રો પૂરા પાડવા માટે ગુજરાતનો ટેક્સટાઇલ ઉદ્યોગ સજ્જ છે કે નહિ તેની મને ખબર નથી. છતાંય આ એક એવું સેગમેન્ટ છે કે જ્યાં અનંત તક મળી રહે તેમ છે. ટેક્સટાઇલ ઉદ્યોગ ગુજરાતના અર્થતંત્રનું એક કેન્દ્ર બિન્દુ રહ્યું છે. ટેક્સટાઇલ ઉદ્યોગ ગુજરાતના જીડીપીને વધારવામાં ને રોજગારી નિર્માણ કરવામાં મહત્ત્વનો ફાળો આપી રહ્યો છે. અમદાવાદના ટેક્સટાઇલ ઉદ્યોગે જ સૈકાઓ પૂર્વેથી જગતમાં ગુજરાતને ઓળખ આપી છે. આજે અમદાવાદની સાથેસાથે સુરતનો ટેક્સટાઇલ ઉદ્યોગ પણ દુનિયામાં ગુજરાતની ઓળખને સંગીન બનાવવાનું કામ કરી રહ્યો છે. મહત્તમ રોજગારી નિર્માણ કરવાનું કાર્ય ગુજરાતનો ટેક્સટાઇલ ઉદ્યોગ કરી રહ્યો છે.




**યોગ કરનારાઓ માટે સ્પેશિયલ ટેક્સટાઇલ છે. મૉર્નિંગ વૉક માટે પણ અલગ ટેક્સટાઇલ આવી ગયાં છે. ટેક્સટાઇલનું આ સેગમેન્ટ પણ કૂદકે અને ભૂસકે વિકસી રહ્યું છે તેથી તેની અલગ બ્રાન્ડ ઊભી કરી શકાય છે.**

ગુજરાત સરકારની સર્વગ્રાહી ટેક્સટાઇલ પૉલિસી, ગાર્મેન્ટ ઍન્ડ એપરલ પૉલિસી પણ તેમને આગળ વધવામાં સહાયરૂપ થઈ રહી છે. ગુજરાતની શાસનધુરા નરેન્દ્ર મોદીએ સંભાળી ત્યારથી સરકારે ટેક્સટાઇલ નીતિમાં જબરદસ્ત પરિવર્તનો કર્યાં છે અને સાહસિકોને આગળ વધવામાં મદદ કરી છે. આ પ્રકારની નીતિઓ દરેક ક્ષેત્રને મળતાં દેશના અર્થતંત્રને 5 ટ્રિલિયનની ઇકોનોમી બનાવવાનું પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું સપનું સાકાર થશે. દેશના અર્થતંત્રને આ ઊંચાઈએ લઈ જવામાં ટેક્સટાઇલ ઉદ્યોગ પણ મહત્ત્વની ભૂમિકા ભજવશે. ટેક્સટાઇલ લીડરશિપ કૉન્ક્લેવ નેટવર્કિંગ માટેનું એક મૂલ્યવાન પ્લૅટફૉર્મ બન્યું છે. તેનાથી બિઝનેસ માટેની નવી તક નિર્માણ થઈ જ રહી છે.

પણ એક નવું પ્રકરણ લખાવાનો આરંભ થઈ ગયો છે. ભારત અને ગુજરાતમાં ટેક્નિકલ ટેક્સટાઈલના સેક્ટરમાં પણ હોમટેક, મેડિટેક અને જિયોટેક સહિતના અનેક સેક્ટરમાં હજીય અઢળક વિકાસ કરવાનો માર્ગ ખુલ્લો જ છે. હા, તેનો લાભ લેવાની શરૂઆત થઈ ચૂકી છે. ટેક્નિકલ ટેક્સટાઈલના નિકાસ વધારવાની પણ અનંત શક્યતાઓ છે. તેની મદદથી પણ ભારત ટેક્સટાઈલની નિકાસમાં અગાઉની માફક મોખરાનું સ્થાન મેળવી શકે છે. આ અંગેની જાણકારી હજીય ઓછી છે. ટેક્નિકલ ટેક્સટાઈલના સેક્ટર અંગેની માહિતી વધુ ને વધુ લોકો સુધી પહોંચે તે માટે કૉન્ક્લેવની શ્રેણીઓ થવી જરૂરી છે. આજે ભારતના ટેક્સટાઈલ ઉત્પાદકો ૭૦ ટકા નૅચરલ ફાઈબર વાપરે છે. જ્યારે વિશ્વના અન્ય દેશો માત્ર ૩૦ ટકા નૅચરલ ફાઈબરનો જ ઉપયોગ કરે છે.

ટેક્નિકલ ટેક્સટાઈલનું ફલક વિસ્તરે તે માટે ભારત સરકારે પ્રોડક્શન લિન્ક ઈન્સેન્ટિવ સ્કીમોનો આરંભ કર્યો છે. ભારત સરકારે ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રી માટે આપેલી પ્રોડક્શન લિન્ક ઈન્સેન્ટિવ સ્કીમમાં રૂ. ૧૦૦ કરોડનું ઈન્વેસ્ટમેન્ટ કરો અને રૂ. ૧૫૦ કરોડનું ટર્નઓવર કરનારાઓને સબસિડીનો સતત લાભ મળી શકે તેવી આ સ્કીમ છે. અપગ્રેડેશન ફંડ આપવા માટે એક નવી સ્કીમ પણ લાવવામાં આવી છે. સિલ્ક, ટેક્નિકલ ટેક્સટાઈલ અને જ્યુટ માટેની ટેક્નોલૉજી અપગ્રેડ કરવાની આ સ્કીમ છે. તેના વિવિંગ, સ્પિનિંગ અને પ્રોસેસ માટેની યોજના ચાલુ કરવામાં આવી છે.

ગિફ્ટ સિટીની સ્થાપના કરીને ફાઈનાન્શિયલ ટેક્નોલૉજીના સેક્ટરમાં પણ સરકારે સારી કામગીરી કરી બતાવી છે. ફાઈનાન્શિયલ

**નેશનલ મિશન ઓન ટેક્નિકલ ટેક્સટાઇલ મિશન ચાલુ કરીને ટેક્નિકલ ટેક્સટાઇલના સેક્ટરમાં પણ એક નવું પ્રકરણ લખાવાનો આરંભ કરી દીધો**

**વોટર-વે, એર-વે, રેલવેમાં માળખાકીય સુવિધા વધારી, અ◌ેરપોર્ટ્સની સંખ્યા ૭૪થી વધીને ૧૫૦ કરી અને ડેડિકેટેડ ફ્રેટ કોરિડોરનું નિર્માણ કર્યું તેથી લોજિસ્ટિક કોસ્ટ ખાસ્સી નીચે આવી ગઇ : માલની હેરફેરમાં સાત દિવસ લાગતા હતા તે ઘટીને બે દિવસથી પણ ઓછા સમયમાં ગંતવ્ય સ્થાને પહોંચતો થઈ ગયો**

ટેક્નોલૉજીને પ્રોત્સાહન આપવાની કામગીરી સરકારે કરી છે. તેના બ્રાઈટ ફ્યુચરને ધ્યાનમાં લઈને આ આયોજન કર્યું છે. ઈન્ટરનૅશનલ સંસ્થાઓએ ઈન્વેસ્ટમેન્ટ કર્યાં છે. તેના ફ્યુચરને ધ્યાનમાં લઈને કેન્દ્ર સરકારે આ આયોજન કર્યું છે. ઈન્ટરનૅશનલ ફાઈનાન્સ માટે ભારતના સાહસિકોએ વિશ્વના બીજા દેશોની બૅન્કો પર નિર્ભર રહેવું પડતું હતું. વિવાદ થાય તો લવાદ માટે પણ ભારતના સાહસિકોએ સિંગાપોર સુધી જવું પડતું હતું. આજે તે સમસ્યાનો પણ ઉકેલ દેખાઈ રહ્યો છે. ગિફ્ટ સિટીનું ભાવિ ખાસ્સું ઉજ્જ્વળ છે. તેથી જ હું કહું છું કે ભારતના સાહસિકોને આવનારા દિવસોમાં ફાઈનાન્સમાં કોઈ જ તકલીફ આવવાની નથી. હા, તેને માટે ઉદ્યોગ સાહસિકતાની તાકાતને ઉપયોગમાં લેવાની છે. સ્ટાર્ટ-અપ પણ આવી રહ્યા છે. નવા ઈનોવેશનને લઈને આવી રહ્યા છે. સમાજના જીવનમાં બદલાવ લાવવા સક્ષમ છે. હજારો નવા સ્ટાર્ટ-અપ આવે અને તેમને માટે ઈન્ક્યુબેશન સેન્ટરની સેવા ઉપલબ્ધ કરાવવાની તકેદારી પણ રાખવામાં આવી છે. તેમને પણ શરૂઆતમાં કોઈ જ તકલીફ ન પડે તે માટે તેમને સબસિડી અને સહાય આપવાની ગોઠવણ નરેન્દ્ર મોદી જેવા વિઝનરીએ કરી છે. હા, આગળ વધવા માટે ટેક્સટાઈલ ઉદ્યોગની કોઈ સમસ્યા હોય તો તે અંગે ટેક્સટાઈલ કમિશનર, ટેક્સટાઈલ મિનિસ્ટ્રી સાથે સંવાદ કરવો પણ એટલો જ જરૂરી છે. સંવાદ કર્યા વિના જ નીતિ તૈયાર કરી દેવામાં આવે તો તેને પરિણામે ઈન્ડસ્ટ્રીઝ વાસ્તવિક ફાયદો મળતો નથી. ઈન્ડસ્ટ્રીઝને સીધો ફાયદો દેખાય તેવી પૉલિસીઓ તૈયાર થવી જોઈએ. નવી પૉલિસીના માધ્યમથી આન્ત્રેપ્રેન્યોરને નવા સાહસ કરવા માટે પ્રેરણા મળવી જોઈએ. તેને માટે સરકારી મંત્રાલયના સંપર્કમાં રહેવું જોઈએ.



# ટેક્સટાઇલ કોન્ક્લેવ સાહસિકોને નવી દિશામાં લઈ જવામાં મદદરૂપ થશે : અજય પટેલ

ગુજરાતનો ટેક્સટાઇલ ઉદ્યોગ સતત વિકસતો રહ્યો છે અને રહેશે. પ્રાચીન કાળથી ગુજરાત ટેક્સટાઇલ ઉદ્યોગ સાથે સંકળાયેલું છે. વણાટની પ્રાચીન કુશળતાથી આરંભ કરીને આધુનિક મશીનરીનો ઉપયોગ કરવા સુધીની સફર ગુજરાતના ટેક્સટાઇલ ઉદ્યોગે કરી છે. આમ ગુજરાતનો ટેક્સટાઇલ ઉદ્યોગ સમયની સાથે બદલાતો આવ્યો છે. ટેક્સટાઇલ કૉન્ક્લેવનું આયોજન ટેક્સટાઇલ ઉદ્યોગમાં આવી રહેલા બદલાવ અંગેના વિચારોની આપલે કરવા માટે કરવામાં આવ્યું છે અને તેના માધ્યમથી નવી તકની તલાશ કરવાની નેમ છે. આ વિચારમંથનમાંથી જ આવનારા દિવસોમાં ગુજરાતના ટેક્સટાઇલ ઉદ્યોગને નવી દિશામાં લઈ જવાનું આયોજન થશે. ગુજરાત સરકારની ટેક્સટાઇલ નીતિ પણ ગુજરાતના સાહસિકોને તેમાં મદદરૂપ થઈ રહી છે. વિકાસના પથ પર આગળ વધવામાં મદદરૂપ થઈ રહી છે. વિશ્વમાં ટેક્સટાઇલ ઉદ્યોગમાં ઝડપથી પરિવર્તનો આવી રહ્યાં છે તેથી તેની સાથે કદમ મિલાવીને આગળ વધવું અનિવાર્ય છે. તેથી જ વિચારોનું આદાનપ્રદાન અને સમસ્યાઓ અંગે ચર્ચાઓ કરીને માર્ગ શોધવો જરૂરી છે.

ટેક્સટાઇલ કૉન્ક્લેવમાં સ્વાગત પ્રવચન આપતા ગુજરાત ચેમ્બર ઑફ કૉમર્સ ઍન્ડ ઇન્ડસ્ટ્રીઝના પ્રમુખ અજય પટેલે કહ્યું હતું કે, ગુજરાતમાં ટેક્સટાઇલનો બિઝનેસ સો વર્ષથી વધુ લાંબા સમયથી ચાલી રહ્યો છે. આજેય ટેક્સટાઇલના બિઝનેસ મિલોની નગરી અમદાવાદનું આધિપત્ય જળવાયેલું રહ્યું છે. ટેક્સટાઇલના સેક્ટરમાં ગુજરાતનું પ્રદાન ટેક્સટાઇલની સંપૂર્ણ વૅલ્યુ ચેઇનને આવરી લે છે. રાજ્યની કપાસની ઊપજ, સ્પિનિંગ, વિવિંગ, નિટિંગ, ફેબ્રિક્સ, ગાર્મેન્ટ્સ, ડેનિમ, ટેક્નિકલ ટેક્સટાઇલમાં ગુજરાતનું પ્રદાન નોંધપાત્ર છે. આ જ રીતે ટેક્સટાઇલ પ્રોડક્ટ્સની નિકાસમાં ગુજરાતનું યોગદાન સમગ્ર દેશમાં સૌથી મોટું રહ્યું છે. ગુજરાતમાં 25 જેટલા વોવન ફેબ્રિક્સનું ઉત્પાદન થાય છે. ટેક્નિકલ ટેક્સટાઇલના ક્ષેત્રમાં દેશમાં થતાં કુલ ઉત્પાદનમાંથી 30 ટકા ઉત્પાદન ગુજરાતમાં થાય છે. દેશમાં થતાં ડેનિમનાં કુલ ઉત્પાદનમાંથી 60 ટકા ડેનિમનું ઉત્પાદન ગુજરાતમાં થાય છે. વર્તમાન પ્રધાનમંત્રી અને ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના




સમયમાં ટેક્સટાઇલ પૉલિસીમાં બહુ જ મોટાં પરિવર્તનો લાવવામાં આવ્યાં છે. તેની મદદથી ટેક્સટાઇલ ઇન્ડસ્ટ્રીને એક નવી ઊંચાઈએ લઈ જવાનો સફળ પ્રયાસ કરવામાં આવ્યો છે. સુરત નજીક નવસારી ખાતે ટેક્સટાઇલ પાર્ક બનાવવાનું આયોજન કરીને ટેક્સટાઇલ ઉદ્યોગને નવો વેગ આપવામાં આવ્યો છે.

ગુજરાતના ટેક્સટાઇલ ઉદ્યોગ સાથે સંકળાયેલા બિઝનેસમેન, ઇન્ડસ્ટ્રિયાલિસ્ટ અને નાનામોટા વેપારીઓના પ્રશ્નોનો ગુજરાત ચેમ્બરના માધ્યમથી ઉકેલ લાવવામાં આવી રહ્યો છે. ટેક્સટાઇલ સેક્ટરમાં ગુણવત્તા સુધરે, નવાં સંશોધનો થાય અને ટેક્સટાઇલની વૅલ્યુ ચેઇનમાં નવીનતા લાવવામાં ગુજરાત હંમેશાં મોખરે રહ્યું છે. ગુજરાત સરકારના ભવિષ્ય લક્ષી-ફ્યુચર ઓરિયેન્ટેડ અને પ્રોત્સાહન લક્ષી-ઇન્સેન્ટિવ ઓરિયેન્ટેડ અભિગમને કારણે પણ ટેક્સટાઇલ ઉદ્યોગને ખાસ્સો વેગ મળ્યો છે. ટેક્સટાઇલ સેક્ટરમાં સાહસિકોએ પણ ગુજરાતના ટેક્સટાઇલ ઉદ્યોગને નવી ઊંચાઈએ લઈ જવામાં મોટો ફાળો આપ્યો છે. ટેક્સટાઇલ સેક્ટરમાં સતત નવાં પરિવર્તનો આવી રહ્યાં છે. નવાં સંશોધનો થઈ રહ્યાં છે. નવસંસ્કરણો થઈ રહ્યાં છે. તેની સાથેસાથે નવા પ્રશ્નો પણ ઊભા થાય છે. તેનાથી ગુજરાતનો ટેક્સટાઇલ ઉદ્યોગ માહિતગાર રહે તે માટે વર્ષમાં આ પ્રકારના બે કૉન્ક્લેવનું આયોજન કરવું જોઈએ. આ સંજોગોમાં સફળ ઉદ્યોગો તેમના અનુભવની મદદથી ટેક્સટાઇલના સેક્ટરમાં સફળતા મેળવવા માટે શું કરવું તે અંગે માર્ગદર્શન આપવા માટે ઉપસ્થિત રહ્યા છે તેનાથી ગુજરાતના સાહસિકોને નવી ટેક્સટાઇલ સેક્ટરમાં ખૂલી રહેલી દિશાઓની જાણકારી મળશે. કૉન્ક્લેવમાં ટેક્સટાઇલ ઉદ્યોગની સમસ્યાઓ, તેની સામે આવીને ઊભા રહેલા નવા પડકારોની ચર્ચા કરીને વિશ્વસ્તરે ટેક્સટાઇલ ઉદ્યોગને નવી ઊંચાઈએ લઈ જવા અને મોખરાનું સ્થાન અપાવવા માટેની કેડી કંડારવામાં પણ મદદરૂપ થશે.

**ટેક્સટાઇલ કોન્ક્લેવનું આયોજન ટેક્સટાઇલ ઉદ્યોગમાં આવી રહેલા બદલાવ અંગેના વિચારોની આપલે માટે કરવામાં આવ્યું**

# ઇન્ડસ્ટ્રીઝના લીડર્સની સફળતાની ગાથા રજૂ કરી નવા સાહસિકોને પ્રેરણા અપાવવાનો પ્રયાસ : સૌરિન પરીખ



ગુજરાત ચેમ્બરના ટેક્સટાઈલ ટાસ્કફોર્સના ચૅરમૅન સૌરિન પરીખે જણાવ્યું હતું કે ટેક્સટાઈલ ઉદ્યોગ ભારતનો બીજા ક્રમનો મોટામાં મોટો ઉદ્યોગ છે. દેશનો ટેક્સટાઈલ ઉદ્યોગ 4.5 કરોડ લોકોની સીધી રોજગારી પૂરી પાડે છે. 12 કરોડ લોકોને આડકતરી-ઈન્ડાયરેક્ટ રોજગારી પૂરી પાડે છે. તેથી જ ઈન્ડસ્ટ્રીઝના લીડર, સફળતાની સીડી પર ઊંચાઈએ પહોંચેલા સાહસિકોને કૉન્ક્લેવમાં બોલાવીને તેમના અનુભવોનું બયાન કરાવીને નવા સાહસિકોને પ્રેરણા મળે તેવી કામગરી કરવાનો આનંદ જ કંઈક ઓર છે. તેમની સફળતા જોઈને અન્યોને પણ તેમની જેમ પ્રગતિના પથ પર આગળ વધવાનું જોમ પૂરું પાડે છે. આ પ્રકારની કૉન્ક્લેવ ઉદ્યોગને ગતિ આપનાર એન્જિનનું કામ કરે છે. તેમની એક વાત નવા સફળ લીડરોને પેદા કરી શકે છે. વર્તમાન સમયના ટેક્સટાઈલ લીડર્સે કૉસ્ટ સેવિંગ માટે કરેલા નવતર આયોજન નવા સાહસિકોને નવી દિશા સુઝાડી શકે છે. તેમના કૉસ્ટ સેવિંગના આયોજનોના વીડિયો બનાવીને અમે દરેક ઉદ્યોગ સાહસિક સુધી તે પહોંચાડવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. આમ તેમના વિચારો અને આયોજનોને અને તેમની સફળતાનાં કારણોની અને તેમની સક્સેસ સ્ટોરીની વાત નવા સાહસિકો સુધી અને વર્તમાન સાહસિકો સુધી પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. તેમના બિઝનેસ એથિક્સ અને બિઝનેસના વિઝનની વાતો મૂકીને તેમને પ્રોત્સાહન આપવાની કામગીર પણ કૉન્ક્લેવના માધ્યમથી થાય છે. આ જ હેતુથી ટેક્સટાઈલ ટાસ્ક ફોર્સ દર વર્ષે ઈન્ડસ્ટ્રિયલ વિઝિટનું પણ આયોજન કરે છે. નવા કે મધ્યમ કૅટૅગરીના સાહસિકને વધુ સફળ બનાવવા માટે પ્રોત્સાહન પણ આપવામાં આવે છે.

ગુજરાત સરકારની કે કેન્દ્ર સરકારની ટેક્સટાઈલ પૉલિસી કે નીતિ તૈયાર થાય છે તેમાં ઉદ્યોગના હિતમાં કોઈ સુઝાવ આપવાનો હોય તો તે કામગીરી પણ ટેક્સટાઈલ ટાસ્કફોર્સ સુપેરે પાર પાડી રહ્યું છે. ટેક્સટાઈલ નીતિ આવ્યા પછી કોઈ સમસ્યા ઊભી થતી હોય તો તેની રજૂઆત કરીને ઉદ્યોગના હિતમાં પરિવર્તન લાવવા માટેની કામગીરી પણ ગુજરાત ચેમ્બરનું ટેક્સટાઈલ ટાસ્કફોર્સ સંપૂર્ણ જવાબદારી સાથે નિભાવી રહ્યું છે. નવા થઈ રહેલા ડેવલપમેન્ટના સંદર્ભમા તાલીમ આપવાનું કામ પણ ટેક્સટાઈલ ટાસ્ક ફોર્સ કરે છે. ટેક્નિકલ ટેક્સટાઈલ માટે પહેલી વાર તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ સાથે જ હાર્ડવર્ક કરતા સ્માર્ટ વર્કનો સમય આવી ગયો છે. અત્યારે નૉલેજ ઈકોનોમીનો સમય ચાલી રહ્યો છે. નવસંસ્કરણ-ઈનોવેશન કરીને આગળ વધવાનો સમય ચાલી રહ્યો છે. નવી આઈડિયાનો સમય છે. આ તમામને બિઝનેસમાં કઈ રીતે અમલમાં મૂકી શકાય અને ભારતીય તથા આંતરરાષ્ટ્રીય બજારમાં વધુ સ્પર્ધાત્મક કેવી રીતે બની શકાય તેનું માર્ગદર્શન મળે તેવા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. હવે માત્ર કૉટન પર કામ કરવાથી ચાલવાનું નથી. મૅનમેડ ફાઈલ અને ટેક્નિકલ ટેક્સટાઈલ સહિતના દરેક સેક્ટર પર નજર રાખીને આગળ વધવાનો સમય આવી ગયો છે. ટેક્સટાઈલ સેક્ટરના લીડર્સ તેમનાં આયોજનો અને સફળતાની વાત કરશે.

**ટેક્સટાઇલ લીડર્સે કોસ્ટ સેવિંગ માટે અને કોસ્ટ સેવિંગનાં કરેલાં નવતર આયોજનોના નવા સાહસિકોને નવી દિશા સુઝાડી શકે તેમ હોવાથી તેમના વીડિયો બનાવીને અમે દરેક ઉદ્યોગ સાહસિક સુધી તે પહોંચાડવાનો કરવામાં આવતો પ્રયાસ**

નવસાહસિકોને પ્રોત્સાહન મળે તે માટે સ્ટાર્ટ-અપ્સને શૉર્ટલિસ્ટ કર્યા છે. 14થી 25 વર્ષની વયના યુવાનો તેનો લાભ લેવા માટે સ્ટાર્ટ-અપને આગળ લાવવાની કામગીરી કરવામાં આવી રહી છે. આ સ્ટાર્ટ-અપ પ્રગતિની ગતિને વેગ આપી શકે છે. અમેરિકામાં સ્ટાર્ટ-અપ્સથી ચાલુ કર્યા પછી રૂ. 8000 કરોડના ટર્ન ઓવર સુધી પહોંચેલા 700 યુનિકૉર્ન છે. ચીનમાં આ પ્રકારના 300 યુનિકૉર્ન છે. ભારતમાં આ પ્રકારના 65 યુનિકૉર્ન છે. પરિણામે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી કહે છે તેમ સ્ટાર્ટ-અપ પર ફોકસ હોવું જરૂરી છે. તેથી ટેક્સટાઈલ કોન્ક્લેવની ત્રીજા ચેપ્ટરમાં ગુજરાતમાંથી ચાર સ્ટાર્ટ-અપ પસંદ કરવામાં આવ્યા છે. સ્ટાર્ટ-અપમાં વિશ્વમાં ગુજરાત નંબર વન પર હોવું જોઈએ તેવા ધ્યેય સાથે આ પહેલ કરવામાં આવી છે. સ્ટાર્ટ-અપને પણ મોટું પ્લૅટફૉર્મ આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ સાથે જ ફૅશન શોની બે સિક્વન્સનો આ કૉન્ક્લેવમાં આરંભ કરવામાં આવી રહ્યો છે. તેમાં પાટણના પટોળા અને પ્રિન્ટ ડિઝાઈનને પ્રમોટ કરવામાં આવી છે.

# બેકવર્ડ-ફોર્વર્ડ ઇન્ટિગ્રેશને કંપનીને નવી ઊંચાઈએ મૂકી : એસ. એન. મોદાણી

- બેકવર્ડ ઇન્ટિગ્રેશનમાં સ્પિનિંગ યુનિટ ચાલુ કરીને કોસ્ટ કટિંગનો આરંભ કર્યો અને ત્યાર બાદ વિસ્તાર અને આધુનિકીકરણનો આરંભ કરીને કંપનીને પ્રગતિના હાઈ-વે પર દોડતી કરી
- ફાર્મથી માંડીને ફેબ્રિક્સ, ફેબ્રિક્સથી ગાર્મેન્ટ, ફેશન અને એક્સપોર્ટ સુધીની સફર કંપનીએ ત્રણ દાયકામાં પૂરી કરીને ટેક્સટાઇલ ઇન્ડસ્ટ્રીમાં પોતાનું સ્થાન બનાવ્યું



રામપાલ સોની દ્વારા 1984માં સ્થાપવામાં આવેલી સંગમ ઇન્ડિયા લિમિટેડની વિકાસયાત્રાનો આરંભ 1993માં પબ્લિક ઈશ્યૂ લાવવામાં આવ્યો ત્યારથી શરૂ થઈ છે. 1989ની સાલમાં સંગમ ઇન્ડિયાના મૅનેજિગ ડિરેક્ટર તરીકે એસ. એન. મોદાણીની નિમણૂકે પણ તેમાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે. 1984માં સંગમ ઇન્ડિયાએ માત્ર 8 વિવિંગ મશીનથી આરંભ કર્યો હતો. આજે તેનું ટર્નઓવર 33 કરોડ અમેરિકા ડૉલરને આંબી ગયું છે. એસ. એન. મોદાણીએ કંપની માટે એક વિઝનરી તરીકે કામ કર્યું છે. કંપનીને વિકાસની નિસરણી પર એક પછી એક ઊંચાં પગથિયાં પર મૂકતા આવ્યા છે. કંપનીનું નેતૃત્વ કઈ રીતે કરવું તેનું એક અજોડ ઉદાહરણ છે એસ. એન. મોદાણી. વિવિંગના કામ કરતી કંપની માટે પહેલા સ્પિનિંગ યુનિટ એટલે કે બૅકવર્ડ ઇન્ટિગ્રેશનથી તેમણ આરંભ કર્યો હતો. તેમના બૅકવર્ડ ઇન્ટિગ્રેશનમાં 17,280 સ્પિન્ડલ નાખીને પીવી ડાઇડ યાર્નનું ઉત્પાદન ચાલુ કર્યું હતું. તેનાથી કંપનીને મોટો વેગ મળ્યો હતો. યાર્ન બનાવવાનો આરંભ થતાં તેમના યાર્નના કૉસ્ટિંગમાં ઘટાડો થયો હતો.

તેના પછીનું પગલું કંપનીએ આધુનિકીકરણ અને વિસ્તરણ પર ફોકસ કર્યું. તેની ઉત્પાદન ક્ષમતામાં વધારો કરવા પર ફોકસ કર્યું હતું. વિવિંગ મશીનની સ્પિન્ડલ્સની સંખ્યા વધારી દીધી. વિવિંગ મશીન વધાર્યા પછી 10 મેગાવૉટનો કૅપ્ટિવ પાવર પ્લાન્ટ નાખીને કૉસ્ટ કટિંગ વધારે સંગીન બનાવ્યું. 1998, 2000 અને 2007માં કૅપ્ટિવ પાવર પ્લાન્ટની ક્ષમતા વધારી. વીજળીનો ખર્ચ ખાસ્સો નીચે લાવી દીધો.

ત્યાર બાદ દુનિયાભરમાં મોટું બજાર ધરાવતા ડેનિમના ઉત્પાદન પર ફોકસ કર્યું. આમ માર્કેટમાં દેખાતી નવી તક ઝડપી લીધી. ભીલવાડામાં તેમણે ડેનિમના ઉત્પાદનનો એકમ નાખ્યો. આમ તેના પ્રોડક્ટ પૉર્ટફોલિયોમાં નવા પ્રોડક્ટનો ઉમેરો કરીને બિઝનેસનું ફલક વિસ્તારવામાં આયોજન કર્યું. પરિણામે કંપનીની આવક અને નફામાં વધારો દેખાવા માંડ્યો. 2009થી તેની અસર જોવા મળી. તેની સાથે જ સ્પિનિંગ, વિવિંગ અને નીટિંગની ક્ષમતામાં વધારો કરવામાં આવ્યો હતો. તેની સાથે જ વીજળીનો ખર્ચ ઊંચો ન જાય તે માટે કંપનીએ કોલસાથી વીજળી પેદા કરતા બે વધુ એકમો ચાલુ કર્યા હતા.

એસ. એન. મોદાણીના માર્ગદર્શન હેઠળ સંગમ (ઇન્ડિયા) લિમિટેડે નવસંસ્કરણનો પ્રોજેક્ટ પણ ચાલુ કર્યો હતો. તેણે સીમલેસ ગાર્મેન્ટ પ્રોજેક્ટનો 2015માં આરંભ કર્યો હતો. સીમલેસ ગાર્મેન્ટ ટેક્નોલૉજીમાં નિટિંગ મશીન, સ્પેશિયલ નિટિંગ ટેક્નિકના ઉપયોગ કરવામાં આવે છે. તેમાંથી સીધા ગાર્મેન્ટ તૈયાર થાય છે. તેમાં આંશિક રીતે જ કામદારોનું ઇન્ટરફિયરન્સ જોવા મળે છે. તેનાથી ગાર્મેન્ટ બનાવતા પૂર્વેની કટિંગ અને સિલાઈની કામગીરી કરવાની પ્રક્રિયાની બાદબાકી થઈ જાય છે. તેમાં એડહેસિવ ગ્લુનો પણ સમાવેશ થાય છે. સીમલેસ ગાર્મેન્ટનો ઉપયોગ સ્વિમવેર, અન્ડરવેર, સ્લિપવેર અને લેઝરવેર સહિતના અલગ અલગ ગાર્મેન્ટમાં થાય છે. આમ યાર્નથી ફેબ્રિક્સ અને ફેબ્રિક્સથી ગાર્મેન્ટ સુધીની સફર પૂરી કરી હતી. ત્યાર બાદ 2021થી 2024ના ગાળામાં તેમણે અલગ અલગ બિઝનેસ વર્ટિકલ્સ ઊભા કરીને તેમના બિઝનેસને વધુ સંગીન ફલક પર લઈ ગયા હતા. તેને માટે રૂ. 663.66 કરોડનું નવું રોકાણ પણ કર્યું હતું. આ રોકાણ કરીને અલગ અલગ બિઝનેસ વર્ટિકલ શરૂ કરી દીધા છે. આ રીતે વિસ્તરણ કરીને ક્ષમતામાં વધારો કરીને કંપનીએ ટેક્સટાઇલ ઇન્ડસ્ટ્રીમાં મોટા ગજાની કંપની તરીકેનું સ્થાન અંકે કરી લીધું છે.

આજે સંગમ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડની ક્ષમતા બહુ જ મોટી છે. આજે કંપની પાસે 3,08,064 સ્પિન્ડલ્સ છે. 2664 રોટર્સ છે. ત્રણ ટેક્સ્ચરાઈઝિંગ મશીન છે. 26 નિટિંગ મશીન છે. ડેનિમ ફેબ્રિક્સની પાંચ પ્રોસેસિંગ લાઇન ચાલુ છે. 524 વિવિંગ મશીન ચાલુ છે. તેની સાથેસાથે જ 114 સીમલેસ ગાર્મેન્ટ નિટિંગ મશીન પણ ચાલુ જ છે. આમ વ્યૂહાત્મક રોકાણો કરીને અને બેસ્ટ ક્વૉલિટીના પ્રોડક્ટ્સ તૈયાર કરવાની ભાવનાને વરેલા હોવાથી ટેક્સટાઇલ સેક્ટરની મોટા ગજાની કંપની તરીકેનું સ્થાન અંકે કરી લીધું છે. આગામી મહિનાઓમાં અને વરસોમાં સફળતાનાં નવાં શિખરો સર કરે તેવી સંભાવનાઓ રહેલી છે.

# ડી ડેકોર પ્રા. લિ. : હોમ ફર્નિશિંગ ઇન્ડસ્ટ્રીઝને હચમચાવી દીધી




ડી ડેકોરે દેશની હોમ ફર્નિશિંગ ઇન્ડસ્ટ્રીઝને હચમચાવી દીધી છે. અજય અરોરાના માર્ગદર્શન અને નેતૃત્વ હેઠળ વિકસેલી કંપની ડી ડેકોર હોમ ફેબ્રિક્સ પ્રાઈવેટ લિમિટેડ હોમ ફર્નિશિંગ ઇન્ડસ્ટ્રીઝને એક નવી ઊંચાઈએ લઈ ગઈ છે. ઇન્નોવેટિવ લીડરશિપ તેની ખાસિયત છે. સ્ટ્રેટજિક ફોરસાઇટ-વ્યૂહાત્મક દૂરંદેશીથી તેમણે આ સફળતા હાંસલ કરી છે.

ડી ડેકોર પ્રાઈવેટ લિમિટેડની સ્થાપના 1999માં કરવામાં આવી હતી. વુવન અપહોલેસ્ટ્રીના સેક્ટરની એક ટોચની કંપની તરીકેનું સ્થાન અજય અરોરાએ અપાવ્યું છે. પડદાઓ બનાવવાના ક્ષેત્રમાં પણ તેણે ખાસ્સી મજલ કાપી છે. આજે વિશ્વના 65 દેશોમાં તેમના પ્રોડક્ટ્સની નિકાસ થઈ રહી છે. અજય અરોરાના નેતૃત્વ હેઠળ ડી ડેકોર પ્રાઈવેટ લિમિટેડ 1998માં 50 મિલિયન ડૉલરનું ટર્નઓવર ધરાવતી હતી. આજે 2024માં તેમની કંપની 350 મિલિયન ડૉલરનું ટર્નઓવર ધરાવતી કંપની બની ગઈ છે.

આમ તો ડી ડેકોરની હોમ ડેકોરના ક્ષેત્રની સફર 1991માં ચાલુ થઈ છે. તેમનો આ ફૅમિલી બિઝનેસ હતો. અજય અરોરાએ મુંબઈના માટુંગામાં આવેલી વીજેટીઆઈમાં જ અભ્યાસ કરીને તેમની કુશળતામાં વૃદ્ધિ કરી હતી. ત્યાર બાદ અજય અરોરાએ હાવર્ડ બિઝનેસ સ્કૂલમાં મૅનેજમેન્ટનો અભ્યાસ કર્યો હતો. તેની મદદથી ડી ડેકોરને પ્રગતિના નવા પથ પર લઈ જવામાં સફળતા મેળવી હતી. બિઝનેસ માટેની ડી ડેકારની નીતિને પરિણામે સ્ટેક હોલ્ડર તેની સાથે વધુ ઘનિષ્ટ સંબંધ બંધાયા હતા. તેની સાથે જ કંપનીએ સતત વિસ્તરણ કરવાનું ચાલુ રાખ્યું હતું. કસ્ટમર્સ સાથેની તેમની નિકટતા અને જોડાણને કારણે કંપનીને નાણાકીય લાભ થતો રહ્યો છે.

કંપનીએ મોટા ડિસ્ટ્રિબ્યુટર્સને હસ્તગત કરી લઈને તેમજ સબસ્ક્રિપ્શન આધારિત સૅમ્પલ બુક સબસ્ક્રિપ્શન સિસ્ટમ દાખલ કરીને ડી ડેકોટે રિટેલ શૉપ્સમાં ઇન્વેન્ટરી જમા કરાવીને બિઝનેસ સામેનું જોખમ ઓછું કરી દીધું હતું. આ રીતે ડી ડેકોર પ્રાઈવેટ લિમિટેડે બજારમાં મોટી ક્રાન્તિ લાવી દીધી હતી, તેમજ રોબોટિક વેરહાઉસ તૈયાર કર્યા. આ રીતે તેના કામકાજનું ફલક વિસ્તારી દીધુ. આમ ઑર્ડર પ્રોસેસિંગની પ્રક્રિયાને ડી ડેકોરે વધુ ચોકસાઈ પૂર્ણ બનાવી દીધી હતી. કંપનીએ ફ્લેમ રિટાર્ડન્ટ, એન્ટિવાયરલ અને ઍર પ્યુરિફાય ફેબ્રિક્સ પણ આપ્યાં. આ રીતે કંપની તેના પ્રોડક્ટ્સ પૉર્ટફોલિયોમાં વિવિધતા લાવી હતી. આમ જુદા જુદા કસ્ટમર્સની જરૂરિયાતો સંતોષવાનું કાર્ય પાર પાડ્યું. પડદા, બેડશીટ્સ, બેડિંગ, અપહોલેસ્ટ્રી, વૉલ પેપર સહિતના સંખ્યાબંધ પ્રોડક્ટ્સ તેણે માર્કેટમાં ઇન્ટ્રોડ્યૂસ કર્યાં છે.



**સબસ્ક્રિપ્શન આધારિત સેમ્પલ બુક સબસ્ક્રિપ્શન સિસ્ટમ દાખલ કરીને ડી ડેકોટે રિટેલ શોપ્સમાં ઇન્વેન્ટરી જમા કરાવીને બિઝનેસ સામેનું જોખમ ઓછું કરી દીધું**

ડી ડેકોરે હાઈ પર્ફોર્મન્સ ફેબ્રિક્સના સેક્ટરમાં પણ પ્રવેશ કર્યો જ છે. 2023માં તેના હાઈ પર્ફોર્મન્સ ફેબ્રિક્સના પ્રોડક્ટ્સને બજારમાં લૉન્ચ કર્યાં હતાં. આ રીતે ભારતના કસ્ટમર્સની બદલાઈ રહેલી પસંદગીને અનુકૂળ રહીને જોઈતાં પ્રોડક્ટ્સ તેમણે માર્કેટમાં મૂક્યાં હતાં.

અજય અરોરાના નેતૃત્વને કારણે કંપનીએ સાધેલી પ્રગતિને કારણે કંપનીની ઘણી સરાહના થઈ છે. ઇકોનોમિક ટાઇમ્સ ઇન્સ્પાયરિંગ સીઈઓ-ચીફ એક્ઝિક્યુટિવ ઑફિસર ઍવૉર્ડ પણ તેમને મળ્યો છે. આ જ રીતે ડી ડેકોરની સફળતા અને સિદ્ધિ માટે અને એક્સપૉર્ટમાં અસાધારણ સફળતા મેળવવા બદલ અને તેની કદર રૂપે એસઆરટીઈપીસી ઍવૉર્ડ પણ આપવામાં આવ્યો છે. ડી ડેકોરે આપેલી બ્રાન્ડ ભારતને ગૌરવ અપાવે તેવી બ્રાન્ડ છે. આ ઉદ્યોગમાં તેના વર્ચસ્વની પણ પ્રતીતિ કરાવે છે.

# ખોસલા પ્રૉફિટ પ્રાઇવેટ લિમિટેડની ફિલ્ટરેશન ફેબ્રિક્સમાં અજોડ સફળતા



ખોસલા પ્રૉફિટ પ્રાઈવેટ લિમિટેડના ચૅરમૅન અને મૅનેજિંગ ડિરેક્ટર પ્રમોદ ખોસલાના નેતૃત્વ હેઠળ નવસંસ્કરણ અને અદ્ભુત વિકાસના મોરચે અદ્વિતીય પ્રગતિ સાધી છે. ફિલ્ટરેશન ફેબ્રિક્સ અને ટેક્નિકલ ટેક્સટાઈલના સેક્ટરમાં કંપનીએ મોટી નામના મેળવી છે. કંપની પાસે આજે સીમલેસ ઈન્ટિગ્રેટેડ સ્ટેટ ઑફ આર્ટ ટેક્નોલૉજી છે. આ કંપની આગમી દિવસોમાં આ ક્ષેત્રની મોટામાં મોટી કંપની તરીકેનું સ્થાન અંકે કરી લે તેવી તમામ સંભાવનાઓ દેખાઈ રહી છે. વૈશ્વિક સ્તરે નામના મેળવે તેવી કંપની છે. કંપની વૈશ્વિક સ્તરે અન્ય કોઈ કંપની ન આપી શકે તેવી ગુણવત્તાવાળી ટેક્સટાઈલ તૈયાર કરે છે. ગુણવત્તા અને વિશ્વસનીયતાની બાબતમાં તેનો જોટો જડવો મુશ્કેલ છે.

ખોસલા પ્રૉફિટ પ્રાઈવેટ લિમિટેડની સ્થાપના 1979ની સાલમાં થઈ હતી. પોલિપ્રોપોલિન ફાઈબર અને ફિલ્ટરેશન ફેબ્રિકસના સેકટરમાં પાયોનિયર કંપની તરીકે તેણે કાઠું કાઢ્યું છે. પ્રમોદ ખોસલાના માર્ગદર્શન હેઠળ કંપનીએ આ સફળતા હાંસલ કરી છે. સ્થાનિક બજારમાં મોટું પરિવર્તન લાવી દેવાની નેમ સાથે 1979માં તેમણે આ સાહસનો આરંભ કર્યો હતો. 1977માં તેમણે કંપનીમાં મૅનેજિંગ ટ્રેઈની તરીકે કામ ચાલુ કર્યું હતું. પ્રમોદ ખોસલાએ ચોકસાઈપૂર્વક કંપનીની કુશળતામાં વધારો કર્યો હતો. આ સાથે જ તેમણે ખોસલા પ્રૉફિટ પ્રાઈવેટ લિમિટેડના દીર્ઘકાલીન વિકાસનો પાયો નાખવાની શરૂઆત કરી હતી.

કંપનીનો આરંભ કરવામાં આવ્યો તે જ દિવસથી પ્રમોદ ખોસલાએ નવાં પ્રોડક્ટ્સ જ માર્કેટમાં આપવાની બાબત પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. નવું કરવાની તમન્ના સાથે જ કંપનીને આગળ લઈ જવાનો તેમણે નિર્ધાર કર્યો હતો. આજે ફિલ્ટર ફેબ્રિક્સ અને ટેક્નિકલ ટેક્સટાઈલના મૅન્યુફેક્ચરિંગના સેક્ટરની એક અગ્રણી કંપની તરીકેનું સ્થાન તે ધરાવે છે. તેને માટે તેમણે ગેન્યુઅલ્સમાંથી ફાઈબર, યાર્ન, વિવિંગ અને ફિનિશિંગનાં કામ ચાલુ કરી દીધાં. તેમણે દરેક કામ શ્રેષ્ઠ કરવું તેવો પણ નિર્ધાર કર્યો હતો. તેમના આ નિર્ધારના સારાં પરિણામો તેમને મળવા માંડ્યાં છે. તેને માટે અત્યાધુનિક ટેક્નોલૉજી પણ તેમણે અપનાવી લીધી. યુરોપના મૅન્યુફેક્ચરર્સ પાસેથે તેમણે ટેક્નોલૉજી મેળવીને વૈશ્વિક બજારમાં હરીફાઈ કરી શકે તેવા પ્રોડક્ટ્સ તૈયાર કરીને તેની નિકાસ કરવા માંડી. વૈશ્વિક સ્તરનાં ઉત્પાદનોની ગુણવત્તાથી પણ વધુ સારી ગુણવત્તાના પ્રોડક્ટ્સ તેમણે માર્કેટમાં મૂકવા માંડ્યા હતા.

આજે ખોસલા પ્રૉફિટ પ્રાઈવેટ લિમિટેડ વિશ્વના 60 દેશોમાં તેનાં પ્રોડક્ટ્સની નિકાસ કરે છે. આ જ બતાવે છે કે દેશમાં જ નહિ, વિદેશના વપરાશકારોનો વિશ્વાસ જીતી લેવામાં તેમનાં પ્રોડક્ટ્સ સફળ થયાં છે. ફિલ્ટરેશન માટેનાં ઉપકરણો બનાવવાના ક્ષેત્રની અગ્રણી કંપની અને ઓરિજિનલ ઈક્વિપમેન્ટ મૅન્યુફેક્ચરર્સ ખોસલા પ્રૉફિટ પ્રાઈવેટ લિમિટેડનાં પ્રોડક્ટ્સ લેવાનું જ પસંદ કરે છે. તેમનાં પ્રોડક્ટ્સ ખરીદનારાઓને વૉરંટીનો અને ગૅરન્ટીનો લાભ પણ મળે છે. તેથી તેનાં પ્રોડક્ટ્સની ક્વૉલિટી અને વિશ્વસનીયતાની ગૅરન્ટી પણ મળી જતી હતી.

પ્રમોદ ખોસલાનાં પ્રોડક્ટ્સના પ્રભાવને કારણે જુદી જુદી કંપનીઓએ તેમની સાથે સહયોગ સાધવાનું ચાલુ કરી દીધું. કંપની દ્વારા પૉઝિટિવ પરિવર્તન લાવવાની ભાવનાને ટેક્નિકલ ટેક્સટાઈલના સેક્ટરની અન્ય સંસ્થાઓ કંપની સાથે કામ કરવાનું વધુ ને વધુ પસંદ કરવા માંડ્યું. આમ તેના સહકાર અને સહયોગનું ફલક વિસ્તરતું ગયું હતું. પરિણામે દેશ અને દુનિયામાં ખોસલા પ્રૉફિટ પ્રાઈવેટ લિમિટેડની સરાહના થઈ. તેના પર પ્રશંસાનાં પુષ્પો વેરાયાં તેમજ લાઈફ ટાઈમ અચીવમેન્ટ ઍવૉર્ડ પણ એનાયત કરવામાં આવ્યા. તેની અભૂતપૂર્વ સેવાની કદર પણ થઈ. ટેક્નિકલ ટેક્સટાઈલના સેક્ટરમાં લીડરશિપ કંપનીનું એક જીવંત પ્રતીક બની ગઈ. તેને મળેલા દરેક ઍવૉર્ડ અને તેની થતી દરેક સરાહના અને પ્રશંસા તેના અવિરત પ્રયત્નો અને બેસ્ટ ક્વૉલિટી પ્રોડક્ટ્સ આપવાના તેમના અથાગ પ્રયત્નોની ચાડી ખાય છે.

**વૈશ્વિક સ્તરે નામના મેળવનાર ખોસલા પ્રૉફિટ પ્રાઇવેટ લિમિટેડ વૈશ્વિક સ્તરે કોઈ કંપની ન આપી શકે તેવી ગુણવત્તાવાળી ટેક્સટાઇલ તૈયાર કરે છે. ગુણવત્તા અને વિશ્વસનીયતાની બાબતમાં તેનો જોટો જડવો મુશ્કેલ છે.**

## તમને અનિયમિત હાર્ટબિટની તકલીફ છે, ચિંતા ન કરો,

# સ્ટાર્ટ-અપે ડેવલપ કરેલું નવું ગંજી તમારા હૃદયના ધબકારા મૉનિટર કરશે



**ટેક્સટાઇલ સાથે વણી લેવામાં આવેલા ડ્રાય ઇલેક્ટ્રોડ્સની મદદથી હૃદયના ધબકારાની માહિતી એકત્રિત કરીને સતત તે સ્માર્ટફોનમાં મોકલવાનું કામ કરે છે**



તમારા હૃદયના ધબકારા નિયમિત નથી? તમે સતત ટેન્શનમાં રહો છો? કારણ કે કેટલીક વાર હૃદય જરૂર કરતાં વધુ ફાસ્ટ ધબકે છે અને કેટલીક વાર હૃદય જરૂર કરતાં ઓછું ધબકે છે. ચિંતા ન કરશો. તબીબી વિશ્વમાં અર્હિથમિયા કે પછી આર્ટિઅલ ફાઈબ્રિલેશન તરીકે ઓળખાતી એને કારણે પક્ષાઘાતનો હુમલો, હૃદયરોગનો હુમલો આવવાની શક્યતા રહેલી છે. અનિયમિત હાર્ટબીટ ધરાવતા દરદીઓને પક્ષાઘાતનો હુમલો આવવાની શક્યતા 500 ટકા વધારે હોય છે. આ બીમારીમાં અનિયમિત ધબકતા તમારા હૃદયના ધબકારાને 24 કલાક અને 365 દિવસ



**પ્રદીપ વર્મા**
**સીમલેસ ટેક પ્રાઈવેટ લિમિટેડના પ્રમોટર**

મૉનિટર કરી આપે તેવી સિસ્ટમ અમદાવાદ સ્થિત સ્ટાર્ટ-અપ સીમલેસ ટેક પ્રાઈવેટ લિમિટેડના પ્રમોટર પ્રદીપ વર્મા અને રચિત મોદીએ તૈયાર કરી આપી છે. હા, કારણ કે અર્હિથમિયા એટલે કે હૃદયના અનિયમિત ધબકારાની સમસ્યા ગમે ત્યારે જીવલેણ બની શકે છે. ભારતની દર 100 વ્યક્તિએ 1.5થી 5.3 ટકા વ્યક્તિને અર્હિથમિયા કે પછી આર્ટિઅલ ફાઈબ્રિલેશન એટલે કે અનિયમિત ધબકારાની તકલીફ હોવાનું જોવા મળે છે.

તેથી જ ભારતમાં તેનું બજાર 54 લાખ અમેરિકી ડૉલરનું હોવાનો અંદાજ મૂકવામાં આવી રહ્યો છે.

આર્ટિઅલ ફાઈબ્રિલેશનના 30 ટકા કેસોમાં તો કોઈ જ ચિહ્નો પણ જોવા મળતાં નથી. પ્રદીપ વર્મા અને રચિત મોદી કહે છે, 'ઇલેક્ટ્રોકાર્ડિયોગ્રામથી પણ મર્યાદિત મૉનિટરિંગ થતું હોવાથી અર્હિથમિયાનું ડિટેક્શન થવાના કેસ ઓછા છે. 75 ટકા દરદીઓ તેનું ચેકિંગ પણ કરાવતા નથી. અર્હિથમિયાનું ચેકિંગ કરી આપનારા તાલીમ પામેલી મહિલા ટેક્નિશિયનનો પણ અભાવ તેને માટે જવાબદાર છે. અત્યારની ઈસીજીની સિસ્ટમ ગૂંચવાડા ભરી હોવાથી તેનો વપરાશ કરનારાઓને પણ પર્ફેક્ટ રિઝલ્ટ્સ મળતાં નથી. આ બીમારીની ચકાસણી કરવા માટેની માળખાકીય સુવિધા પણ મર્યાદિત હોવાથી તેના કેસો ડિટેક્ટ થતા નથી. હૃદયના ધબકારાનું નિયમિત મૉનિટરિંગ કરવામાં આવે તો હૃદયમાં ક્યાં અનિયમિતતા છે તેનો વહેલો અંદાજ આવી શકે છે. આ કામ નવી સિસ્ટમ કરી શકે છે. તેમાંના ઇલેક્ટ્રોડ્સ તેની વ્યવસ્થિત



**રચિત મોદી**
**સીમલેસ ટેક પ્રાઈવેટ લિમિટેડના પ્રમોટર**

જગ્યા પકડી લે છે. મૉનિટરિંગ ચાલુ કરી દે છે. મહિલા વપરાશકારોને પ્રાઇવસી ન જળવાવાની સમસ્યા નડતી નથી. રોજિંદા જીવનના તાલમેલ સાથે તાલમેલ મિલાવી લે છે. તેમાંના ઇલેક્ટ્રોડ્સ નવેસરથી ઉપયોગમાં લઈ શકાય છે. તેનો ઉપયોગ કરવા ઇચ્છતા પુરુષોએ છાતી પરના વાળ પણ દૂર કરવા પડતા નથી.'

અનિયમિત હાર્ટબીટના આ દરદીઓના હૃદયનું સતત મૉનિટરિંગ કરવું જરૂરી બને છે. અમદાવાદના સંશોધક પ્રદીપ વર્મા અને રચિત મોદીએ આ માટે પુરુષો પહેરી શકે તેવું આ ખાસ ગંજી વિકસાવ્યું છે. મહિલાઓ માટે પણ આ પ્રકારની ડિવાઇઝ ડેવલપ કરવામાં આવી રહી છે. ડિવાઇઝ ડેવલપ કરનાર અમદાવાદ સ્થિત પ્રદીપ વર્મા કહે છે, 'હૃદયના અનિયમિત ધબકારાને મૉનિટર કરવા માટે અત્યારે કેટલીક ડિવાઇઝ મોજૂદ છે. બાવળા પર એક પેચની જેમ તેને ચોંટાડી દેવામાં આવે છે. તેનાથી હૃદયના ધબકારાનું મૉનિટરિંગ થાય જ છે. પરંતુ તેને સતત લગાવી રાખવાથી ખંજવાળ આવે છે. તે પેચમાં મૂકેલા ઇલેક્ટ્રોડ્સ ખસી જવાને કારણે મૉનિટરિંગમાં તકલીફ આવી શકે છે. તેમાં ત્રુટક ત્રુટક ડેટા રેકૉર્ડિંગ થવાની સમસ્યા ઊભી થાય છે.'

તેની સામે ચામડી સાથે સતત જોડાયેલા રહેતા ગંજીથી તેનું મૉનિટરિંગ પાંચ ગણા વધારે પર્ફેક્શન સાથે હાર્ટબિટ મૉનિટર કરી શકતા ગંજી ડેવલપ કરી શકાય છે. મહિલાઓ માટેના સ્કિન ટાઇટ વેસ્ટ ડેવલપ કરવામાં આવી રહ્યા છે. આમ પુરુષ અને સ્ત્રી બંનેની જરૂરિયાત પૂરી કરે તેવી આ ડિવાઇઝ છે. આ ડિવાઇઝને સ્કિન ટાઇટ ગાર્મેન્ટ કે બૉડી હગિંગ ગાર્મેન્ટ તરીકે પણ ઓળખાવવામાં આવે છે. આ ડિવાઇઝ તૈયાર કરનાર સ્ટાર્ટ-અપ સીમલેસ ટેક્સટેક પ્રાઇવેટ લિમિટેડના પ્રમોટર પ્રદીપ વર્મા કહે છે, 'ટેક્સટાઇલ એટલે કે દોરા સાથે જોડાયેલા ડ્રાય ઇલેક્ટ્રોડ્સ તેમાં સમાવેલા હોય છે. તેની સાથે એક હાર્ડવેર જોડી દેવામાં આવે છે. મેટલ સ્નેપ, ફિલ્ટર, એક્વાયર્સ અને સ્ટોર્સ જેવા ઉપકરણોના માધ્યમથી તેને હાર્ડવેર સાથે જોડવામાં આવે છે. તેનાથી હૃદયના અનિયમિત ધબકારા હોય તો તેને પકડી શકાય છે. આ રીતે મેળવેલા ડેટાને તેની સાથે જોડેલા સ્માર્ટ ફોનમાં મોકલી આપી શકે છે. આ ડિવાઇઝમાં બીએલઈ કૉમ્યુનિકેશન કૅપેબિલિટી છે. બીએલઈ એટલે કે બ્લૂ ટૂથ લૉ એનર્જીથી વાયર વિના જ સ્માર્ટ ફોનમાં ડિવાઇઝમાં એકત્રિત થયેલી હૃદયના ધબકારા અંગેની માહિતી મોકલી આપી શકે છે. તેથી જ આ નવા ગંજીનું હૃદય નામ આપવામાં આવ્યું છે. તમે પહેરેલું હૃદય તમારા છાતીની અંદરના હૃદયની ગતિવિધિને અન્ય ડિવાઇઝ કરતાં પાંચ ગણા વધુ પર્ફેક્શનથી માપી આપશે.'

સ્માર્ટ ગંજીની ખાસિયતની વાત કરતાં પ્રદીપ વર્મા કહે છે, 'હાર્ટ સંખ્યાબંધ મસલ્સથી ચાલે છે. તેના અલગ અલગ નામ હોય છે. હાર્ટ આખા શરીર પર બ્લડનું પમ્પિંગ કરે છે. તે માટે દરેક મસલ્સને ચોક્કસ સિગ્નલ મોકલવામાં આવે છે. આ સિગ્નલ પ્રમાણે દરેક મસલ્સ પ્રેશર ક્રિયેટ કરે છે. આ દરેક મસલ્સની કામગીરીની ચોકસાઈપૂર્ણ નોંધ આ ગંજી કરી શકે છે. હાર્ટના કામ માટે ઇલેક્ટ્રિક સિગ્નલ એટલે કે વેક્ટર પાસ થતાં જોવા મળે છે. ઇલેક્ટ્રોકાર્ડિયોગ્રામ-ઈસીજી લેવા માટે ડૉક્ટર હાથના કાંડા પર યંત્ર નથી મૂકતા. પરંતુ છાતીના અલગ અલગ મસલ્સ પર મૂકે છે. આ રીતે હાર્ટના દરેક મસલ્સ તરફથી આવતા સિગ્નલનો અંદાજ મેળવવાનો તે પ્રયાસ કરે છે. આ આધુનિક ગંજી આ દરેક મસલ્સ અને તેમાંથી છૂટતા ઇલેક્ટ્રિક સિગ્નલને ચોકસાઈપૂર્વક મૉનિટર કરી શકે છે. ગંજીમાં લાગેલા ઇલેક્ટ્રોડ્સ



## આગ સામે રક્ષણ કરતું ઓછા વજનવાળું અને પહેરવામાં બોજ ન લાગે તેવું કપડું પણ ડેવલપ કર્યું: ટોરન્ટ પાવર અને ઑઇલ ઍન્ડ નૅચરલ ગૅસ કૉર્પોરેશન જેવી કંપનીઓના કર્મચારીઓ માટે ઉપયોગી શોધ





દરેક કરન્ટના ડાયરેક્શનને પકડી શકે છે. તેથી હાર્ટને સિગ્નલ પહોંચવામાં ડાબી તરફ કે જમણી તરફ તકલીફ છે તેનો ખ્યાલ આ ગંજી પહેરીને મેળવી શકાય છે.' ઘણા સ્માર્ટ વૉચ પહેરીને તેનાથી મળતા હાર્ટના પર્ફોર્મન્સની વાત કરે છે. વાસ્તવમાં તેનાથી મળતું હાર્ટનું પર્ફોર્મન્સ અને આ ગંજી પહેરવાથી મળતું હાર્ટનું પર્ફોર્મન્સ અલગ જ લેવલનું હોય છે. ડૉક્ટર હાર્ટના પર્ફોર્મન્સને ચકાસવા માટે બાર તરફથી સિગ્નલ મેળવવાનો પ્રયાસ કરે છે. આ બાર સિગ્નલ જોઈને પછી તે તારણ કાઢે છે કે કઈ તરફ તકલીફ છે. ગંજી પહેરનારનો સાત દિવસનો ડેટા ગંજી મારફતે સ્માર્ટ ફોનમાં પહોંચી જાય છે. આ ડેટા સર્વર પર પણ રોજ અપલોડ થઈ શકે છે. આ ડેટાને એક્સપર્ટ એનાલાઇઝ કરી શકશે. તેમજ દિવસ દરમિયાન કોઈ પ્રવૃત્તિ કરતી વખતે હાર્ટબિટમાં ફેર આવ્યો હોય તો તે ડેટાને એનાલિસિસ માટે ગણતરીમાં ન લેવાની સૂચના પણ આ ડેટા મારફતે મળી જાય છે. કોઈ દોડતું હોય કે વજન ઉપાડવાની કોશિશ કરે ત્યારે હાર્ટ બિટમાં તફાવત આવે તેને ગણતરીમાં ન લેવાની સૂચના ગંજી તરીકે ઓળખાતી ડિવાઇઝ આપી જ દે છે. વ્યક્તિ ગંજી પહેરીને સૂઈ જાય કે ઑફિસમાં બેસીને કામ કરતી હોય કે બેઠાં બેઠાં ટીવી જોતી હોય તેવા સંજોગોમાં હાર્ટની ગતિને પર્ફેક્ટ મૉનિટર કરી શકે છે. આ સિવાયના સમયના ડેટાને ધ્યાનમાં ન લેવા જણાવે છે. હૃદયની અનિયમિતતા દૂર કરવા માટે સર્જરી કરાવ્યા પછી પણ હૃદયના ધબકવાની પ્રક્રિયા નૉર્મલ થઈ છે કે નહિ તેનો અંદાજ આ ગંજી અને તેમાં જોડેલા ઇલેક્ટ્રોડ્સ સાથેની સિસ્ટમ આપી શકે છે. હૃદયરોગના દરદીઓના હૃદયની ગતિ તેનાથી મૉનિટર કરી શકાશે. સાઈનસ સિન્ડ્રોમ ધરાવતા અને હૃદયની ગતિની અનિયમિતતાનો અંદાજ જ ન ધરાવતા દરદીઓને માટે પણ આ સિસ્ટમ ઉપયોગી સાબિત થઈ શકે છે. સ્ટાર્ટ-અપ માટે આઈ-હબ અમદાવાદ તરફથી આપવામાં આવતો રૂ. 10 લાખનો ચેક પણ મળ્યો જ છે. સ્ટુડન્ટ સ્ટાર્ટ-અપ એન્ડ ઇનોવેશન પૉલિસી હેઠળ તેમને રૂ. 22 લાખ મળી ચૂક્યા છે. નિધિ પ્રયાસ તરફથી તેમને રૂ. 8 લાખની ગ્રાન્ટ મળવાની પ્રક્રિયા પણ ચાલુ જ છે.

ગુજરાત ચેમ્બર ઑફ કૉમર્સ ઍન્ડ ઇન્ડસ્ટ્રીઝે શૉર્ટ લિસ્ટ કરેલા આ સ્ટાર્ટ-અપે ડેવલપ કરેલું અહિથમિયાના દર્દીઓ માટેનું આ ગંજી અનેક ડિવાઇઝનો વિકલ્પ બની શકશે. સ્ટાર્ટ-અપ હવે નવાં પ્રોડક્ટ્સ ડેવલપ કરીને માર્કેટમાં મૂકવાની કામગીરી કરશે. તેના અત્યારના પ્રોડક્ટ્સનું નવસંસ્કરણ એટલે કે નવો ઓપ આપીને માર્કેટમાં મૂકશે. જોકે અત્યારે તો તેના પ્રોટોટાઇપ એટલે કે પ્રતિકૃતિ જ ડેવલપ કરવામાં આવી છે. તેનું પ્રોડક્શન હવે પછી ચાલુ કરવાનું આયોજન હોવાનું પ્રદીપ વર્માનું કહેવું છે.



# આગ સામે રક્ષણ આપતાં કપડાં બનાવ્યાં

ઓએનજીસીની જેમ ઑઇલ ઍન્ડ ગૅસ ઇન્ડસ્ટ્રીમાં કામ કરનારાઓને આગ સામે રક્ષણ મળે તે માટે કપડાં પહેરાવવામાં આવે છે. ફાયર હેઝાર્ડથી બચવા માટે ખાસ પ્રકારનાં કપડાં પહેરે છે. તેવી જ રીતે પાવર કંપનીમાં હાઈ પાવર સ્વિચ ચાલુ કરે ત્યારે સ્પાર્ક થાય છે. તેનાથી દાઝી જવાનો ખતરો રહેલો હોય છે. આગથી બચવા માટે આર્ક પ્રોટેક્શન ક્લોધિંગ ડેવલપ કર્યું છે. આ કપડું બહુ જ વજનદાર હોય છે. આ કપડું પહેરીના કામ કરવું બહુ જ અઘરું હોય છે. તેમાં ગરમી વધુ લાગે છે. પસીનો વધુ થાય છે. તેથી તે વ્યક્તિને કમ્ફર્ટ ઓછી મળે છે. આ સ્થિતિમાં તેમને રાહત આપવા માટે તેનાથી ઓછા વજનવાળાં અને આગની સામે તેટલી જ સલામતી પૂરી પાડતાં કપડાં તૈયાર કર્યાં છે. આમ વજનદાર કપડાંની તુલનાએ 30 ટકા ઓછું વજન થઈ જાય છે. કપડાંમાંથી હવા પાસ થવાની ક્ષમતા 300 ગણી વધી જાય છે. તેથી તેમાં ગરમી ઓછી પડે છે. આમ આ કપડું ગરમીથી બચાવે છે. તેમજ આગ સામે રક્ષણ પણ આપે છે.

પ્રદીપ વર્માના સાથી રચિત મોદીએ આગ સામે રક્ષણ આપતાં વસ્ત્રો-આર્ક પ્રોટેક્શન ડેવપલ કર્યાં છે. આ કપડાં ગરમી અને આગ સામે રક્ષણ આપે છે. ફ્લેમ રેડિયન્ટમાંથી આ કપડાં માટેનું કાપડ બનાવવામાં આવે છે. આ કપડાં બનાવ્યા પછી આગ અને ગરમી સામે તે કેટલું રક્ષણ આપે છે તેની બરાબર ચકાસણી કરવામાં આવે છે. અત્યારે બે પ્રકારના ફ્લેમ રેડિયન્ટ વસ્ત્રો છે. એક, કપાસનું વધુ પ્રમાણ ધરાવતા ફેબ્રિક્સમાંથી આગ સામે રક્ષણ આપતાં કપડાં તૈયાર કરવામાં આવે છે. બીજું, આગ સામે રક્ષણ આપતાં કપડાં ટ્રીટ કરેલા ફ્લેમ રેડિયન્ટ કાપડમાંથી બનાવવામાં આવે છે. આ કાપડ સસ્તુ છે. પરંતુ તેનું વજન વધારે છે. તેથી પહેરનારને તકલીફ પડે છે. ફ્લેમ રેડિયન્ટ ફેબ્રિક્સ વજનમાં 30 ટકા ઓછું ભારે છે, પરંતુ તેની કિંમત વધારે છે. ફ્લેમ રેડિયન્ટ ફેબ્રિક્સમાં તેમણે ચૅનલ જેવું સ્ટ્રક્ચર બનાવ્યું છે. આ ચૅનલને કારણે ફેબ્રિક્સમાં ઍર પૉકેટ્સ ઊભાં થાય છે. ચૅનલને કારણે કપડાંની જાડાઈ વધે છે. પરંતુ તે જ લેયર પ્રોટેક્શન આપનારું વધારાનું એક લેયર બની જાય છે. આ કપડાં ઈકોફ્રેન્ડલી છે. તેનો ઉપયોગ થઈ ગયા પછી કુદરતમાં તે સહજ રીતે ભળી જાય છે. કપાસમાંથી બનેલા કપડાં જેવી કમ્ફર્ટ આપે છે. સો ટકા કૉટનમાંથી તે બનાવવામાં આવે છે.

ટેક્સટાઇલ મિલમાં કામ કરતા કામદારો પણ તેનો ઉપયોગ કરી શકે છે. પાવર જનરેશન કંપનીના કર્મચારીઓ કે પછી નૅચરલ ગૅસ અને ઑઇલ કંપનીમાં કામ કરતા કર્મચારીઓ માટે પણ આગ સામે રક્ષણ આપતાં કપડાં ઉપયોગી સાબિત થાય તેમ છે. 2017ની સાલમાં વિશ્વમાં તેનું બજાર 1.87 અબજ ડૉલરનું હતું તે 2023માં વધીને 2.5 અબજ ડૉલરને વળોટી ગયું છે. 2026 સુધીમાં તેનું બજાર વિકસીને 3.2 અબજ ડૉલરને આંબી જાય તેવી ધારણા છે. રચિત મોદી કહે છે, 'તેમણે આ પ્રોડક્ટ્સની પેટન્ટ મેળવી લીધી છે.'

# અલ્ટમેટ પ્રાઇવેટ લિમિટેડ: કૃષિ કચરામાંથી ફાઇબર બનાવ્યું

**ખા**ધપદાર્થ, ઔષધીય પ્લાન્ટ્સ કે પછી અન્ય ઔદ્યોગિક પ્લાન્ટ્સના કચરાનો ઉપયોગ કરીને પ્રીમિયમ નૅચરલ ફાઇબર તૈયાર કરી રહ્યું છે. આ શરૂઆત કરનાર સ્ટાર્ટ-અપ છે અલ્ટમેટ પ્રાઇવેટ લિમિટેડ. તેની સ્થાપક છે અમદાવાદના શાહીબાગ વિસ્તારમાં રહેતી શિખા શાહ. શિખા શાહની આ સફળતાથી બે સમસ્યાનો ઉકેલ આવે છે. એક કૃષિ પાક લીધા પછી બચતા કચરાનો નિકાલ કરવાની સમસ્યાનો ઉકેલ આવી જાય છે. ઉત્તર ભારતનાં રાજ્યોમાં આ કચરાને બાળવાને કારણે વાયુપ્રદૂષણની મોટી સમસ્યા થાય છે. બીજું, પોલિયેસ્ટરનો કચરો પણ પર્યાવરણને ખાસ્સું નુકસાન પહોંચાડે છે. તેનો પણ આ ફાઇબર બનાવવા માટે ઉપયોગ કરવામાં આવે છે. આમ શિખા શાહની પ્રવૃત્તિને બાયો રિફાઇનરી તરીકે પણ ઓળખાવી શકાય છે. કૃષિ પાક લીધા પછીના કચરામાંથી અને પોલિયેસ્ટરના કાપડની ચીંદીઓનો ઉપયોગ કરીને શિખા શાહ વરસે 2000 ટન યાર્નનું ઉત્પાદન કરે છે. શિખા શાહ કહે છે, 'આગામી પાંચ વર્ષમાં તેમની કંપની બીજી 11 પ્રોડક્શન લાઇન તૈયાર કરી રહી છે. અત્યારે તેમની કંપની હેમ્પ ફાઇબર, બ્લેન્ડેડ યાર્ન અને કૉટનાઇઝ્ડ ફ્લેક્સ ફાઇબર ડેવલપ કરી રહી છે. આગામી વરસોમાં ઝીરો વેસ્ટ અને કચરા તરીકે ફેંકી દેવાતી વસ્તુઓનો સો ટકા ઉપયોગ કરીને તેમાંથી નવી વસ્તુઓ ડેવલપ કરી શકશે. પાંચ વર્ષ સુધીમાં તેમાંથી વર્ષે અંદાજે 2700 ટન ફાઇબર તૈયાર કરવાનું લક્ષ્યાંક રાખવામાં આવ્યું છે. ટેક્સટાઇલમાં વપરાતું પોલિયેસ્ટર પર્યાવરણને ખાસ્સું નુકસાન પહોંચાડે છે. તેથી વૈકલ્પિક મટીરિયલની તલાશ જરૂરી છે. અલ્ટમેટનું ફાઇબર તેનો વિકલ્પ છે.'

હવા, પાણી કે જમીનને નુકસાન કરતા કૃષિ કચરામાંથી નૅચરલ ફાઇબર બનાવે છે. ઑઇલ સીડ્સના ક્રોપ અને કૉટનના ક્રોપના કચરામાંથી 1000 ટન ફાઇબર બનાવવામાં આવી રહ્યું છે. તેને માટે થડ, પાન સહિતના કચરાનો ઉપયોગ કરવામાં આવે છે. શણના પ્લાન્ટ-હેમ્પ પ્લાન્ટના કચરાનો ઉપયોગ કરીને તેમાંથી ફાઇબર બનાવવામાં આવે છે. તેવીજ રીતે કેળાંમાંથી, અનેનાસ-પાઇનેપલમાંથી આ ફાઇબરમાંથી યાર્ન બનાવવામાં આવે છે. તેમાં અન્ય ફાઇબરમાંથી બનતું યાર્ન ઉમેરીને કુલ 2000 યાર્નનું ઉત્પાદન કરવામાં આવે છે. આ યાર્નનો ઉપયોગ હોમ ટેક્સટાઇલમાં એટલે કે પડદા કે સોફાના કપડાં સહિત ઘરમાં ફર્નિચરમાં વપરાતું કપડું બનાવવામાં આવે છે. ફેશનેબલ ગાર્મેન્ટ પણ તેમાંથી બને છે. તેમાંથી બૅગ અને પર્સ પણ બને છે. આ વર્સેટાઇલ ફાઇબર છે. તેમાંથી શર્ટ અને ડ્રેસ પણ બની શકે છે. તેમાંથી બૂટ-ચંપલ અને બૅગ બનાવી શકાય છે. તેમાંથીય બચતા કચરાનો ઉપયોગ સેનેટરી પેડ બનાવવા માટે કરવામાં આવે છે. કૃષિ કચરામાંથી બનતા ફાઇબર પર વધુ પ્રોસેસ કરીને તેમાંથી પૅકેજિંગ મટીરિયલ પણ બનાવવામાં આવે છે. તેમાં પાણીનો વપરાશ પણ 25 ટકા જેટલો જ થતો હોવાથી પણ પર્યાવરણને બચાવવામાં તેની ભૂમિકા મહત્ત્વની બની જાય છે. તેમાં જંતુનાશક દવાઓનો જરાય ઉપયોગ કરવામાં આવતો નથી. પરિણામે જમીનની તંદુરસ્તીમાં પણ સુધારો થાય છે. તેમાં માઇક્રો પ્લાસ્ટિક ન હોવાથી રીસાઇકલ કરી શકાય છે. તેમજ જમીનની માટીમાં ઓછા સમયમાં ભળી જાય છે. જે કચરાના નિકાલ કરવા માટે ખેડૂતોએ પૈસા ખર્ચવા પડી રહ્યા છે તે જ કચરો અલ્ટમેટને વેચીને ખેડૂતો આવક કરી શકે છે. તેથી ખેડૂતો તેમના ખેતરમાં વધુ લોકોને રોજગારી આપી શકે છે. તેમજ કૃષિ કચરાને બાળવાથી વાતાવરણમાં કાર્બનડાયોક્સાઇડ ભળવાની સમસ્યાનો પણ ઉકેલ મળે છે.

આ ફાઇબર કુદરતી હોવાથી બૅક્ટેરિયાનો પ્રતિકાર કરવાની કુદરતી ક્ષમતા તે ધરાવે છે. તેને કારણે શરીરમાંથી દુર્ગંધ ફેલાતી નથી. તેમજ પસીનો પણ બહુ થતો નથી. ઉનાળામાં પણ તેનાં વસ્ત્રો સરળતાથી પહેરી શકાય છે. તેમાં થર્મલ

**શિખા શાહ કહે છે, 'નૅચરલ ફાઇબરનું કૉમર્શિયલ ધોરણે ઉત્પાદન પણ શરૂ કરી દેવામાં આવ્યું છે.'**


















**ફાઇબર કુદરતી હોવાથી બૅક્ટેરિયાનો પ્રતિકાર કરવાની કુદરતી ક્ષમતા તે ધરાવે છે. તેને કારણે શરીરમાંથી દુર્ગંધ ફેલાતી નથી. તેમજ પસીનો પણ બહુ થતો નથી**

ઈન્સ્યુલેશન પણ હોય જ છે. કૃષિ ક્ષેત્રની કંપની, બ્રાન્ડ કંપની, મૅન્યુફેક્ચરિંગ કંપની, ઈમ્પેક્ટ કંપની, મટીરિયલ સાયન્સ કંપની, ઈન્વેસ્ટર્સ સહિતના તમામ માટે આ ક્ષેત્રમાં અનંત તક છે.

કૃષિ ઊપજ પછી બચતા કચરામાંથી બનાવેલાં પ્રોડક્ટ્સમાં નૅચરલ ફાઈબર, 0થી 30 કાઉન્ટના યાર્ન બનાવે છે. તેનો ઉપયોગ કૉટન યાર્ન સાથે બ્લેન્ડ કરવા માટે કરી શકાય છે. આયોસેલ, રિસાઈકલ પોલિયેસ્ટર કે પછી પોલિયેસ્ટર સાથે તેનું મિશ્રણ કરી શકાય છે. ટેક્સટાઈલ ગ્રેડનું સ્પિનિંગ માટે ઉપયોગમા લઈ શકાય તેવું ફ્લેક્સ કે લીનન યાર્ન પણ તેમાંથી બનાવવામાં આવે છે. કાગળ બનાવવા માટે ઉપયોગી, નૉન વુવન મટીરિયલ બનાવવા માટે ઉપયોગી અને કોમ્પોઝાઈટ મૅન્યુફેક્ચરિંગ માટે ઉપયોગી મટીરિયલ પણ તેમાંથી બનાવવામાં આવે છે. શિખા શાહ કહે છે, ‘નૅચરલ ફાઈબરનું કૉમર્શિયલ ધોરણે ઉત્પાદન પણ શરૂ કરી દેવામાં આવ્યું છે.’

શિખા શાહ અલ્ટમેટનાં સ્થાપક અને સીઈઓ છે. તેણે લૅબોરેટરીથી લઈને કૉમર્શિયલ પ્રોડક્શન સુધીની સફર પૂરી કરી છે. વૈશ્વિક સ્તરની બ્રાન્ડ તેના આ સાહસને સપૉર્ટ કરી રહી છે. બેબસન કૉલેજમાંથી બિઝનેસ અને આન્ત્રેપ્રેન્યોરશિપમાં સ્નાતકની ડિગ્રી મેળવી છે. તેના આ સાહસની સફળતાને ધ્યાનમાં લઈને નીતિ આયોગે અને યુનાઈટેડ નેશને સાથે મળીને વુમન ટ્રાન્સફોર્મિંગ ઈન્ડિયાનો ઍવૉર્ડ આપ્યો છે. દેશના રાષ્ટ્રપતિની ઉપસ્થિતિમાં તેને આ ઍવૉર્ડ આપવામાં આવ્યો છે. શિખા શાહને રાજીવ સર્કલ ઑફ ફેલોશિપ પણ આપવામાં આવી છે. અટલ ઈનોવેશન મેડલ, બેટા ગામ્મા સિગ્મા ઍવૉર્ડ, જીયુસેક-ગુજરાત યુનિવર્સિટીની ફેલોશિપ પણ આપવામાં આવી છે. શિખાની કંપની અલ્ટમેટને ફૅશન ફોર ગુડ દ્વારા પણ ટેકો આપવામાં આવી રહ્યો છે. ફૅશન ફોર ગુડના સ્થાપક સભ્યમાં અદિદાસ, પીવીએચ, બેસ્ટસેલર જેવી વિશ્વની જાણીતી બ્રાન્ડનો સમાવેશ થાય છે. શિખા શાહની આ શોધે તેને વૈશ્વિક સ્ટેજ પર સ્થાન અપાવ્યું છે.

# ડેનિમ વપરાયા પછી બચતી કતરણને પ્રોસસ કરી આધુનિક વસ્ત્રો બનાવ્યાં

ગુજરાત અને અમદાવાદ ભારતનું ડેનિમના ઉત્પાદનનું મોટું સેન્ટર છે. વરસે દહાડે 5 કરોડ મીટરથી વધુ ડેનિમનું ઉત્પાદન ગુજરાતમાં થાય છે. અમદાવાદના સ્ટેટમેન્ટ ડેનિમ નામના સ્ટાર્ટ-અપની પ્રમોટર સાક્ષી કુમારીનું કહેવું છે કે ભારતમાં દર વર્ષે અંદાજે 160 કરોડ મીટર ડેનિમનું ઉત્પાદન થાય છે. એક અંદાજ પ્રમાણે દર વર્ષે ભારતમાં 280.80 લાખ મીટર ડેનિમનું કતરણ નીકળે છે. આ કતરણનો કોઈ જ ઉપયોગ ન થતો હોવાથી તેને બાળી નાખવામાં આવે છે.

સ્ટાર્ટ-અપ પ્રમોટર સાક્ષી કુમારી કહે છે, ‘કચરા તરીકે ફેંકી દેવામાં આવતું ડેનિમને બાળી નાખવામાં આવે છે અથવા તો તેને લેન્ડફિલ સાઈટમાં નાખી દેવામાં આવે છે. એક મીટર ડેનિમ બાળવાને કારણે તેમાંથી 900 ગ્રામ કાર્બનડાયોક્સાઇડ પેદા થાય છે. 2022ની સાલમાં ડેનિમને બાળવાને કારણે વાતાવરણમાં 25.9 લાખ કિલો કાર્બનડાયોક્સાઇડ ભળ્યો હતો. તેને પરિણામે પર્યાવરણ પર કાર્બનડાયોક્સાઇડનો લોડ ખાસ્સો વધી રહ્યો છે. આમ આપણા પર્યાવરણે તેની બહુ જ મોટી કિંમત ચૂકવવી પડી રહી છે.’

**દર વર્ષે ભારતમાં નીકળતી ડેનિમની 280.80 લાખ મીટર કતરણનો કોઈ જ ઉપયોગ ન થતો હોવાથી તેને બાળી નાખવું પડતું હોવાથી સાક્ષી કુમારીએ તેનું અપસાઈક્લિંગ કરવા માંડ્યું**

તેથી જ સાક્ષી કુમારી ડેનિમની કતરણ ખરીદી લે છે. તેનો અપસાઈકલિંગ માટે ઉપયોગ કરે છે. આખી દુનિયામાં તેને રીસાઈકલ કરવાની વાત કરવામાં આવે છે. આજની તારીખે દુનિયમાં માત્ર એક ટકા ડેનિમનું રીસાઈકલિંગ કરવામાં આવે છે. ડેનિમનું 99 ટકા કાતરણ ભઠ્ઠીમાં કે લેન્ડફિલ સાઈટમાં જાય છે. તેમાં પોલિયેસ્ટર મિક્સ કરેલું હોવાથી તેને તોડીને ઓગાળી નાખવાની પ્રક્રિયા થતાં વરસોનાં વરસો લાગે છે. તેથી તેને બાળવા સિવાય કોઈ તોડ જ નથી. તેને બાળવામાં આવે તો વાતાવરણમાં કાર્બનડાયોક્સાઈડ ભળે છે. ડેનિમ બનાવતી કંપનીઓને તેના કતરણની નિકાલ કરવામાં કોઈ રસ નથી. તેમને માટે ડેનિમનું કતરણ લાયેબિલિટી બની રહી છે. તેથી તેઓ તેને કચરા તરીકે ફેંકી દે છે.



**ડેનિમના અપસાઇકલિંગની પ્રવૃત્તિનો આરંભ કરીને 216 કિલોની કાર્બન ક્રેડિટ મેળવી પર્યાવરણને દૂષિત થતું બચાવ્યું**

પરંતુ સાક્ષી કુમારીએ ડેનિમમાંથી ગાર્મેન્ટ્સ તૈયાર થઈ જાય તે પછી બચતી કતરણનો ઉપયોગ કરીને ઈકો ફ્રેન્ડલી પ્રોડક્ટ્સ તૈયાર કરવા માંડ્યાં છે. ડેનિમ વેસ્ટને અપસાઈકલિંગ ટેક્નિકના માધ્યમથી નવું જીવન આપવાનું કામ કરે છે સાક્ષી કુમારી. સાક્ષી કુમારી કહે છે, ‘તેની આ પ્રોસેસ ઝીરો વેસ્ટ વાળી છે.’ આ રીતે ફેશન ઈન્ડસ્ટ્રી માટે વધુ ટકાઉ અને કૉસ્ટ ઈફેક્ટિવ ભાવિનું નિર્માણ કરવામાં યોગદાન આપી રહી છે. સાક્ષી કુમારીની આ પહેલને









**એક મીટર ડેનિમ બાળવાને કારણે તેમાંથી 900 ગ્રામ કાર્બનડાયોક્સાઇડ પેદા થાય છે. 2022ની સાલમાં ડેનિમને બાળવાને કારણે વાતાવરણમાં 25.9 લાખ કિલો કાર્બનડાયોક્સાઇડ ભળ્યો હતો.**



પરિણામે પર્યાવરણમાં ભળતો કાર્બનડાયોક્સાઈડ ઓછો થાય છે. લેન્ડફિલ સાઈટ પરનો બોજ પણ ઓછો થાય છે. આમ કચરામાં જતા ડેનિમનો નવેસરથી વપરાશ કરીને તેના ફિનિશ્ડ પ્રોડક્ટ્સની કિંમત પણ નીચે લાવવાનું કામ કરે છે.

કપાસના ભાવ બે વર્ષમાં વધીને રૂ. 42,000ની સપાટીને વળોટી ગયા છે. આ સંજોગોમાં તેનો રીયૂઝ થાય તો પર્યાવરણ પર તેના પ્રદૂષણનો બોજ ઓછો થઈ શકે છે. પર્યાવરણ પરનો લોડ ઓછો કરવાના ધ્યેય સાથે જ સાક્ષી કુમારીએ ડેનિમની કતરણમાંથી કોરસેટ ટૉપ્સ, બૅગ્સ, જૅકેટ્સ, સ્કર્ટ્સ, શૂઝ, ક્રાફ્ટેડ ગાર્મેન્ટ, એથનિક કૂર્તા, બેલ્ટ અને જીન્સ બનાવવાનું કામ કર્યું છે.

સાક્ષી કુમારી કહે છે, 'ડેનિમનું અપસાઈકલિંગ કરીને છ જ મહિનાના ગાળામાં કાર્બનડાયોક્સાઈડનો 216 કિલો જથ્થાનું વાતાવરણમાં ઉત્સર્જન થતું અટકાવ્યું છે. બીજા શબ્દોમાં કહીએ તો 216 કિલોની કાર્બન ક્રેડિટ એકત્રિત કરેલી છે. તેની કાર્બન ક્રેડિટ તેમને મળશે. મારી સમગ્ર પ્રક્રિયામાં કાર્બન એમિશન-ઉત્સર્જન 60 ટકા ઓછું થાય છે.'

આ વસ્ત્રોના વેચાણ થકી પહેલા જ વરસે રૂ. 40 કરોડનું ટર્નઓવર કરવાનો ટાર્ગેટ છે. આગામી 15મી જુલાઈ, 2024ના અરસામાં પહેલા પ્રોડક્ટ્સને લૉન્ચ કરી રહી છે. ત્યાર બાદ કસ્ટમર્સના રિસ્પૉન્સનો અભ્યાસ કરશે. આમ દરેક એરિયાનો અભ્યાસ કરશે. એનઆઈડી ગાંધીનગરથી માસ્ટર્સની ડિગ્રી મેળવી રહેલી સાક્ષી કુમારીનું કહેવું છે કે તેને આ પ્રોજેક્ટ માટે રૂ. 10.2 લાખની ગ્રાન્ટ મળી ચૂકી છે. આ માટેની મશીનરી માટે રૂ. 30 લાખનું મિનિમમ ઈન્વેસ્ટમેન્ટ કરવાનું આયોજન કરી રહી છે. આ રોકાણ કરીને એક જ વર્ષમાં તેનું ઈન્વેસ્ટમેન્ટ પાછું મળી જાય તેવો લક્ષ્યાંક છે.

# કેળના થડમાંથી ફાઇબર અને મહિલા માટે સેનેટરી પેડ બનાવ્યા

**એ** ગ્રોબિટ્સ ગ્રીનવેન્ચરના હાર્દિક વાઘાણી અને જયદીપ રૈયાણીએ કેળાંની ખેતી કરતાં ખેડૂતોની સમસ્યાને બહુ જ સારી રીતે ઉકેલી બતાવી છે. કેળનો પાક લીધા પછી તેના સ્તંભ-કદલી સ્તંભનો નિકાલ કરવો એક મોટી સમસ્યા છે. તેને ગમે ત્યાં ફેંકી દેવામાં આવે તો પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ ખેડૂત સામે કાયદેસર પગલાં લઈને તેને પેનલ્ટી પણ કરી શકે છે. પરંતુ નવસારી કૃષિ યુનિવર્સિટીમાં જ ભણીને તૈયાર થયેલા હાર્દિક વાઘાણીએ અને તેના સાથીદાર જયદીપ રૈયાણીએ

**કેળાં ઉતારી લીધા પછી કેળના સ્તંભમાંથી ફાઇબર યાર્ન, બનાના ફાઇબર સેનેટરી પેડ, બનાના સેપ બાયોફર્ટિલાઈઝર, બનાના લીફ-પાંદડામાંથી પ્લેટ્સ, કપ અને ચમચીઓ બનાવવાનો અને તે પછી બચતા કચરામાંથી વર્મિકોમ્પોસ્ટ પણ બનાવ્યું**



ખેડૂતોને માથે બોજ બનતા કેળના થાંભલામાંથી ફાઈબર યાર્ન, બનાના ફાઈબર સેનેટરી પેડ, બનાના સેપ બાયોફર્ટિલાઈઝર, બનાના લીફ એટલે કે કેળના પાંદડામાંથી પ્લેટ્સ, કપ અને ચમચીઓ બનાવવાનો વિકલ્પ શોધી કાઢ્યો છે. તેમજ બનાના કેળના કચરામાંથી વર્મિકોમ્પોસ્ટ પણ બનાવવા માંડ્યું છે. બનાના ફાઈબરમાંથી હસ્તકળાની ઘણી વસ્તુઓ બનાવવાનું ચાલુ કરી દીધું છે.




**કેળના થડનો નિકાલ કરવા માટે એક એકરે રૂ. 15,000ની આસપાસનો ખર્ચ બચે છે અને હવે તેનો ઉપયોગ શોધાતાં તે વેચીને પણ ખેડૂતો આવક કરી શકે છે**

ગુજરાતના સુરત શહેરના મોટા વરાછાના રહેવાસી હાર્દિક વાઘાણી અને જયદીપ રૈયાણી કહે છે, 'કેળના એક એકરના ખેતરમાંથી નીકળતા કદલી સ્તંભનો નિકાલ કરવા માટે અંદાજે રૂ. 20,000નો ખર્ચ થાય છે. આ ખર્ચ ખેડૂતને માટે માથાના દુઃખાવો બની જાય છે. આ કચરાનો ઉપયોગ કરીને તેમાંથી સેનેટરી પેડ બનાવ્યા છે. મહિલાઓને દર મહિને આ પેડ્સની જરૂર પડે છે. પરંતુ તેઓ જે પેડ્સનો અત્યારે ઉપયોગ કરે છે તે પેડ વાપરીને ફેંકી દે તે પછી તેને માટીમાં ભળી જતાં 500થી માંડીને 800 વર્ષ લાગે છે. તેની





ગુજરાતનાં સી.એમ. શ્રી ભૂપેન્દ્ર પટેલ સાથે કેળના થડમાંથી બનતી અલગ અલગ પ્રોડક્ટ વિષે માહિતી આપી અને તેમાંથી બનાવેલ કાપડ અને અન્ય પ્રોડક્ટ ભેટ આપી



સામે કેળના કચરામાંથી બનાવવામાં આવેલા સેનેટરી પેડ્સ છ માસથી પણ ઓછા સમયમાં જમીનની માટી સાથે મળીને તેના જેવા થઈ જાય છે. મહિને અંદાજે 40,000 સેનેટરી પેડ બનાવવામાં આવે છે. આ સેનેટરી પેડ બજારમાં અન્ય સેનેટરી પેડ્સની માફક જ વેચાઈ જાય છે. નૉર્મલ સેનેટરી પેડ કરતાં એક કે બે રૂપિયા ઊંચા ભાવે વેચાય છે. પરંતુ તેની લિક્વિડ એબસોર્બિંગ કેપેસિટી ઘણી વધારે છે.'

કદલી સ્તંભ લાવીને તેમાંથી ફાઈબર અલગ કરવામાં આવે છે. ફાઈબરમાંથી કાગળ બનાવી શકાય છે. જે કાગળ પર લખી શકાય કે તેમાંથી હેન્ડિક્રાફ્ટની આઈટેમ્સ બને છે. તેમાંથી મહિલાઓનાં પર્સ, બૅગ, ચટાઈ, યોગા મેટ, પડદા અને ફાઈલ સહિતની વસ્તુઓ બની શકે છે. તેમજ તેમાંથી પૅકેજિંગના પેપર બની શકે છે. મોટરકારની રૂફમાં લગાડવા માટેનું નૉન વુવન મટીરિયલ પણ તેમાંથી જ બનાવવામાં આવે છે.

કેળના સ્તંભમાંથી ચોક્કસ પ્રકારનું લિક્વિડ નીકળે છે. આ લિક્વિડમાં સારા પોષક ઘટકો છે. તેથી તેમાંથી ખેત-ઊપજ વધારવા માટેનું ખાતર પણ બનાવવામાં આવે છે. નવસારી કૃષિ યુનિવર્સિટીએ આ ક્ષેત્રમાં ખાસ્સું સંશોધન પણ કરેલું જ છે. ત્યાર બાદ બચતા કચરાનો પ્રોસેસ કરીને તેમાંથી પ્લેટ અને ચમચી અને કપ જેવી વસ્તુઓ બનાવી શકાય છે. આ જ કચરામાંથી માછલીઓને ખાવા માટેનો

## કેળના થડમાંથી ફાઇબર અને અન્ય વસ્તુઓ બનાવવાના પ્રોજેક્ટ માટે રૂ. 50થી 70 લાખનું રોકાણ જરૂરી ઃ દોઢથી બે વર્ષમાં ઇન્વેસ્ટમેન્ટ નીકળી જાય તેવી સંભાવના



ખોરાક પણ બનાવવામાં આવે છે. કદલી સ્તંભના વચ્ચેના ગરમાંથી અથાણું અને ચૉકલેટ પણ બનાવી શકીએ છીએ.

કેળના થડમાંથી બનાવવામાં આવેલા યાર્નમાંથી નૉર્મલ શર્ટ્સ જેવા શર્ટ પણ બની જ શકે છે. હાર્દિક વાઘાણીએ તેમાંથી બનેલું શર્ટ ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પણ આપેલું છે. તેમાંથી બનતાં શર્ટ્સ રૂ. 700ની આસપાસના ભાવે બજારમાં મળી રહે છે. હાર્દિક વાઘાણીનું કહેવું છે, 'તેમાંથી બનતું શર્ટ લીનન જેટલું કમ્ફર્ટેબલ છે. આમ તેનું યાર્ન નૉર્મલ યાર્ન જેવું જ હોય છે.'

એક એકરમાંથી 2500થી વધુ કદલી સ્તંભ મળી શકે છે. આ કદલી સ્તંબ ખરીદવા માટે 20,000ની આસપાસનો ખર્ચ કરી શકે છે. રોજના 500 કદલી સ્તંભની ખરીદી કરવામાં આવે છે. એક કદલી સ્તંભનું વજન અંદાજે 30થી 60 કિલોનું હોય છે. તેમાંથી ફાઈબર ઓછું જનરેટ થાય છે. એક કદલી સ્તંભમાંથી ત્રણ લીટર જેટલું લિક્વિડ નીકળે છે. જોકે હાર્દિક વાઘાણી લિક્વિડ જ વેચી દે છે. તેમાં વૅલ્યુ એડિશનનું કામ કરતા નથી.

કેળના સ્તંભમાંથી યાર્ન બનાવવા અને હેન્ડિક્રાફ્ટ્સની આઈટેમ્સ બનાવવા માટે રૂ. 70થી 80 લાખનું ઈન્વેસ્ટમેન્ટ કર્યું છે. આ ઈન્વેસ્ટમેન્ટનું બ્રેક ઈવન દોઢથી બે વર્ષમાં આવી જાય છે. પહેલા છ માસમાં જ તેમણે 30 લાખનું રેવન્યુ જનરેટ કરી દીધું છે. તેમજ 50થી 60 જણને રોજગારી આપે છે. ખાસ કરીને મહિલાઓને રોજગારી આપવામાં આવે છે. તેમની મદદથી અમે તમામ પ્રોડક્ટ્સ તૈયાર કરી રહ્યા છીએ.



# ટેક્સટાઇલ એક્ઝિબિશન ફેબેક્સાને દેશભરમાંથી અદ્ભુત પ્રતિભાવ મળ્યો

નૉલેજ પાર્ટનર તરીકે સાથે રાખીને નૅશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફેશન ટેક્નોલૉજીના સહયોગમાં 21મી થી 24મી મે દરમિયાન યોજવામાં આવેલા હેલિપેડ એક્ઝિબિશન ગ્રાઉન્ડમાં યોજવામાં આવેલા એક્ઝિબિશનનું ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઉદ્‌ઘાટન કર્યું હતું. ફેબેક્સા 2024માં સરકારની નીતિઓ અંગે અને સ્કિલ ડેવલપમેન્ટ અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ સાથે જ ટેક્નિકલ ટેક્સટાઇલ અને ઇન્નોવેટિવ ટેક્સટાઇલ અંગે પણ ચર્ચાવિચારણા કરંવામાં આવી હતી.

ટેક્સટાઇલ ગાર્મેન્ટિંગમાં આગામી વરસો ઇન્નોવેટિવ મટીરિયલનો જ રહેશે. પરિણામે ઇન્નોવેટિવ મટીરિયલનો ઉપયોગ કરવા પર અને તેની મદદથી અવનવા ગાર્મેન્ટ તૈયાર કરવા પર ફોકસ કરવું જરૂરી બની ગયું છે. ગાર્મેન્ટ ઇન્ડસ્ટ્રીઝમાં નવા કયા પ્રકારના ટ્રેન્ડ જોવા મળશે તેના પર ફોકસ કરવું અનિવાર્ય છે. ફેબેક્સાના એક્ઝિબિશન દરમિયાન ટેક્સટાઇલ ઉદ્યોગને નૅશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફેશન ટેક્નોલૉજીએ શીખ આપી હતી. તેમને આવનારા નવા ટ્રેન્ડથી માહિતગાર કર્યા હતા. નવા મટીરિયલને કારણે ટેક્સટાઇલ ગાર્મેન્ટિંગમાં કદાચ ક્રાન્તિકારી પરિવર્તનો જોવા મળશે. તેમજ તદ્દન જુદાં જ પ્રકારનાં પ્રોડક્ટ્સ પણ માર્કેટમાં જોવા મળશે.

**ટેક્સટાઇલ ગાર્મેન્ટિંગમાં આગામી વરસો ઇન્નોવેટિવ મટીરિયલનો જ રહેશે. પરિણામે ઇન્નોવેટિવ મટીરિયલનો ઉપયોગ કરવા પર અને તેની મદદથી અવનવા ગાર્મેન્ટ તૈયાર કરવા પર ફોકસ કરવું જરૂરી.**

ટેક્સટાઇલ ઉદ્યોગના ખેલાડીઓને ફેબેક્સાના એક્ઝિબિશન દરમિયાન પ્રસ્તુત માહિતી આપીને નવી દિશામાં પ્રયાણ કરવા માટે સજ્જ થવા શીખ આપી હતી. આ રીતે નિફ્ટે ફેબેક્સામાં ભાગ લીધો તેને પરિણામે ફેબેક્સામાં ભાગ લેનારી ટેક્સટાઇલ ઇન્ડસ્ટ્રીના એકમોને નિષ્ણાતો તરફથી અમૂલ્ય માર્ગદર્શન મળ્યું હતું. તેમજ તેમનાં પ્રોડક્ટ્સના મૂલ્યમાં વૃદ્ધિ કરવા માટેનું નૉલેજ પણ મળ્યું હતું.

નિફ્ટના ડૉક્ટર સમીર સુદે કહ્યું હતું કે, ટેક્સટાઇલ ઉદ્યોગ સાથે ફેબેક્સામાં સહયોગ સાધીને અમે ટેક્સટાઇલ ઉદ્યોગમાં ઇનોવેશન પર ફોકસ કરવા માટે ઉદ્યોગના એકમોને પ્રોત્સાહન આપવા માટે જ ફેબેક્સાના આયોજનમાં સહયોગ આપવામાં આવ્યો છે. ટેક્સટાઇલ અને તેમાંય ખાસ કરીને ટેક્નિકલ ટેક્સટાઇલના સેક્ટરમાં આવી રહેલા નવા ટ્રેન્ડ અંગે તેમને માહિતગાર કરવામાં આવી રહ્યા છે. ફેબેક્સા નવી માહિતી અને નૉલેજ આપવાનું એક મજબૂત પ્લૅટફૉર્મ બન્યું છે, જે નેટવર્કિંગ અને સહયોગ સાધવા માટેનું એક મહત્ત્વનું કેન્દ્ર બની રહેશે. ફેબેક્સા અને નિફ્ટ વચ્ચેનો સહયોગ પણ ટેક્સટાઇલ સેક્ટરને એક

કદમ આગળ લઈ જવામાં મહત્ત્વનું યોગદાન આપશે. ઈન્નોવેટર માટે એક સારું પ્લૅટફૉર્મ બની રહશે. સરકારી અધિકારીઓ અને ઈન્ડસ્ટ્રીના એક્સપર્ટ્સને પણ એક મંચ પર લાવવાની ભૂમિકા ફેબેક્સા અદા કરશે.

ટેક્સટાઈલના સેક્ટરમાં આકાર લઈ રહેલા નવા ટ્રેન્ડથી તેઓ માહિતગાર બનશે. નવા ટ્રેન્ડનો લાભ લેવા માટે સક્રિય બનશે. તેને માટે નવી ટેક્નોલૉજી વસાવશે અને પ્રગતિના પથ પર આગળ વધશે. જે લાંબે ગાળે ટેક્સટાઈલ ઉદ્યોગમાં મોટાં પરિવર્તનો માટે કારણભૂત બનશે. તેને માટે દરેક સ્ટેક હોલ્ડર એક થશે અને પોત પોતાના વિચારોને રજૂ કરશે. તેનાથી ઈનોવેશન પણ થશે અને ટેક્સટાઈલ ઉદ્યોગને આગળ લઈ જવામાં મદદ પણ મળશે.

ફેબેક્સામાં ભાગ લેવા માટે ભારતભરમાંથી 1000 વેપારીઓને આમંત્રણ આપવામાં આવ્યું હતું. તેમને આવવા અને જવાની ઍર-ટિકિટ આપવા ઉપરાંત તેમને ગિફ્ટ સિટી ક્લબમાં ઉતારો આપવામાં આવ્યો હતો. મસ્કતી કાપડ મહાજનના પ્રમુખ ગૌરાંગ ભગતે જણાવ્યું હતું કે એકવીસમીથી ચોવીસમી મે દરમિયાન ગુજરાતના ગાંધીનગરમાં હેલીપેડ ખાતે ફેબેક્સાનું ટેક્સટાઈલ એક્ઝિબિશન યોજાયું હતું. 12,800 ચોરસ મીટર જગ્યામાં આ એક્ઝિબિશન યોજવામાં આવ્યું હતું. કૉટન શૂટિંગ, શર્ટિંગ, ડેનિમ, હોઝિયરી, ડ્રેસ-મટીરિયલ, પોલિયેસ્ટર-રેયોનની ડિજિટલ પ્રિન્ટ્સ સહિતના મટીરિયલનું એક્ઝિબિશન યોજાયું હતું. ફેબેક્સામાં 2024ની સાલના વિન્ટર ગાર્મેન્ટ અને 2025ની સાલ માટેના સમરવેરના ફેબ્રિક્સ અને શર્ટિંગ-શૂટિંગનું ડિસ્પ્લે કરવામાં આવ્યું હતું.

# ફેબેક્સામાં કલર બદલતાં શર્ટ્સ રજૂ કરવામાં આવ્યાં

ફેબેક્સામાં આ વખતે કલર ચેન્જ કરતાં શર્ટ્સ આકર્ષણનું કેન્દ્ર બન્યાં હતાં. માનવશરીરની ગરમી અને સૂર્યપ્રકાશને કારણે આ શર્ટ કલર બદલ્યા કરે છે. આમ થોડા થોડા સમયે તેના કલર બદલાતાં એક જગ્યાએથી બીજી જગ્યાએ જાય ત્યારે તે વ્યક્તિ સાવ અલગ જ શર્ટ પહેરીને આવ્યો હોય તેવો અહેસાસ થાય છે. આમ એક પછી એક અલગ અલગ જગ્યાએ જવાનું હોય તેવા કિસ્સાઓમાં આ શર્ટ મહત્ત્વનાં બની રહે છે. એકનું એક શર્ટ પહેરીને દરેક ફંક્શનમાં જતા હોવાનો કૉમ્પ્લેક્સ પણ તેને પરિણામે રહેતો નથી. શરીરની ગરમી અને સૂર્યના પ્રકાશને કારણે તેના કલર બદલાય તેવી ખાસિયત આ શર્ટમાં જોવા મળી રહી છે.










# ઔદ્યોગિક મોરચે અગ્રણી ગુજરાતમાં ગ્લોબલ કૅપેબિલિટી સેન્ટર જરૂરી



**જીસીસી ઇનોવેશન, રિસર્ચ તરફ કંપનીઓને વાળવાની સાથેસાથે જ બજારની સ્થિતિને આધારે નવાં પ્રોડક્ટ્સ તૈયાર કરવાનું અને નવા નવા પ્રકારની સર્વિસિસ પૂરી પાડવા માટેનું માર્ગદર્શન પૂરું પાડે છે.**

**ઔદ્યોગિક વિકાસમાં અવ્વલ ગણાતા ગુજરાતમાં હજી સુધી એક પણ જીસીસી સ્થાપવામાં આવ્યા નથી. ગુજરાતમાં ગ્લોબલ કૅપેબિલિટી સેન્ટર ડેવપલ થવા જરૂરી છે.**

ઔદ્યોગિક વિકાસ સાધવા અને ટોચ પર રહેવા માગતા દરેક રાજ્યની ગ્લોબલ કૅપેબિલિટી સેન્ટર એક જરૂરિયાત છે. પાવર વૉટર કૂપર હાઉસના એક અહેવાલને ટાંકતાં ગુજરાત ચેમ્બર ઑફ કૉમર્સ ઍન્ડ ઈન્ડસ્ટ્રીઝના પૂર્વ પ્રમુખ શૈલેશ પટવારી કહે છે, ‘ગ્લોબલ કૅપેબિલિટી સેન્ટર કંપનીઓને તેમની મૂળ કુશળતા પર કે કાર્યક્ષમતા પર ધ્યાન કેન્દ્રિત કરતાં શીખવાડે છે. તેને માટે જીસીસીના નિષ્ણાતોની આવડતનો ઉપયોગ કરવામાં આવે છે. જીસીસી ઈનોવેશન કરવા માટે પહેલ કરવાનું શીખવાડે છે. સંશોધન તરફ કંપનીઓને વાળે છે. તેમજ બજારની સ્થિતિને આધારે નવા પ્રોડક્ટ્સ તૈયાર કરવાનું અને નવા નવા પ્રકારની સર્વિસિસ પૂરી પાડવા માટેનું માર્ગદર્શન પૂરું પાડે છે.’ આઈ.ટી. - ઈન્ફોર્મેશન ટેક્નોલૉજીના સેક્ટરમાં અને સેમિકન્ડક્ટર્સના સેક્ટરમાં રિસર્ચ કરી રહેલા નિકુલ શાહનું કહેવું છે, ‘બહુરાષ્ટ્રીય કંપનીઓ દક્ષિણ ભારતના બેન્ગલોર, ચેન્નાઈ અને હૈદરાબાદ જેવાં શહેરોમાં ગ્લોબલ કૅપેબિલિટી સેન્ટર ખાસ્સા



**શૈલેશ પટવારી,**
**પૂર્વ પ્રમુખ GCCI**

એવા પ્રમાણમાં ઊભાં કરી રહ્યા છે. અત્યાધુનિક ગ્લોબલ ટેક્નોલૉજી અંગેની માહિતી અને જ્ઞાન ગ્લોબલ કૅપેબિલિટી સેન્ટરના માધ્યમથી મળી રહે છે. ગુજરાતમાં આ પ્રકારનાં સેન્ટરો હજી સુધી ડેવલપ થયાં નથી. ગુજરાતમાં ગ્લોબલ કૅપેબિલિટી સેન્ટર વધુ સંખ્યામાં ડેવપલ થવાં જરૂરી છે. અત્યારે ગુજરાતમાં આ પ્રકારના બહુ જૂજ સેન્ટરો છે અથવા તો નથી.’ ગુજરાતમાં લેબર્સ વધુ છે. હાઈલી સ્કિલ્ડ મૅન પાવર પ્રમાણમાં ઓછા છે.

ગ્લોબલ કૅપેબિલિટી સેન્ટરની જરૂરિયાત કેમ છે તેનો જવાબ આપતાં તેઓ કહે છે કે કોઈ વિદ્યાર્થી મિકેનિકલ એન્જિનયર થઈને યુનિવર્સિટીમાંથી બહાર આવે છે. તેની પાસે પુસ્તકિયું જ્ઞાન ભરપૂર છે, પરંતુ પ્રૅક્ટિકલ નૉલેજનો અભાવ છે. ગ્લોબલ કૅપેબિલિટી સેન્ટરમાં તેમને હાઈલી સ્કિલ્ડ મશીનરીઓ સાથે

કામ કરવાની તાલીમ અને જાણકારી આપવામાં આવે છે. દરેક બાબતોનું વિશ્લેષણ એનાલિસિસ કરવાનું શીખવાડે છે. સંશોધન અને વિકાસ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરીને આગળ વધતાં શીખવાડે છે. કોઈ પણ કંપનીના વૈશ્વિક બિઝનેસ માટે નવસંસ્કરણ-ઈનોવેશન કરવામાં અને બિઝનેસમાં વૃદ્ધિ કરવામાં કોઈ પણ કંપનીના વ્યૂહાત્મક ભાગીદાર બને છે. આ બધી જ જાણકારી તેમને પ્રૅક્ટિકલ નૉલેજના સ્વરૂપમાં મળે છે. બિઝનેસ એક્સિલન્સ સેન્ટર પણ આ જ હેતુથી ચાલુ કરે છે. પહેલા મેટ્રોસિટીમાં ગ્લોબસ કૅપેબિલિટી સેન્ટર ચાલુ કરવામાં આવતાં હતાં. હવે તેનું ફલક વિસ્તરી રહ્યું છે. ગુજરાતનાં મોટાં સેન્ટરોમાં ગ્લોબલ કૅપેબિલિટી સેન્ટર ન હોવાનું જણાય છે. નિકુલ શાહનું કહેવું છે, 'ગ્લોબલ કૅપેબિલિટી સેન્ટરના માધ્યમથી ઉદ્યોગોને હાઈલી સ્કિલ્ડ મૅનપાવર મળી જાય છે. તેના થકી નવા સ્નાતક કે અનુસ્નાતક થયેલા વિદ્યાર્થીઓ માટે રોજગારીની નવી નવી તક નિર્માણ થાય છે.' નાણાં મંત્રી નિર્મલા સીતારમણ પણ જીસીસીની મહત્તા અંગે તેમનાં વક્તવ્યોમાં અવારનવાર ઉલ્લેખ



**નિકુલ શાહ,**
**રિસર્ચ સાયન્ટિસ્ટ**

કરતાં રહે છે. અત્યાર બહુધા બહુરાષ્ટ્રીય કંપનીઓ જ ભારતમાં ગ્લોબલ કૅપેબિલિટી સેન્ટર સ્થાપી રહી છે. તેમાંય ખાસ કરીને દક્ષિણ ભારતનાં રાજ્યોમાં તેની સંખ્યા વધારે છે. ભારત દેશ અને ભારત દેશના યુવાનોમાં બહુરાષ્ટ્રીય કંપનીઓનો વધી રહેલો વિશ્વાસ પણ જીસીસી-ગ્લોબલ કૅપેબિલિટી સેન્ટરની વધી રહેલા સંખ્યા જ દર્શાવે છે. મોટી મોટી કંપનીઓના જીસીસીના માધ્યમથી મૅનપાવરને તૈયાર કરી આપવાનું કામ બહુરાષ્ટ્રીય કંપનીઓ કરી રહી છે. સાયબર સિક્યોરિટી હોય કે પછી અત્યાધુનિક વિશ્લેષણની કામગીરી હોય તમામની તાલીમ જીસીસીમાંથી યુવાનોને મળી શકે છે. માત્ર વિચારમાં જ હોય તેવી વાતને ટેક્નોલૉજીના માધ્યમથી વાસ્તવિકતાની ભૂમિ પર ઉતારવાની કામગીર પણ જીસીસી કરે છે. તેને માટે કરવાને

## જીસીસીને ટૂંકમાં સમજીએ

1. જીસીસી સ્પેશિયલાઇઝ ટેલન્ટનો લાભ ઉઠાવતા કંપનીને શીખવે છે. કંપનીના ઑપરેશન્સને વધુ એફિશિયન્ટ બનાવતાં શીખવે છે. તેનાથી માત્ર પૈસાની બચત નથી થતી, પરંતુ કંપનીના દરેક કામ સરળતાથી થાય છે

2. જીસીસી કંપનીઓને તેમની મૂળ તાકાત શું છે તેની સમજણ આપે છે અને તેનો મહત્તમ લાભ ઉઠાવતાં શીખવે છે. કંપનીના વિકાસ માટે નવા આઇડિયા લઈને આગળ આવે છે

3. જીસીસી કંપનીઓને રિસર્ચ ઍન્ડ ડેવપલમેન્ટ તરફ વાળે છે. નવા પ્રોડક્ટ્સ તૈયાર કરતાં અને નવી નવી સર્વિસિસ પૂરી પાડવા માટે તૈયાર કરે છે.

4. જીસીસી કંપનીઓને તેમના ફાઇનાન્સનો અને માનવબળનો વધુમાં વધુ ફાયદો મળે તે માટે કાર્ય કરતી કરી આપે છે. કંપનીઓ માટે રો મટીરિયલ મેળવવામાં અને કસ્ટમર્સનો સપૉર્ટ મેળવવામાં મદદ કરે છે.

5. જીસીસી કંપનીઓને જે તે ઇન્ડસ્ટ્રીઝને લગતી આંકડાકીય માહિતીનું વિશ્લેષણ કરીને તેમાં કઈ રીતે આગળ વધવું તેની સમજણ આપે છે. તેના થકી કંપનીઓને વિકાસની નવી ઊંચાઇએ મૂકી આપે છે.

6. જીસીસી કંપનીઓને સરકારી નિયમો-નિયંત્રણોના પાલનમાં ચૂક ન થાય તે માટેની જરૂરિયાતોની સમજણ આપે છે. તેમજ વિશ્વ બજારમાં કામ કરવામાં રહેલાં જોખમોનો આગોતરો અંદાજ આપે છે.

7. જીસીસી કંપનીઓ માટે ઇનોવેશનનું કેન્દ્ર બને છે. કંપનીઓના બિઝનેસ એન્વાયર્નમેન્ટને સુધારે છે. કંપનીના પ્રતિભાવાન કર્મચારીઓની એક કરીને તેમના થકી કંપનીઓને મહત્તમ ફાયદો કરાવવાનું કામ કરે છે.

8. જીસીસી કંપનીઓને બિઝનેસ ઇન્ડસ્ટ્રીઝમાં વૈશ્વિક સ્તરે પ્રવર્તતી સ્થિતિનો અંદાજ આપીને ભવિષ્યમાં ઊભી થનારી જરૂરિયાતનો ખ્યાલ આપીને ભાવિ વિકાસ માટે માટે કંપનીઓને તૈયાર કરે છે. કંપનીઓને નવી આવી રહેલી ટેક્નોલૉજીનો સ્વીકાર કરવા માટે સજ્જ કરે છે.

9. જીસીસી કંપનીઓના કામકાજમાં અને કંપનીઓને થતા નફામાં બહુ જ મોટું પરિવર્તન લાવવાને સમર્થ છે. કંપનીઓને મહત્ત્વની કામગીરી પર ધ્યાન કેન્દ્રિત કરવાનું શીખવે છે. કંપનીના પ્રોડક્ટ્સની ક્વૉલિટી સુધારવામાં મદદ કરે છે.

10. જીસીસી કંપનીઓને વૈશ્વિક આર્થિક ટ્રેન્ડ-ચલણ કે વલણનો વધુમાં વધુ લાભ લેવાનું શીખવે છે. તેના માર્ગદર્શન હેઠળ રોજગારી નિર્માણમાં પાંચ ગણો વધારો થતો હોવાનું કહેવાય છે.

પાત્ર રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટની કામગીર કરવામાં પણ જીસીસી-ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર મદદ કરે છે. કોઈ પણ બિઝનેસ ઈન્ડસ્ટ્રીઝને જોઈતું માર્ગદર્શન આપવાની કામગીરી પણ જીસીસી કરે છે. વિશ્વભરની કંપનીઓને અને તેમની સબસિડિયરીઓ માટે હાઈલી સ્કિલ્ડ મૅનપાવર તૈયાર કરી આપવાની કામગીર જીસીસી કરે છે. આજે ભારતમાં જીસીસી તરીકે સક્રિય કંપનીઓમાં સ્વિસ રે ગ્લોબલ બિઝનેસ સોલ્યુશન્સ ઈન્ડિયા, એજીસીઓ-એગ્કો કૉર્પોરેશન, લૉવેઝ ઈન્ડિયા, આઈટી સેન્ટર-એમઆઈટીસી ઈન્ડિયા, વૉલમાર્ટ ગ્લોબલ ટેક, ઑલ સ્ટેટ ઈન્ડિયા, રેનોં નિશાન ટેક્નોલૉજી ઍન્ડ બિઝનેસ સેન્ટર ઈન્ડિયા, જે. પી. મોર્ગન સર્વિસિસ ઈન્ડિયાનો સમાવેશ થાય છે.

ગોલ્ડમૅન સેચ્સે આપેલા આંકડાંઓ મુજબ જીસીસીના માધ્યમથી ભારતમાં થતી આવકનો વાર્ષિક સર્વગ્રાહી વિકાસદર અંદાજે 11 ટકાની આસપાસનો રહ્યો છે. 2015થી 2023ના સમયગાળામાં જીસીસીની આવક 46 અબજ ડૉલરને વળોટી ગઈ છે. જીસીસીની સંખ્યા પણ 700થી વધીને 1600ની આસપાસની થઈ ગઈ છે. તેમાં 16.60 લાખ યુવાનો નોકરી મેળવી ચૂક્યા છે. આજે પૅરેન્ટ કંપનીઓ અને તેમની વિદેશમાંની સબસિડિયરીઓ વચ્ચે સહયોગ વધવા માંડ્યો છે.




## જીસીસીનો લાભ લેતા મુખ્ય ઉધોગો

જીસીસીની મદદથી તેમના વેપારમાં કે પછી બિઝનેસમાં આમૂલ પરિવર્તન લાવવા ઈચ્છનારાઓ પોતાની કંપનીઓમાં જીસીસીની સેવા લઈ શકે છે. તેમજ જીસીસીના અનુભવીઓનું માર્ગદર્શન લેવા માટે કુશળ વ્યક્તિઓની સેવા પણ મેળવી શકે છે. મોટી કંપનીઓ તેને માટે અલગ વિભાગ પણ ઊભો કરી શકે છે. જીસીસીનો લાભ લેતા બિઝનેસ સેગ્મેન્ટની નીચે આપેલી યાદી સિવાયના ક્ષેત્રની કંપનીઓ પણ તેનો લાભ લેવાનું આયોજન કરી જ શકે છે. જીસીસીનું ઈનહાઉસ ડિપાર્ટમેન્ટ ઊભો કરવાનું વલણ અને ચલણ આવવા માંડ્યું છે.

- સૉફ્ટવેર ઇન્ડસ્ટ્રી
- આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ઇન્ડસ્ટ્રીઝ
- સાયબર સિક્યોરિટી
- ક્લાઉડ કૉમ્પ્યૂટિંગ ઇન્ડસ્ટ્રીઝ
- થર્ડ પાર્ટી સર્વિસ પ્રોવાઇડર્સ
- ડેટા એનાલિટિકલ ઇન્ડસ્ટ્રીઝ

**સાયબર સિક્યોરિટી હોય કે પછી અત્યાધુનિક બિઝનેસ કે પછી કંપનીના ફાઇનાન્સ અને એકાઉન્ટ્સના વિશ્લેષણની કામગીરી હોય તમામની તાલીમ જીસીસીમાંથી યુવાનોને મળી શકે છે. તેમજ માત્ર વિચારમાં જ હોય તેવી વાતને ટેક્નોલૉજીના માધ્યમથી વાસ્તવિકતાની ભૂમિ પર ઉતારવાની કામગીર પણ જીસીસી કરે છે.**

તેઓ ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રૉપર્ટી ક્રિયેટ કરવા ઉપરાંત જાતજાતનાં નવસંસ્કરણો-ઈનોવેશન્સ અને નવી વિકસી રહેલી ટેક્નોલૉજીઓમાં કુશળતા મેળવવાની દિશામાં, ફરજિયાત ડિજિટાઈઝેશન કરવા અને સેન્ટર ઑફ એક્સિલન્સની સ્થાપના કરવાની દિશામાં આગળ વધતા થઈ ગયા છે. 2019-20માં કોરોનાએ દેશ અને દુનિયાને ઝંઝોળી નાખી તે પછી ગ્લોબલ કૅપેબિલિટી સેન્ટરની પ્રવૃત્તિમાં ખાસ્સો વધારો થયો છે. નાસકોમે આપેલા આંકડાંઓ મુજબ વિશ્વના દેશોમાં કુલ જીસીસી-ગ્લોબલ કૅપેબિલિટી સેન્ટર છે તેમાંથી 45 ટકા જીસીસી ભારતમાં છે. ભારતમાં પણ ખાસ કરીને દક્ષિણ ભારતનાં રાજ્યોમા જ તેમની સંખ્યા વધારે છે. તેને કારણે સર્વિસિસ પ્રોવાઈડ કરતી વિશ્વની ફૅક્ટરી તરીકે ભારત ઓળખાવા માંડ્યું છે. જીસીસી મારફતે હાઈલી સ્કિલ્ડ યુવાનોનો મૅનપાવર તૈયાર થઈ રહ્યો છે. તેનો ખાસ્સો લાભ જીસીસીને પણ મળી રહ્યો છે. પૅરેન્ટ કંપનીઓના વિકાસને તેનાથી વેગ પણ મળી રહ્યો છે.

આરંભમાં બહુરાષ્ટ્રીય કંપનીઓએ બેન્ગ્લુરુ, પૂણે અને હૈદરાબાદમાં અસ્તિત્વ ધરાવતી માળખાકીય સુવિધાઓ અને ત્રણેય શહેરોમાં જોવા મળતી પ્રતિભાઓને કેન્દ્રમાં રાખીને ત્રણ શહેરોમાં ગ્લોબલ કૅપેબિલિટી સેન્ટર સ્થાપવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. હવે અમદાવાદ, વડોદરા, કોચી, મૈસૂર, કોઈમ્બતુર અને જયપુરમાં પણ જીસીસી સ્થપાઈ રહ્યા છે. આ શહેરોમાં મિલકતની કિંમતો ઘણી ઓછી છે અને તેમની પાસે માળખાકીય સુવિધાઓ પણ સારી છે. તેનાથી એક બીજો મોટો ફાયદો એ થઈ રહ્યો છે કે પ્રતિભાશાળી યુવાનો તેમના શહેર અને વિસ્તાર છોડીને સારી રોજગારીની તક મેળવવા માટે દૂરદૂરનાં મોટાં શહેરોમાં જતા હતા તેના પર હવે બ્રેક લાગી રહી છે.

આર્થિક વિકાસ માટે ગ્લોબલ ઈકોનોમિક સેન્ટરનો લાભ લેવા માટે તામિલનાડુની સરકાર પગારદારો માટે સબસિડી આપવાનું, પ્રાદેશિક વિકાસ અને નવસંસ્કરણનો લાભ લેવા માટે અનુકૂળ પૉલિસીઓ તૈયાર કરી રહી છે. કર્ણાટકની સરકાર પણ જીસીસી માટે અલગ પૉલિસી (નીતિ) તૈયાર કરવા માંડી છે. બીજી હરોળનાં શહેરોના વિકાસ માટે અને નાનાં શહેરોમાં પણ રોજગારી નિર્માણ

થાય તે માટે જીસીસીની પૉલિસી તૈયાર કરી રહી છે. કાર્યકુશળ માનવબળ તૈયાર કરીને સ્થાનિક સ્તરે જ તેમને રોજગારી મળે તેવા ધ્યેય સાથે નવી નીતિ તૈયાર કરવામાં આવી રહી છે. માળખાકીય સુવિધાઓ ઊભી કરવા ઉપરાંતના લાભ લેવા માટે આ નીતિ તૈયાર કરવામાં આવી રહી છે. મહિલાઓ અને યુવાનોને તેનાથી નવી રોજગારી મળી રહી છે. યુવાનો નવી ટેક્નોલૉજીનું જ્ઞાન પણ તેના માધ્યમથી હાંસલ કરી શકે છે. તેમની વર્તમાન કુશળતાને વધુ નવી ઊંચાઈએ લઈ જવાની કામગીરી પણ યુવાનો કરી શકે છે.

નૅશનલ સ્કિલ ડેવલપમેન્ટ કૉર્પોરેશને ગ્લોબલ સ્કિલ ગૅપ એટલે કે વૈશ્વિક સ્તરે સ્કિલ-કાર્યકુશળતાની જરૂરિયાત અને કાર્યકુશળતાની વાસ્તવિક જરૂરિયાત વચ્ચેના ગાળા અંગે કરેલા અભ્યાસમાં વિશ્વભરમાં જુદાં જુદાં ઔદ્યોગિક સેક્ટરોમાં ભારતીય ટેલન્ટની ડિમાન્ડ સતત વધી રહી છે. તેમાં મહિલાઓ માટે પણ ખાસ્સી તક છે. જીસીસી માત્ર સીધું મૂડીરોકાણ ખેંચી લાવવાનું કે નવી રોજગારીની તક નિર્માણ કરવાનું જ કામ કરતું નથી. તેનાથી બીજા પણ ઘણા ફાયદાઓ થાય છે. આર્થિક વિસ્તરણને તે વેગ આપે છે.

એક, જીસીસી સીધી અને આડકતરી રોજગારી નિર્માણ કરે છે. આડકતરી રીતે તેઓ કાર્યકુશળતામાં વધારો કરવાની ભાવનાને પોષણ આપવાનું કામ કરી રહ્યા છે. તેમજ તેની સાથે સંકળાયેલા જુદાં જુદાં સેક્ટર્સમાં નવી આવક પેદા કરી આપવામાં પણ મદદ કરે છે. બે, બહુરાષ્ટ્રીય કંપનીઓ ઍડ્વાન્સ ટેક્નોલૉજી લાવી રહી છે. તેમજ કંપનીઓના મૅનેજમેન્ટ માટે નવી નવી પદ્ધતિઓ લાવી રહી છે. તેના માધ્યમથી સમગ્ર ઉદ્યોગજગતની કાર્યક્ષમતામાં વધારો કરી રહી છે. ત્રીજું, વ્યાપક ફલક પર વિસ્તરેલી સપ્લાય ચેઇન સ્થાનિક ઉદ્યોગ સાહસિકો માટે નવાં સાહસો કરવાની તક પણ નિર્માણ કરે છે. ઉદ્યોગ સાહસિકતાને વેગ આપવાની સાથોસાથ જ જીસીસી બે કંપનીઓ વચ્ચેના જોડાણને વધુ સંગીન બનાવે છે. આ માટે કરવામાં આવેલી પહેલને કારણે પણ સ્થાનિક સ્તરની માળખાકીય સુવિધાઓમાં વધારો થાય છે. તેનાથી રિયલ એસ્ટેટનો વિકાસ થાય છે. તેમજ ઈન્ફોર્મલ સેક્ટરમાં વિકાસ કરવા માટેનો માર્ગ મોકળો કરી આપે છે.

**ઔદ્યોગિક વિકાસ સાધવા અને ટોચ પર રહેવા માગતા દરેક રાજ્યની ગ્લોબલ કૅપેબિલિટી સેન્ટર હોવા જરૂરી**

2023ના વર્ષમાં ભારતમાં સર્વિસ સેક્ટરની નિકાસમાં 26.6 ટકાનો વધારો થયો હોવાનું અને તેના થકી થતી આવક 322 અબજ ડૉલરને આંબી ગઈ હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઇન્ડિયાના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે. તેમાં ઈન્ફોર્મેશન ટેક્નોલૉજી સેક્ટરનો ફાળો સૌથી મોટો છે. ઈન્ફોર્મેશન ટેક્નોલૉજીના ક્ષેત્રની કંપનીઓ ખાસ કરીને કન્સલ્ટિંગની, સિસ્ટમ ઈન્ટીગ્રેશનની અને મૅનેજમેન્ટ સર્વિસસ પૂરી પાડવાનું કામ કરે છે. આ તમામ સેવાઓની નિકાસ વધારવામાં જીસીસીની ભૂમિકા બહુ જ મહત્ત્વની રહી છે. આ જ દર્શાવે છે કે બહુરાષ્ટ્રીય કંપનીઓ માટે ભારત વાઈબ્રન્ટ નૉલેજ હબ-જ્ઞાનનું ધમધમતું કેન્દ્ર બની રહ્યું છે. આ સાથે જ ભારત ઈનોવેશન અને એક્સપર્ટાઈઝનું વૈશ્વિક કેન્દ્ર બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે. ભારતમાં શિક્ષણ અને તાલીમના સેક્ટરમાં નવું નવું મૂડીરોકાણ આવી રહ્યું હોવાથી ભારત પ્રતિભાવાન યુવાનોની વિશ્વની જરૂરિયાતને પહોંચી વળવામાં



## દેશમાં ક્યાં કેટલા જીસીસી

ભારતમાં ભાડાંની જગ્યા લઈને જીસીસી ચાલુ કરવામાં આવી રહ્યા છે. જાન્યુઆરી-માર્ચ 2024 દરમિયાન ભારતમાં ભાડે લેવામાં આવેલી કૉમર્શિયલ સ્પેસમાંથી 29 ટકા સ્પેસ જીસીસી માટે લેવામાં આવેલી છે. ભારતમાં વિશ્વના અન્ય દેશોની તુલનાએ યુવાનોની સંખ્યા વધારે છે. ભારતની કુલ વસતિમાંથી 50 ટકા વસતિ 25 વર્ષથી નાની વ્યક્તિઓની છે. 35 વર્ષથી નાની ઉંમરના લોકોની ગણતરી કરવામાં આવે તો 65 ટકા ભારતીયો 35 વર્ષથી નાની વયના છે. બીજા શબ્દોમાં કહીએ તો ભારત યુવાનોના દેશ તરીકે જગવિખ્યાત છે. ભારતીય યુવાનો હોશિયાર કે પ્રતિભાશાળી પણ ઘણા છે. ભારતમાં આજે જીસીસી સાથે 16.66 લાખ યુવાનો કામ કરી રહ્યા છે. તેમાંથી 5000 તો વિશ્વના જુદા જુદા દેશોમાં કોઈ ને કોઈ ક્ષેત્રને ટોચનું નેતૃત્વ પૂરું પાડી રહ્યા છે. ગુજરાત ચેમ્બર ઑફ કૉમર્સ ઍન્ડ ઈન્ડસ્ટ્રીઝના પૂર્વ પ્રમુખ શૈલેશ પટવારી પાવર વૉટર કૂપર હાઉસના અહેવાલને ટાંકીને જણાવે છે, ‘જીસીસીના માધ્યમથી 2015થી 2023ના ગાળામાં 46 અબજ ડૉલરની આવક જનરેટ કરવામાં આવી છે. આજે ભારતમાં 16.60 લાખ યુવાનો જીસીસીમાં પ્રોફેશનલ્સ તરીકે રોજગારી મેળવી રહ્યા છે.’

- બેન્ગલુરુ 60 ટકા
- હૈદરાબાદ 26 ટકા
- દિલ્હી 9 ટકા
- મુંબઈ 4 ટકા
- પુણે 1 ટકા

બહુ જ મોટો ફાળો આપવા માગે છે. આ કામ માટે વધુ ને વધુ બહુરાષ્ટ્રીય કંપનીઓ ભારતમાં આવી રહી છે. તેનાથી ભારતનો આર્થિક દરજ્જો વધી રહ્યો છે. આ બહુરાષ્ટ્રીય કંપનીઓ જે તે દેશની હોય તે દેશનાં રાજદૂતાલયો સાથેના ભારતના સંબંધો વધુ ગાઢ બની રહ્યા છે. આમ વિશ્વભરમાં નિર્માણ થઈ રહેલી નવી તક અને જ્ઞાનની દુનિયાના મશાલચી તરીકે ભારતની ઇમેજ વધુ ને વધુ સંગીન બની રહી છે.

ભારતમાં રિસર્ચ વધી રહ્યું છે તેનો બોલતો પુરાવો એ છે કે ભારતમાં પેટન્ટની સંખ્યા ખાસ્સી વધી રહી છે. ભારતમાં દર છ મિનિટે એક ટેક્નોલૉજીના રક્ષણ

# હવે ગુજરાતના નાના શહેરોમાં GCC વધશે

ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર ગુજરાતમાં ન હોવાનું કારણ આપતા ગુજરાતમાં પહેલી જીસીસી લાવનાર વિરાજ મહેતા કહે છે, "ઇન્ફોર્મેશન ટેક્નોલોજીના સેક્ટરમાં તેજીના તરખાટ બે દાયકાથી જોવા મળી રહ્યો છે. વિદેશના કંપનીઓએ કંપનીની બહારના માણસો અને દેશની બહારના માણસોને લેવાનું શરૂ કરીને ગ્લોબલ કેપેબિલિટી વધારવાનો પ્રયાસ કર્યો છે. પરિણામે પૂણે, બેન્ગ્લોર અન હૈદરાબાદમાં જીસીસી ઝડપથી આવવા માંડી હતી. ગુજરાત મેન્યુફેક્ચરિંગમાં મોખરે છે. આઈટીમાં ગુજરાતે અન્ય રાજ્ય જેટલું કાઠું કાઢ્યું નથી.તેથી ગુજરાતમાં ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર ઓછા આવ્યા છે." હવે ટ્રેન્ડ બદલાયો છે. છેલ્લા પાંચ વર્ષમાં ટ્રેન્ડ જુદો જ આવવા માંડ્યો છે. જે કંપનીઓ બહારથી કામ કરાવી લેતી હતી. તેમ કરવાથી તેમનું કોર નોલેજ બહાર પહોંચી જતું હતું. કંપનીઓને સમજાવા માંડી છે કે આપણે બહારથી કામ કરાવી લઈને આપણી કંપનીનું મહત્વનું નોલેજ બહાર મોકલી રહ્યા છીએ. તેથી પોતાની જરૂરિયાત પૂરી કરવા માટે કંપની પોતે જ પોતાના કેપેબિલિટી સેન્ટર ઊભા કરતી થઈ ગઈ છે. હવે હિન્દુસ્તાનના નવા યુવાનોને પોતાને ત્યાં હાયર કરીને ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર વિકસાવવા માંડ્યા છે. પોતાની મૂળ કંપનીને જ વૈશ્વિક સ્તરે ડિમાન્ડ હોય તેવી સર્વિસ માટે સક્ષમ બનાવી દેવાની કામગીરીને ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર તરીકે ઓળખાવવામાં આવે છે.



2019-20માં ભારત અને દુનિયાના દેશોને કોરોનાએ ઝપટમાં લીધુ. તેથી વર્ક ફ્રોમ હોમનું કલ્ચર આવ્યું. કરોડો લોકોએ ઘરમાં બેસીને કંપનીઓને કામ કરી આપ્યું. તેથી કંપનીઓએ ઘરમાં બેસીને જ કરી શકાય તેવા કામનું અલગ લિસ્ટ તૈયાર કરી દીધું છે. તેથી જે કામ બહારથી કરી શકાય તેવા જ કામ વિદેશી કંપનીઓ ભારતીય કંપનીઓને આપવા માંડી છે. બાકીના કામ પોતાને દેશમાં જ કરાવી રહી છે. વર્ક ફ્રોમ હોમના કલ્ચરમાં યુવાનોને હાયર કરીને આ કામ કરાવી રહી છે. હવે આ જ કામ તેમણે ભારતમાંથી કરાવવું હોય તો ભારતમાં પણ તેમના સેન્ટર વિકસાવવા જરૂરી છે. પરિણામે આ પ્રકારના સેન્ટર તેમણે ભારતમાં પણ વિકસાવવા માંડ્યા છે. અત્યાર સુધીમાં 1500 જેટલા ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર ભારતમાં આવી ગયા છે. તેની સંખ્યા સતત વધતી જ જવાની છે. કંપનીના કોર ફાઈનાન્સના કામકાજ, ઓડિટના કામકાજ, એનાલિટિક્સના કામ હોય, સપ્લાય ચેઈનના કામકાજ માટેના એટલે કે મટિરિયલ અને ઈન્વેન્ટરી પ્લાનિંગ માટે પણ પોતાની કંપનીના ભારતના એકમમાં માણસો હાયર કરીને પોતાના કેપેબિલિટી સેન્ટર વિકસાવવા માંડ્યા છે. કોરોનાના કહેરને પરિણામે બીજો એક ટ્રેન્ડ પણ આવ્યો છે. કામ કરવાની કુશળતા ધરાવનારાઓને હવે ઘરથી બહુ દૂર કામ કરવા માટે જવાનું પસંદ નથી. તેથી નજીકના સ્થળે જ કામ મળે તો તે પકડી લે છે. પરિણામે નાના શહેરોમાં પણ ટેલેન્ટ પુલ દેખાય તો કંપનીઓ તે તરફ જઈ રહી છે. પરિણામે ટીયર - ટુ અને ટીયર - 3 સિટીમાં ગ્રોથ વધવાના રસ્તા ખૂલી રહ્યા છે. મોટા શહેરોની દોડધામને બદલે નાના શહેરોમાં સારી રીતે કમાઈને રહેવામાં યુવાનોને વધુ રસ પડવા માંડ્યો છે. તેનો બીજો મોટો ફાયદો એ થયો કે તેમને ભાડાંના ઘર લેવાના ખર્ચમાંથી મુક્તિ મળી છે. તેમ જ નવા શહેરમાં પ્રોપર્ટી વસાવવાની જફામાંથી મુક્તિ મળી રહી છે.

પરંતુ જીસીસી પહેલા ટેલેન્ટ પુલ વધારે હોય ત્યાં જ જીસીસી પહેલા આવે તે સહજ છે. તેનો ફાયદો બેન્ગ્લોર, હૈદરાબાદ, પૂણે, નોઈડા, દિલ્હી અને મુંબઈને મળ્યો છે. આઈટી સેક્ટરમાં આ શહેરો જેવું ટેલન્ટપુલ ગુજરાતમાં નહોતું. તેથી ગુજરાતમાં જીસીસી-ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર આવ્યો નહોતા. હવે ગુજરાતમાં ગિફ્ટ સિટીમાં આ પ્રકારની ચારથી પાંચ કંપનીઓ આવી છે. ગુજરાતમાં અમદાવાદમાં ક્રાફ્ટસ્ટાઈન માટે કેપેબિલિટી સેન્ટર ઊભું કરવાની કામગીરી વિરાજ મહેતાએ કરી છે. બે વર્ષમાં લગભગ 400 જણને હાયર કરી લીધા છે. વિરાજ મહેતા કહે છે કે આ જીસીસીમાં ભારતના રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્રના યુવાનો ગુજરાતમાં આવવા માંડ્યા. ગુજરાતના યુવાનો પણ જીસીસી તરફ આકર્ષાયા છે. હૈદરાબાદ અને બેન્ગ્લોરના યુવાનો પણ અમદાવાદ તરફ આવવા તૈયાર છે. હવે તેઓ ફ્લાઈટમાં સરળતાથી પ્રવાસ કરતાં હોવાથી અમદાવાદ પણ આવવા માંડ્યા છે. ગુજરાતમાં વુમન સેફ્ટી વધારે છે. અમદાવાદના 30થી 35ટકા મહિલા કર્મચારીઓ છે. વુમન સેફ્ટીનો માહોલ તેને માટે જવાબદાર છે. ટીયર વન સિટીમાં કંપનીઓના જોબ બદલવાનું પ્રમાણ(રિટ ઓફ એટ્રીસન) 30 ટકા જેટલું ઊંચું છે. અમદાવાદમાં આ પ્રમાણ 5 ટકાની આસપાસનું જ છે. ગુજરાતમાં આલ્કોહોલ ન હોવાથી લોકો વધુ ગુજરાતમાં આવતા નથી તે માન્યતાને પણ અમદાવાદના જીસીસીએ ખોટી પાડી છે. ગિફ્ટ સિટીમાં બેન્ક ઓફ અમેરિકાએ 2800 કર્મચારીઓ સાથેનું જીસીસી ઊભું કર્યું છે. જીસીસીને ઘણાં જીઆઈસી-ગ્લોબલ ઈનોવેશન સેન્ટર કે ઈન્ટરનેટ ટેક્નોલોજી સેન્ટર તરીકે ઓળખાવે છે. કંપનીના જ કર્મચારીઓ બીજા એક સ્થળે બેસીને કંપની માટેનું મહત્વનું કામ કરે છે. કંપનીના ભાવિ વિકાસ માટે જીસીસી અનિવાર્ય છે. કંપની માટે જ કંપનીમાં જ ટેલેન્ટ પુલ ઊભું કરવાની કવાયત જ છે જીસીસી. અત્યારે લોયલ ટેલન્ટ પુલ વધારે છે. ગુજરાતમાં આઈટી, ફાઈનાન્સ, બિઝનેસ એડમિનિસ્ટ્રેશન, સેલ્સ એન્ડ માર્કેટિંગમાં ગુજરાતમાં સારી ટેલેન્ટ જોવા મળી રહી છે. ગુજરાતની બહારથી પણ ગુજરાતમાં આવવા ઉત્સુકોની કમી નથી જ નથી.

વિરાજ મહેતા કહે છે, "માત્ર આઈટી ઈન્ડસ્ટ્રીને જ કેપેબિલિટી સેન્ટરનો કોન્સેપ્ટ લાગુ પડે તેવું નથી. સિમેન્ટ ઈન્ડસ્ટ્રી કે ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રીની વાત કરો તેમને એનાલિટિક્સની, ફાઈનાન્સની, સપ્લાય ચેઈનની, લોજિસ્ટિક, ઓડિટ અને કંટ્રોલની જરૂર પડશે. કંપનીના દરેક કામ પર નિયંત્રણ રાખવા માટે કંટ્રોલની-મોનિટરિંગની જરૂર પડે છે. આ જરૂરિયાત પૂરી કરવા પુલ ઓફ એ સ્કીલ મેનપાવરની જરૂર પડે છે. ગ્લોબલ કેપેબિલિટી સેન્ટરમાં કામની તાલીમ પણ આપવામાં આવે છે. કંપની સ્પેસિફિક અને વર્ક સ્પેસિફિક ટ્રેનિંગ આપવામાં આવે છે. એકથી દોઢ મહિનામાં તાલીમ આપવામાં આવે છે. દરેક ઈન્ડસ્ટ્રી પોતાના બિઝનેસની જરૂરિયાત પ્રમાણે મેનપાવર ઊભો કરે છે. જીસીસીની સ્થાપના કરે છે. ગૂગલ, કેપજેમિનાઈ, આઈબીએમ, ઈન્ફોસિસ પણ તેના જીસીસી અમદાવાદમાં શરૂ કરી રહ્યા છે."

માટે પેટન્ટ માટે અરજીઓ થઈ રહી છે. 2023ના વર્ષમાં ભારતમાં પેટન્ટ માટે 90,300 અરજીઓ થઈ છે. 26મી એપ્રિલ, 2023ના વર્લ્ડ  ઇન્ટેલેક્ચ્યુઅલ પ્રૉપર્ટી રાઇટ ડે નિમિત્તે નાસકોમે પેટન્ટ ટ્રેન્ડ અંગે બહાર પાડેલા અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું કે 2023ના વર્ષમાં ભારતમાં પેટન્ટ માટે 83,000 અરજીઓ ફાઈલ થઈ હતી. પેટન્ટની અરજીઓ ફાઈલ થવાની બાબતમાં 2022ના વર્ષની તુલનાએ ભારતમાં 34.6 ટકાનો વધારો થયો છે. છેલ્લાં વીસ વર્ષમાં ક્યારે પણ આટલો મોટો વધારો જોવા મળ્યો નથી. 2019થી 2023 દરમિયાન ફાળવવામાં આવેલી પેટન્ટની સંખ્યા પણ બે ગણી વધી ગઈ છે. 15મી માર્ચ 2023થી 14મી માર્ચ 2024ના એક વર્ષના ગાળામાં એક લાખથી વધુ પેટન્ટ આપવામાં આવી છે. આમ ભારતમાં રિસર્ચ ઍન્ડ ડેવલપમેન્ટની કામગીરી વધી રહી છે.

ભારતમાં જીસીસીની વધી રહેલી સંખ્યા દર્શાવે છે કે ભારત ક્વૉલિટી સર્વિસ પૂરી પાડવા માગે છે. તેમજ અનુકૂળ અને સલામત બિઝનેસ એન્વાયર્નમેન્ટ પણ પૂરું પાડવા માગતા દેશ તરીકે ભારતની પ્રતિષ્ઠા વિશ્વમાં વધી રહી છે. તેથી જ ભારતમાં જીસીસીની સ્થાપના માટેની પ્રક્રિયા પૂરી કરવા સિંગલ વિન્ડો સિસ્ટમ દાખલ કરી દેવામાં આવી છે. હવે બીજી હરોળનાં શહેરો-ટીયર ટુ સિટીમાં કે વિસ્તારોમાં જીસીસીની સંખ્યા વધારવામાં આવે તો કંપનીઓમાં સક્રિય વર્કફોર્સ-માનવબળની ઉત્પાદકતામાં ખાસ્સો વધારો થઈ શકે તેમ છે. તેની સાથે જ કામકાજના સ્થળે મહિલાઓની સંખ્યા વધે તે માટે અનુકૂળ વાતાવરણ ઊભું કરવા પર પણ ફોકસ કરવામાં આવી રહ્યું છે.

શૈલેશ પટવારી કહે છે, 'બિઝનેસ અને તેના માધ્યમથી સ્થાનિક વિસ્તારના અર્થતંત્રમાં પરિવર્તન લાવવાની જીસીસીની ક્ષમતાને ધ્યાનમાં રાખીને તેમજ તેના થકી મહિલાઓ વધુ સક્રિય થતી હોવાથી જીસીસીની સંખ્યા વધારવા તરફ દેશના ઘણાં રાજ્યો સક્રિય બન્યાં છે. તેથી આવનારા મહિનાઓમાં ગુજરાત સરકાર પણ આ મોરચે સક્રિય બનશે અને વેપાર ઉદ્યોગના મોરચે દેશના અગ્રણી રાજ્ય ગણાતા ગુજરાતમાં પણ જીસીસી વધુ ને વધુ પ્રમાણમાં સ્થપાય તેવો પ્રયાસ ગુજરાત સરકાર કરશે તેમાં કોઈ જ બેમત નથી. હા, અત્યારે ગુજરાતમાં જીસીસી નથી તે એક અલગ જ વાત છે, કારણ કે 2030ની સાલ સુધીમાં જીસીસીનું માર્કેટ વધીને 110 અબજ ડૉલરનું થઈ જશે અને તેની સંખ્યા અત્યારની તુલનાએ 30થી 35 ટકા વધીને 2500ની આસપાસ પહોંચી જવાની ધારણા મૂકવામાં આવી રહી છે. દરેક તકને ઝડપી લેવા માટે જાણીતું ગુજરાત આ મોરચે પાછળ તો નહિ જ રહે તેવી અપેક્ષા રાખવામાં આવી રહી છે.'



## જીસીસીને કારણે થતા ફાયદાઓ

**01** એક, કંપનીઓના પગાર ખર્ચમાં ઘટાડો થાય છે. માળખાકીય સુવિધાઓ અને કંપનીના ઑપરેશન્સ એક્સપેન્ડિચરમાં ઘટાડો થાય છે. આમ નાણાકીય સ્રોતોની ફાળવણીને વધુ સમ્યક્ બનાવી આપી છે. કંપનીની સ્પર્ધાત્મકતામાં સુધારો લાવી આપે છે.

**02** કંપનીઓને કેવા કુશળ કર્મચારીઓની જરૂર છે તે દર્શાવી કંપનીને સમસ્યાઓનો ઉકેલ આપે છે. કંપનીના ઑપરેશન્સમાં ફેરફાર લાવવા અંગે સુઝાવ આપે છે.

**03** કંપનીના ઓપરેશન્સ પરનો અંકુશ વધારી આપે છે. કંપનીના દરેક ડિપાર્ટમેન્ટ વચ્ચે માહિતીની આપ-લે અને સંકલનને સુધારી આપે છે. દરેકને કંપનીના અંતિમ ધ્યેય પ્રમાણે કામ કરતાં કરી આપે છે

**04** કંપનીના બિઝનેસ સામેનાં જોખમો ઓછાં કરી આપે છે, જુદા જુદા વિસ્તારોમાં વિસ્તરણ કરતી કંપનીઓ સામે આવતા પડકારોને પહોંચી વળવામાં મદદ કરી યોગ્ય માર્ગદર્શન આપે છે. નવા વિસ્તારમાં પણ બિઝનેસને સરળ બનાવી આપે છે. બિઝનેસને અણધારી આફતનો ઓછામાં ઓછો સામનો કરવો પડે તેની તકેદારી રાખે છે.

**05** માર્કેટમાં આવી રહેલા બદલાવ પ્રમાણે કંપનીઓને નવા કયા પ્રોજેક્ટ ચાલુ કરી શકાય તે અંગે માર્ગદર્શન આપે છે. બિઝનેસને વિકાસના ફાસ્ટટ્રેક પર રાખે છે. સ્પર્ધાત્મક રાખે છે.

**06** કંપનીના મૅનેજમેન્ટને સતત નવું શીખતા રહેવાની માનસિકતા ભણી દોરી જાય છે અને તે પ્રમાણે બિઝનેસમાં બદલાવ લાવવાની સૂચના પણ આપતા રહે છે. બિઝનેસના બદલાવ કે બિઝનેસના વિકાસ માટે નવા નવા આઇડિયા પણ આપે છે.

# હવે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટનું પુનરવલોકન થવું જરૂરી

**યુરોપિયન સંઘના દેશો કાર્બન બૉર્ડર ટૅક્સની સિસ્ટમ દાખલ કરી રહ્યા હોવાથી ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ થતાં યુરોપિયન સંઘના દેશોમાં ભારતની નિકાસ વધવાની સંભાવના એક સપનું બનીને રહી જવાની**

**ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટને કારણે ભારતને ઇમ્પૉર્ટમાં ઍડ્વાન્ટેજ મળી રહ્યો છે. ભારતીય ઉત્પાદકોને રૉ મટીરિયલ ટૅક્સ ફ્રી લાવવામાં સરળતા રહે છે. તેમાં વૅલ્યુ ઍડિશન કરીને પ્રોડક્ટ્સની નિકાસ કરવામાં આવે તો ક્વૉલિટીનો ઍડ્વાન્ટેજ પણ મળી રહ્યો છે.**





તેજસ મહેતાઃ ગુજરાત ચેમ્બરની MSME કમિટીના ચેરમેન

ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટને કારણે ભારતના ઉત્પાદકોનાં ઉત્પાદનોને નવું બજાર મળે તેવી ગણતરી હતી. પરંતુ ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટને કારણે થવો જોઈએ તેટલો ફાયદો હજી સુધી થયો હોવાનું જણાતું નથી. માર્ચ 2024ની સ્થિતિએ ભારતે ઍસોસિયેશન ઑફ સાઉથ ઈસ્ટ એશિયન નેશન્સ-એશિયન અને સાર્ક-સાઉથ એશિયન ઍસોસિયેશન ફોર રિજિયોનલ કૉ-ઑપેરેશનના સભ્ય દેશ અફઘાનિસ્તાન, બાંગલાદેશ, ભૂતાન, માલદિવ્સ, પાકિસ્તાન, શ્રીલંકા સાથે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ કરેલા છે. ભારતે નેપાળ, જાપાન, સાઉથ કોરિયા, મોરિશિયસ, યુનાઈટેડ આરબ અમિરાત અને ઑસ્ટ્રેલિયા સાથે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ કરેલા છે. ભારત સાથે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટથી જોડાયેલા ઍસોસિયેશન ઑફ સાઉથ ઈસ્ટ એશિયન નેશન્સના સભ્ય દેશો બ્રુનેઈ, કોમ્બોડિયા, ઈન્ડોનેશિયા, મલેશિયા, મ્યાંમાર, ફિલિપાઈન્સ, સિંગાપોર, થાઈલૅન્ડ અને વિયેટનામનો સમાવેશ થાય છે. તદુપરાંત યુરોપિયન સંઘના ચાર દેશો સાથે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ થયેલા છે. હજી બ્રિટન સાથે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટની ચર્ચા ચાલી રહી છે. ઑસ્ટ્રેલિયા, બ્રિટન અને અખાતના દેશો સાથે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ કરેલા છે. હવે સવાલ એ છે કે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટથી ભારતને જોઈએ તેટલો ફાયદો થાય છે ખરો? આયાત-નિકાસના નિષ્ણાત જયમીન ભાટિયા કહે છે, 'ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ



## નિકાસના બજારમાં પણ ગળાકાપ સ્પર્ધા ચાલી રહી છે, ચીન તરફથી મળતો સપ્લાય ભારત કરતાં ઓછા દામથી મળે ભારતના પ્રોડક્ટ્સની ડિમાન્ડ ન વધે તેવી પણ શક્યતા છે

એ બે કે વધુ દેશો વચ્ચેની આયાત-નિકાસના કામકાજ માટેની સમજૂતી છે. તેમાં ચોક્કસ ગુડ્સ અને સર્વિસીસ પરની કસ્ટમ્સ ડ્યૂટી નાબૂદ કરી દેવામાં આવે છે અથવા તો ઘટાડી દેવામાં આવે છે.' ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ કરીને ભારતમાંથી થતી નિકાસમાં વધારો કરવો એ ભારત સરકારની નેમ છે. ભારતીયોનાં ઉત્પાદનોને વિશ્વના અન્ય દેશોનું બજાર મળે. વાસ્તવમાં તેનાથી ભારતની નિકાસ વધી રહી છે ખરી? કે પછી આયાતમાં જ વધારો થઈ રહ્યો છે? એક્સપોર્ટ-ઈમ્પોર્ટના એક્સપર્ટ ઍનાલિસ્ટ એસ. વી. મોદી કહે છે, 'ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટને કારણે ભારતને ઈમ્પોર્ટમાં ઍડ્વાન્ટેજ મળી રહ્યો છે. ભારતીય ઉત્પાદકોને રૉ મટીરિયલ ટૅક્સ ફ્રી લાવવામાં સરળતા રહે છે. તેમાં વૅલ્યુ એડિશન કરીને પ્રોડક્ટ્સની નિકાસ કરવામાં આવે તો ક્વૉલિટીનો ઍડ્વાન્ટેજ પણ મળી રહ્યો છે. હા, ઈમ્પોર્ટમાં વધુ ફાયદો થાય છે, પરંતુ એક્સપોર્ટમાં જોઈએ તેટલો ફાયદો મળતો ન હોવાનું કેટલાક કિસ્સાઓમાં જોવા મળી રહ્યું છે. ભારતનાં પ્રોડક્ટ્સની ડિમાન્ડ ન હોય તો ભારતની નિકાસ ન વધી શકે છે. બીજી તરફ ચીન તરફથી મળતો સપ્લાય ભારતના સપ્લાય કરતાં ઓછા દામથી મળતો હોય તો તેવા સંજોગોમાં ભારતનાં પ્રોડક્ટ્સની ડિમાન્ડ ન વધે તેવું કહી શકાય તેમ છે. તેમ છતાં લાંબા ગાળે ભારતની



જયમીન ભાટિયા
આયાત-નિકાસના નિષ્ણાત

નિકાસ પર મોટી અસર જોવા મળશે. ભારતમાંથી મોબાઈલની થતી નિકાસ તેનું જ્વલંત ઉદાહરણ છે. તદુપરાંત ભારત મૅન્યુફેક્ચરિંગ હબ બની રહ્યું છે. ભારતની મૅન્યુફેક્ચરિંગની ક્વૉલિટી પણ દુનિયા સાથે સ્પર્ધા કરે તેવી બનવા માંડી છે. તેથી લાંબા ગાળાનો વિચાર કરીને ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ કરવામાં આવી રહ્યા છે. લાંબા ગાળે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ ઍડ્વાન્ટેજિયસ જ બનશે.' આયાત-નિકાસના ક્ષેત્રના અભ્યાસુ જયમીન ભાટિયા કહે છે, 'ભારતની નિકાસમાં વર્ષે દહાડે સરેરાશ 7

ટકાનો વધારો થાય છે. ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ થતાં તેમાં વધારો જરૂર થશે.'

તેમ છતાંય ઘણા નિષ્ણાતો માને છે કે ફ્રી ટ્રેડ એગ્રીમન્ટનું પુનરવલોકન જરૂરી છે. તેમાંય ખાસ કરીને ડેવલપ કન્ટ્રી સાથેના ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ અંગે નવેસરથી વિચાર થવો જોઈએ. ભારતે મોરેશિયસ, યુએઈ, ઑસ્ટ્રેલિયા સહિતના ચાર દેશો સાથે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ કર્યા છે. યુનાઈટેડ કિન્ગ્ડમ અને ઓમાન સાથે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ માટે ચર્ચા ચાલી રહી છે. પેરુ અને બીજા દેશો સાથે પણ ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટની ચર્ચા ચાલી રહી છે. એફટીએનો અભ્યાસ કરીને બ્રિટનના જ ડિપાર્ટમેન્ટ ઑફ ઇન્ટરનૅશનલ ટ્રેડ આગાહી કરી છે કે ભારત અને બ્રિટન વચ્ચે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ થાય તો આગામી દસ વર્ષમાં એટલે કે 2025 સુધીમાં ભારત અને બ્રિટન વચ્ચેના

**એફટીએ કરવામાં પર્યાવરણને લગતી શરતોનો સ્વીકાર કરી લેવામાં આવે તો ભારતના નાના અને મધ્યમ ઉદ્યોગો માટે તેમનાં ઉત્પાદનો ભારતમાં વેચવા પણ મુશ્કેલ બની જશે.**

10.6 અબજ પાઉન્ડનો વધારો થવાની સંભાવના રહેલી છે. આમ વરસે દહાડે 1 અબજ પાઉન્ડનો સરેરાશ વધારો થવાની સંભાવના દર્શાવવામાં આવી છે. આજે ભારતની વાર્ષિક નિકાસ 776 અબજ ડૉલરની છે તેમાં ઘટાડો થઈ જવાની સંભાવના દર્શાવવામાં આવી છે. માત્ર બ્રિટન સાથેના ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટની જ વાત નથી. અત્યારે ભારત જે જે દેશો સાથે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ કરવા સક્રિય થઈ રહ્યું છે તે દેશોમાં થનારી નિકાસમાં બહુ મોટો વધારો આવી જવાની સંભાવના દેખાતી નથી. બીજી તરફ બ્રિટન અને યુરોપિયન સંઘના દેશોમાં નિકાસ વધારવી એ માત્ર ભારત માટે સપનું જ બનીને રહી જવાની સંભાવના છે. કારણ કે યુરોપિયન સંઘના દેશો કાર્બન બોર્ડર ટેક્સની સિસ્ટમ દાખલ કરી રહ્યા છે. તેથી જ ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ થવાને કારણે ભારતમાંથી યુરોપિયન સંઘના દેશોમાં નિકાસ વધી જવાની સંભાવના એક સપનું બનીને રહી જાય તેમ જણાય છે. યુરોપિયન સંઘના દેશોમાં નિકાસવૃદ્ધિની શક્યતા ઓછી છે. તેમજ યુરોપિયન સંઘ સિવાયના દેશોમાં પણ નિકાસ વધે તેવી બહુ શક્યતા દેખાતી નથી.

ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ સાથે શ્રમિકોને લગતા નિયમો, પર્યાવરણ, જેન્ડર-જાતિ, ભ્રષ્ટાચાર, નિયંત્રણમાં સુસંગતતા સહિતના મુદ્દાઓનો સમાવેશ કરી લેવામાં આવ્યો હોવાથી તેની ભારત પર અવળી અસર પડી શકે છે. જયમીન ભાટિયા કહે છે, 'ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટમાં ડ્યૂટી માફી અને ડ્યૂટીના ઘટાડા ઉપરાંત અન્ય શરતો રાખીને પણ વધારે બિઝનેસ મેળવી લેવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. તેને પરિણામે બે દેશ વચ્ચેની વેપારી ખાધ એટલે કે આયાત અને નિકાસ વચ્ચેની સમતુલા એકદમ ખોરવાઈ જતી હોવાનું પણ બને છે. તેથી ભારત સરકાર વધુ સાવચેતી ભર્યો અભિગમ અપનાવતી થઈ ગઈ છે. ચીન જેવા દેશમાંથી કોઈ પણ જાતના અંકુશ વિના જ ભારતમાં કોઈ વસ્તુની કે સેવાની

## ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટની કેટલીક શરતો

- આયાત ડ્યૂટી ઘટાડી દો અથવા તો શૂન્ય કરી દો
- અન્ય દેશના માર્કેટમાં વધુ છૂટથી પ્રવેશવાની તક આપો
- માલના સપ્લાયની વધુ વિશ્વસનીય સપ્લાય ચેઈન ઊભી કરો
- દેશો વચ્ચેના વેપાર માટે પૉઝિટીવ માહોલ ઊભો કરો.



આયાત થયા કરે તો તેને પરિણામે સ્થાનિક ઉદ્યોગ ખતમ થઈ જવાનો ખતરો પણ રહેલો છે.' આમ અત્યારે વેપારથી દૂર જાય તેવા ઘણા મુદ્દાઓ આગળ કરીને વિકસિત દેશો ફ્રી ટ્રેડના કરાર કરી રહ્યા છે. તેની જુદી જ અસર ભારતની નિકાસ પર પડી શકે છે. કાર્બન બોર્ડર ટૅક્સ નાખવાની વ્યવસ્થાનું ઉપર આપેલું ઉદાહરણ તેનો બોલતો પુરાવો છે.

નિષ્ણાતો કહે છે કે પર્યાવરણ, શ્રમિકો માટેની વર્કિંગ કન્ડિશન કે પછી મહિલા અને પુરુષ કર્મચારીઓ વચ્ચેના પગારના તફાવત સહિતની શરતો મૂકવામાં આવે તો ભારતના ઉત્પાદકોનો ઉત્પાદન-ખર્ચ વધી જવાની સંભાવના રહેલી છે. તેની સીધી અસર હેઠળ ભારતની સ્પર્ધાત્મકતા જ ખતમ થઈ જવાની શક્યતા રહેલી છે. પરિણામે એક્સપૉર્ટ વધારવાની વાત બાજુએ રહી જાય અને બીજા દેશો પોતાનાં ઉત્પાદનો ભારતના બજારમાં ઠાલવતા થઈ જાય તેવી શક્યતા રહેલી છે. આમ વેપાર સહિતના મુદ્દાઓ આગળ કરીને કોઈ દેશમાંથી થતી નિકાસમાં અવરોધ ઊભો કરવાની પ્રવૃત્તિ પણ ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટના માધ્યમથી કરવામાં આવી રહી છે. આ પ્રકારના અવરોધો ઊભા કરવામાં આવે તો ભારતની નિકાસમાં ગાબડું પડી જવાની સંભાવના રહેલી છે.

ભારત સાથે કરવામાં આવતા સંખ્યાબંધ ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટમાં મૂકવામાં આવેલી શરતો ભારતને માટે ખાસ્સી નુકસાનકારક બની શકે છે. યુરોપિયન સંઘની કાર્બન બોર્ડર ટૅક્સની જોગવાઈથી પર્યાવરણને બચાવવાની દિશામાં ઓછું કામ થશે. પરંતુ કાર્બન બોર્ડર ટૅક્સની જોગવાઈ સહિતની શરતોના અમલનું દબાણ હોવાને કારણે ભારત નિકાસ નહિ વધારી શકે, પરંતુ ભારતે આયાતી વસ્તુઓ પર જ વધુ મદાર

## કરાર કર્યા પછી ભારતની નિકાસ કેટલી વધી

**ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ કર્યા પછી ભારતની નિકાસ વધી છે. આ નિકાસ કયા દેશમાં કેટલી વધી તેના આંકડાઓ વાણિજ્ય મંત્રાલયે આપ્યા છે.**

| દેશનાં નામ | 2011માં | 2021માં |
|---|---|---|
| સિંગાપોર, મલેશિયા, થાઈલૅન્ડ | 34.5 | 40.6 |
| જાપાન | 5.6 | 6.1 |
| સાઉથ કોરિયા | 4.6 | 7.0 |
| નેપાળ-ભૂતાન | 13.0 | 31.6 |

(વેપારમાં થયેલો વધારો (અબજ અમેરિકી ડૉલરમાં)

સ્રોતઃ ડિરેક્ટોરેટ જનરલ ઑફ કોમર્શિયલ ઇન્ટેલિજન્સ એન્ડ સ્ટેટેસ્ટિક્સ)

**યુરોપિયન સંઘની કાર્બન બોર્ડર ટૅક્સની જોગવાઈથી પર્યાવરણને બચાવવાની દિશામાં ઓછું કામ થશે. પરંતુ તેની શરતોના અમલના દબાણથી ભારત નિકાસ નહિ વધારે અને ભારતની આયાત નિર્ભરતા વધી જશે**



### એફટીએમાં વેપાર સિવાયના અવરોધ

- યુરોપિયન સંઘના દેશો સાથેના એફટીએમાં ઇન્ટેલેક્ચ્યુઅલ પ્રૉપર્ટી રાઇટમાં ડેટા એક્સક્લુઝિવિટીની શરતને કારણે ભારતની જેનરિક દવાઓના ભાવ વધી જવાની શક્યતા નિર્માણ થતાં ભારતે પીછેહટ કરવી પડી હતી.
- એફટીએમાં માનવ અધિકારને લગતી અને ટકાઉ વિકાસ-સસ્ટેઇનેબલ ડેવલપમેન્ટને લગતી કેટલીક શરતો પણ ભારતને માટે મુશ્કેલી સર્જતી હોવાથી ભારત તેમાં આગળ વધવામાં ખચકાટ અનુભવે છે.

બાંધવો પડશે. તેમની શરતોમાં પર્યાવરણને સાચવવામાં મદદ કરતી વસ્તુઓ પરની કસ્ટમ્સ ડ્યૂટી કાઢી નાખવાની, રિન્યુએબલ એનર્જીના ઉત્પાદન માટે જોઈતાં ઉપકરણોની સરકાર દ્વારા ખરીદવામાં આવતી વસ્તુઓમાં અને વીજળીના સંગ્રહ માટેનાં સાધનો ખરીદવાની બાબતમાં સ્થાનિક મૅન્યુફેક્ચરર્સ અને વિદેશી મૅન્યુફેક્ચરર્સ કે સપ્લાયર વચ્ચે કોઈ જ ભેદ ન રાખવાની શરત ભારતને માટે નુકસાનકારક સાબિત થઈ શકે છે. તેને માટેના ધોરણે એફટીએ-ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ કરનારા દેશ જેવા હોવા જોઈએ તેવી શરતોનો સ્વીકાર કરવામાં આવે તો દેશના ઉત્પાદકો પર અવળી અસર પડી શકે છે. એફટીએ કરવામાં પર્યાવરણને લગતી શરતોનો સ્વીકાર કરી લેવામાં આવે તો ભારતના નાના અને મધ્યમ ઉદ્યોગો માટે તેમનાં ઉત્પાદનો ભારતમાં વેચવા પણ મુશ્કેલ બની જશે. તેમ થાય તો વિદેશી સપ્લાયરો ભારતીય બજાર પર કબજો જમાવીને બેસી જશે. તેમાંય ખાસ કરીને વિકસિત દેશોના નિકાસકારો તેમના પ્રોડક્ટ્સ થકી ભારતના બજાર પર વર્ચસ્વ જમાવ લેશે.

ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ કરનારા કેટલાક દેશો

**એફટીએના માધ્યમથી જ નિકાસમાં વધારો થઈ શકે છે તે માન્યતા ભૂલભરેલી છે. ભારતમાંથી નિકાસ વધારવી હોય તો સ્થાનિક સ્તરે જ ચોક્કસ પગલાં લઈને વધારી શકાશે**

ભારતમાંના અને તેમાંય ખાસ કરીને ભારતની જેમ વિકાસની દિશામાં આગળ વધી રહેલા દેશોના કુદરતી સ્રોતો પર કબજો કરી લેવા પર નજર માંડીને બેઠા હોય તેવું જણાય છે. ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટમાં મૂકવામાં આવતી કેટલીક શરતોને પરિણામે કુદરતી સ્રોતો પર એક્સપોર્ટ ટૅક્સ લાગુ કરી શકાતો નથી. વાતાવરણમાં કાર્બન ઉત્સર્જન ઓછું થાય તે માટે કેટલાંક મહત્ત્વનાં ખનીજોને લગતા કુદરતી સ્રોતો પર ટૅક્સ લાદવા પર મનાઈ ફરમાવીને તેઓ ભારતને વૅલ્યુ એડિશન કરી શકે તેવા ઉદ્યોગોને ભારતમાં વિકસવા જ દેશે નહિ. આ પ્રકારની શરતો મૂકીને વિદેશી સરકારો ભારતના ઉત્ખનન ક્ષેત્ર પર આડકતરો અંકુશ મેળવી લેવાની ફિરાકમા છે. ઉત્ખનનમાં એફટીએના ભાગીદાર દેશો અને ભારતીય ઉત્ખનન કરનારાઓ એક જ હરોળમાં આવી જાય તેમ છે. દરિયાઈ વિસ્તારોમાં ગૅસ શોધી કાઢવા માટે કરવામાં આવી રહેલા શારકામથી પર્યાવરણને હાનિ ન પહોંચે તેને માટેના સ્ટાન્ડર્ડ્સ બહુ જ ઊંચા લઈ જઈને તેઓ ભારતના કુદરતી સ્રોતો પર પોતાનું વર્ચસ્વ જમાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેને માટે દાયિત્વ સાથે કુદરતી સ્રોતનો ઉપયોગ કરવાની અને ઉત્ખનન કરવાની શરતો પણ તેઓ લાદવાનો પ્રયાસ કરી રહ્યા છે. માઈનિંગના પ્રોજેક્ટ માટે મંજૂરી આપતા પૂર્વે પર્યાવરણ પર તેની પડનારી અસરોની આકારણી કરવા માટે બાંયધરી આપવાની શરતો મૂકીને સ્થાનિક શારકામ કરનારાઓની કામગીરી કઠિન બનાવી શકે છે. આ રીતે કુદરતી સ્રોતો પર કબજો જમાવીને ડિજિટલ ટ્રેડનો આગ્રહ રાખીને તેઓ સરકારી ડેટા પણ હસ્તગત કરી લેવાની પેરવી કરી રહ્યા હોવાની શક્યતાને નકારી શકાતી નથી. સર્વજનના આરોગ્ય માટે એક જ પહેલ કરવા માટેની જોગવાઈના માધ્યમથી પેથોજન ડેટા એટલે કે માણસ અને જાનવરોમાં રોગ વધારતા માઈક્રો ઑર્ગેનિઝમ અંગેની માહિતી મેળવી લે તેવી પણ સંભાવના રહેલી છે. તેની મદદથી રોગચાળા પર નિયંત્રણ કઈ રીતે મેળવવું તેની વિગતો પણ હાંસલ કરી લે તેવી સંભાવના રહેલી છે.



આયાત-નિકાસના નિષ્ણાતોનું માનવું છે કે એફટીએના માધ્યમથી જ નિકાસમાં વધારો થઈ શકે છે તે માન્યતા ભૂલભરેલી છે. ભારતમાંથી નિકાસ વધારવી હોય તો સ્થાનિક સ્તરે જ ચોક્કસ પગલાં લઈને વધારી શકાશે. આ પગલાંઓમાં ભારતીય ઉત્પાદનોની આંતરરાષ્ટ્રીય બજારમાં સ્પર્ધાત્મકતા વધારવાના, પ્રોડક્ટ્ની ગુણવત્તા સુધારવાની, તેને માટે માળખાકીય સુવિધાઓ વધારવાના, મૂડી ખર્ચમાં ઘટાડો કરવાના, એક્સપૉર્ટ ફાઈનાન્સ માટેના વ્યાજદર ઓછા રાખવાના તેમજ ટ્રાન્ઝેક્શન કૉસ્ટમાં ઘટાડો કરવાનાં પગલાંનો સમાવેશ થાય છે. નૉન ટ્રેડ બેરિયર- વેપાર સિવાયની શરતો મૂકીને અવરોધો ઊભા કરીને ભારતીય બજાર પર વર્ચસ્વ જમાવવાના પરદેશી વેપાર ઉદ્યોગના મનસૂબાઓ બર આવવા દેવા ન જોઈએ. તેમાં જ ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટની સફળતા રહેલી છે.



# ઈરાન-ઇઝરાયલ વચ્ચેના સંઘર્ષથી નાના-મધ્યમ ઉદ્યોગોની હાલત કફોડી

ઇઝરાયલ અને ઈરાન વચ્ચેના સંઘર્ષને પરિણામે વિશ્વનો વેપાર ખોરવાયો છે. ઈરાનના સમર્થન હેઠળ સક્રિય બનેલા હાઉથી હુમલાખોરો એટલે કે દરિયાઈ ચાંચિયાઓ રાતા સમુદ્રમાંથી પસાર થતા માલવાહક જહાજો પર ડ્રોનથી હુમલા કરી રહ્યા છે. રાતા સમુદ્રની સ્થિતિ આજે લગભગ એક વર્ષ પછીય સુધરવાનું નામ લેતી નથી. પરિણામે ભારતના વૈશ્વિક વેપાર પર અસર પડી રહી છે. ચોખાની અને અન્ય વસ્તુઓની નિકાસને ફટકો પડ્યો છે. તેની ચેઈન ઈફેક્ટ આવે છે. નિકાસની ગતિ મંદ પડતાં પ્રોડક્શન સાઈકલ પણ તેની મંદ પડી રહી છે.

ઉદાહરણ આપીને વાત કરીએ. નિકાસ માટેના શિપમેન્ટમાં વિલંબ થાય કે પછી ખોરવાઈ જાય તો તેની અસર હેઠળ કંપનીનું ઉત્પાદન ધીમું થઈ જાય છે. ભારતમાંથી યુરોપમાં મોકલવામાં આવતા નિકાસના કન્સાઈન્મેન્ટ પહોંચતાં પહેલાં સરેરાશ 63 દિવસ લાગતા હતા. આજે નિકાસના કન્સાઈન્મેન્ટ પહોંચતાં સરેરાશ 87 દિવસ લાગી રહ્યા છે. નિકાસ સાથે સંકળાયેલી કંપનીઓએ આપેલો આ અંદાજ છે.

બીજું, શિપમેન્ટનો ખર્ચ પાંચ ગણો વધી ગયો છે. ઑક્ટોબર 2023માં ભારતમાંથી યુરોપમાં 20 ફૂટના કન્ટેઈનરમાં માલ મોકલવા માટેનો ચાર્જ 500 અમેરિકી ડૉલર હતો તે આજે વધીને કન્ટેઈનર દીઠ 2500 અમેરિકા ડૉલર થઈ ગયો છે.

**નિકાસ માટેના શિપમેન્ટમાં વિલંબ થાય કે પછી ખોરવાઈ જાય તો તેની અસર હેઠળ કંપનીનું ઉત્પાદન ધીમું થઈ જાય છે**

**ભારતમાંથી યુરોપમાં મોકલવામાં આવતા નિકાસના કન્સાઇન્મેન્ટ પહોંચતાં પહેલાં સરેરાશ 63 દિવસ લાગતા હતા. આજે નિકાસના કન્સાઇન્મેન્ટ પહોંચતાં સરેરાશ 87 દિવસ લાગી રહ્યા છે.**

યુરોપમાં કન્સાઈન્મેન્ટનું શિપમેન્ટ કરવાના ચાર્જમાં 400 ટકાનો વધારો થયો છે. અમેરિકાના પૂર્વના કિનારાઓના વિસ્તારમાં શિપિંગ કન્સાઈન્મેન્ટ મોકલવાનો કન્ટેઈનર દીઠ ચાર્જ વધીને અંદાજે 4500 અમેરિકી ડૉલર થઈ ગયો છે. અગાઉ આ જ વિસ્તારમાં શિપિંગ કન્સાઈન્મેન્ટ મોકલવા માટે 20 ફૂટના કન્ટેઈનર માટે 1500 અમેરિકી ડૉલર ચૂકવવાના આવતા હતા. આમ તેમાં 200 ટકાનો વધારો આવી ગયો છે.

ત્રીજું, શિપમેન્ટ કર્યા પછી ડિલિવરીમાં વિલંબ થતાં ગોદામમાં પડેલો માલ ત્યાં જ અટકી જાય છે. ડિલિવરી આપવાની ડેડલાઈન ચૂકી જવાય છે. પરિણામે ઑર્ડર સમયસર આપીને બાયર્સ કે કસ્ટમર્સને સંતુષ્ટ રાખવાની તેની ક્ષમતા ઘટી જાય છે. કસ્ટમર્સ અને સપ્લાયર્સ કે મૅન્યુફેક્ચરર્સ વચ્ચેના સંબંધો-રિલેશન બગડે છે. ચોથું શિપિંગમાં થતા વિલંબની સીધી અસર ઉત્પાદકતા પર પડે છે. ગોદામમાં જ ઈન્વેન્ટરી વધતી જતી જોઈને ઉત્પાદન પર બ્રેક લાગી જાય છે અથવા તો લગાડવાની ફરજ પડે છે. આમ ઉત્પાદકતા ઘટતાં ઉત્પાદનનો ખર્ચ વધી જાય છે. કામદાર દીઠ સરેરાશ આઉટપુટમાં ઘટાડો થાય છે. તેની સીધી અસર હેઠળ નાના અને મધ્યમ ઉદ્યોગોની નફાકારકતા તેને કારણે ખોરવાઈ જાય છે. મોટા ઉદ્યોગની નફાકારકતા પર પણ તેની વિપરીત અસર પડે જ છે.

### 2024માં નિકાસ ઘટતાં ચિંતા વધી

કેન્દ્રના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે 25મી જૂને નિકાસકારો સાથે આ મુદ્દે ચર્ચા કરવા માટે બેઠક યોજી હતી. રાતા સમુદ્રની સ્થિતિમાં તત્કાળ કોઈ પરિવર્તન આવે તેવા આસાર મળતા નથી. આ સ્થિતિનો પ્રતીકાર કરીને કે તેમાંથી માર્ગ કાઢીને નિકાસ કેમ વધારવી તે અંગે ચર્ચાવિચારણા કરી હતી. ભારત સરકારની ચિંતા વધે તેનુંય કારણ છે. 2024-25ના નાણાકીય વર્ષમાં ભારતની આયાત વધીને 675.4 અબજ ડૉલર થઈ છે. તેની સામે નિકાસ 437.1 અબજ ડૉલર થઈ છે. આ સંજોગોમાં જે દેશો સાથે ફ્રી ટ્રેડ ઍગ્રીમેન્ટ કરવામાં આવ્યા છે તે દેશો સાથેના વેપાર વહેવાર માટેની સ્ટાન્ડર્ડ ઑપરેટિંગ પ્રૉસિજર નક્કી કરવાનો પ્રયાસ ભારત સરકાર કરી રહી છે.

ગુજરાત ચેમ્બરની એમએસએમઈ કમિટીના ચેરમેન તેજસ મહેતાનું કહેવું છે કે, "રાતા સમુદ્રની સમસ્યાને કારણે લોજિસ્ટિકની સમસ્યા વધી છે. લોજિસ્ટિક કંપનીઓ તેનો ભરપૂર લાભ ઊઠાવી રહી છે. તેથી નાની કંપનીઓને ઘણું નુકસાન થઈ રહ્યું છે. તે જ તેમના કમિટમેન્ટમાં પણ નિષ્ફળ જઈ રહ્યા છે.કસ્ટમર્સની તાત્કાલિક જરૂરિયાત માટે એરશિપમેન્ટ કર્યું હોવાથી ભાડાંનો ખર્ચ વધી જાયછે. પરંતુ કસ્ટમરને સાચવવા માટે કરવું પડે છે. આ સમસ્યાનુ તત્કાળ સોલ્યુશન દેખાતું નથી."

**વીમાના કન્ટેઇનરદીઠ પ્રીમિયમમાં 100**

**યુરોપમાં કન્સાઇન્મેન્ટનું શિપમેન્ટ કરવાના ચાર્જમાં 400 ટકાનો અને અન્ય દેશોમાં નિકાસના કન્સાઇન્મેન્ટ મોકલવાના ખર્ચમાં 100 ટકાનો વધારો થયો છે.**

**નિકાસના કન્સાઇન્મેન્ટ પર લેવામાં આવતા વીમાના પ્રીમિયમમાં 100 ટકાનો વધારો થઈ ગયો છે**

**ભારત સરકારે રૂ. 1.97 લાખ કરોડના ખર્ચે ચાલુ કરેલી પ્રોડક્શન લિન્ક ઇન્સેન્ટિવ સ્કીમના લાભો એળે જવા માંડ્યા હોવાથી સ્કીમની મુદત વધારી આપવાની માગણી કરવામાં આવી**

**ટકાનો વધારો**

બીજીતરફ ઈરાન અને ઈઝરાયલ વચ્ચેના સંઘર્ષને પરિણામે રાતા સમુદ્રમાંથી પસાર થતાં જહાજો પર હુમલા થતા હોવાથી અને હુમલા થવાનું જોખમ વધી ગયું હોવાથી આ વિસ્તારમાંથી માલ લેવા અને લાવવા માટે પસાર થઈ રહેલા કન્ટેઈનર્સમાં મોકલેલા માલને નુકસાન થવાનો ખતરો વધી ગયો છે. આ ખતરો વધ્યો હોવાથી વીમાના પ્રીમિયમમાં વધારો થયો છે. પહેલાં જહાજમાં લઈ જવામાં આવતા માલના મૂલ્યના અડધા ટકા જેટલું પ્રીમિયમ વીમા કંપનીઓ લેતી હતી. હવે નિકાસના માલના કુલ મૂલ્યનો એક ટકો રકમ પ્રીમિયમ તરીકે વસૂલતી થઈ ગઈ છે. આમ વીમાના પ્રીમિયમમાં સો ટકાનો વધારો આવી ગયો છે.

**તૂટી રહેલા નિકાસકારોની માગણી**

ભારતના નિકાસકારોએ ભારત સરકાર પાસેથી પ્રોડક્શન લિન્ક ઈન્સેન્ટિવ સ્કીમની સમયમર્યાદામાં વધારો કરવાની માગણી મૂકી છે. તેની સાથે સાથે જ હાઈ ઍન્ડ લક્ઝરી ગુડ્સ બનાવવા માટે વાપરવામાં આવતા વેટ બ્લૂ લેધરની આયાત પર લેવામાં આવતી ડ્યૂટીમાં વધારો કરી દેવાની માગણી કરવામાં આવી છે.

પશુની ચામડીમાંથી ચામડું બનાવવા માટે ટૅનિંગ એટલે કે ચામડું કમાવવાની પ્રક્રિયા કરવામાં





# ભારતથી યુરોપ થતી નિકાસમાં 50 થી 70 ટકા ઘટાડો

ગુજરાતમાંથી કૃષિ ઉપજની અને કેમિકલ્સની નિકાસ કરતી ગ્લોબેક્સો ઈન્ડિયા ઈન્કોર્પોરેશનના ભાગીદાર અમન જૈનનું કહેવું છે, "રાતા સમુદ્રમાં ચાલુ થયેલા ટંટાફિસાદને પરિણામે ભારતમાંથી યુરોપના દેશોમાં થતી નિકાસમાં અંદાજે 70 ટકાનો ઘટાડો આવી ગયો છે. નૂર દરમાં બસોથી અઢીસો ટકાનો વધારો થઈ ગયા છે. તેથી કોસ્ટિંગ સેટ થતું નથી. જૂના ઓર્ડર આપનારાઓ નવા ખર્ચ માન્ય કરતાં નથી. તેમની સાથે ચર્ચા વિચારણાં ચાલુ છે. તેમાંથી કેટલાક ખરીદદારો નવા દર પ્રમાણે નાણાં ચૂકવવા તૈયાર છે. કેટલાક તેને માટે તૈયાર નથી. ભારતથી ઈસ્તંબૂલ બંદર પર 20 ફૂટનું કન્ટેઈનર લઈ જવાના દર 800થી 900 ડૉલર હતા. આજે તે દર વધીને 3000 ડૉલર થઈ ગયા છે. તેની સાથે શિપમેન્ટમાં વિલંબ પણ ઘણો થઈ રહ્યો છે. યુરોપના દેશોમાં કન્ટેઈનર મોકલવા માટે પહેલા 35 દિવસનો સમય લાગતો હતો. હવે આ સમય વધીને બાવન-52 દિવસ થઈ ગયો છે. ભારતથી યુરોપ જતાં જહાજો રાતા સમુદ્રને છોડીને હવે આફ્રિકા થઈને જવા માંડ્યા છે. તેથી કન્ટેઈનર્સની શોર્ટેજ વધી ગઈ છે. ત્રીજું, તેને પરિણામે બંદર પર જ માલનો ભરાવો એકદમ વધી ગયો છે." બીજું લાંબા અંતરે જતાં કન્ટેઈનર્સનું ટ્રાન્સશિપમેન્ટ થાય છે. ભારતમાંથી નીકળીને સીધું તે તેના ડેસ્ટિનેશન પર જતું નથી. વચ્ચે તેને કોઈ બંદર પર ઉતારવામાં આવે છે અને ત્યાંથી બીજા જહાજમાં તેના ગંતવ્યસ્થાને પહોંચાડવામાં આવે છે. આ ટ્રાન્સશિપમેન્ટના બંદરે જ કન્ટેઈનર્સનો ભરાવો અત્યંત વધી ગયો છે. પરિણામે ટ્રાન્ઝિટ ટાઈમ 52-55થી વધીને 70 દિવસનો પણ થઈ જાય છે. ટ્રાન્સશિપમન્ટના કન્ટેઈનર્સને જે બંદરે ઉતારવાના હોય તે બંદરે તેને ઉતારવાની જગ્યા જ મળતી નથી. તેમ જ તે બંદરેથી બીજા દેશના બંદર પર મોકલવા માટેના જહાજ પણ મળતા નથી. ભારતના મેન્યુફેક્ચરર્સના પ્રોડક્શન ધીમા પડી રહ્યા છે. તેમના માર્જિન ઘસાઈ ગયા છે. પરિણામે પશ્ચિમના દેશોમાં જે માલ મોકલવાનો હતો તે જ માલ હવે પૂર્વના દેશોમાં એટલે કે વિયેટનામ, ચાઈના અને ઈન્ડોનેશિયા જેવા દેશોમાં મોકલવો પડી રહ્યો છે. આ માર્કેટ સસ્તા માર્કેટ હોવાથી ભારતીય નિકાસકારો તેમના માલ આ દેશોમાં મોકલવાનું બહુ પસંદ કરતાં નથી. યુરોપના દેશોમાં નિકાસ કરવા પર મળતાં માર્જિન જેટલા માર્જિન આ દેશોના બજારમાં મળતાનથી.



આવે છે. આ પ્રક્રિયા કરીને ચામડાને ભૂરી ઝાંય આપવામાં આવે છે. તેથી ચામડું વેટ બ્લૂ લેધર તરીકે ઓળખાય છે.

ગુજરાતમાં જેમ્સ ઍન્ડ જ્વેલરી ઉદ્યોગ ખાસ્સો વિકસેલો છે. જેમ્સ ઍન્ડ જ્વેલરી ઉદ્યોગે સોના અને ચાંદી પરની આયાત ડ્યૂટી ઘટાડવાની માગણી કરી છે. જાન્યુઆરી 2024માં જ સોના અને ચાંદીની આયાત પર લેવાતી ડ્યૂટી 10 ટકાથી વધારીને 15 ટકા કરવાનો નિર્ણય ભારત સરકારે લીધેલો છે. દર વર્ષે સોનાની અંદાજે 800 ટનની આયાત થાય છે. આ સોનું માર્કેટમાં ફરતું નથી અને સોનું ખરીદનારાઓના ઘરની તિજોરીમાં પુરાઈ જતું હોવાથી અર્થતંત્રને સતત  થવો જોઈતો ફાયદો થતો ન હોવાથી ભારત સરકાર તેની આયાત ઘટાડીને મહામૂલું વિદેશી હૂંડિયામણ બચાવવાની માનસિકતા ધરાવે છે. તેથી આયાત ડ્યૂટીમાં વધારો કરીને તેની આયાત પર બ્રેક લગાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. જેમ્સ ઍન્ડ જ્વેલરીના બિઝનેસ સાથે સંકળાયેલા લોકો આયાત ડ્યૂટી ઘટાડીને 4 ટકા કરી દેવાની માગણી કરી રહ્યા છે. આ જ રીતે  પ્લૅટિનમ બારની આયાત કરનારાઓ પાસેથી 10થી માંડીને 12.5 ટકા આયાત ડ્યૂટી લેવાય છે તે ઘટાડીને 4 ટકા કરી દેવાની માગણી કરવામાં આવી રહી છે.

### પ્રોડક્શન લિન્ક ઇન્સેન્ટિવ સ્કીમની સમયમર્યાદા વધારી આપો

પીયૂષ ગોયલ સાથેની બેઠકમાં ઉપસ્થિત રહેલા ઉદ્યોગોએ પ્રોડક્શન લિન્ક ઈન્સેન્ટિવ સ્કીમની સમયમર્યાદા વધારી આપવાની પણ માગણી કરી છે. ભારતમાં મૅન્યુફેક્ચર થતી વસ્તુઓ આંતરરાષ્ટ્રીય બજારમાં વધુ સ્પર્ધાત્મક બને તે માટે ભારત સરકારે પ્રોડક્શન લિન્ક ઈન્સેન્ટિવ સ્કીમ ચાલુ કરેલી છે. ટેલિકોમ અને નેટવર્કિંગ પ્રોડક્ટ્સ માટે પ્રોડક્શન લિન્ક ઈન્સેન્ટિવ સ્કીમ ચાલુ કરવામાં આવેલી છે. આ સ્કીમ ચાલુ કરવા પાછળનો ઉદ્દેશ સ્થાનિક

**સોના, ચાંદી અને પ્લેટિનમની આયાત પર લેવામાં આવતી ઇમ્પોર્ટ ડ્યૂટીમાં ઘટાડો કરવાની માગણી કરવામાં આવી**

**ભારતની નિકાસને ફટકો પડવા માંડ્યો હોવાથી ચોંકી ગયેલા વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલે 25મી જૂને નિકાસ સાથે સંકળાયેલા ઉદ્યોગોની ખાસ બેઠક બોલાવી**

**શિપિંગમાં વિલંબ થતાં ગોદામોમાં ઇન્વેન્ટરી વધવા માંડતાં ઉત્પાદન પર બ્રેક મારવી પડી તેને પરિણામે નાની અને મધ્યમ કદની કંપનીઓના ઉત્પાદન ખર્ચમાં વધારો થયો અને ઉત્પાદકતામાં ઘટાડો થયો**

સ્તરે તેનું ઉત્પાદન વધારવાનો પણ છે. ઈન્ફોર્મેશન ટેક્નોલૉજીના સેક્ટરના હાર્ડવેર માટે, ટેલિકોમ સેક્ટરમાં વપરાતી વસ્તુઓના મૅન્યુફેક્ચરર્સ માટે તથા નેટવર્કિંગ માટેના હાર્ડવેર બનાવનારાઓ માટે પ્રોડક્શન લિન્ક ઈન્સેન્ટિવ સ્કીમ ચાલુ કરવામાં આવેલી છે. ફોર જી અને ફાઈવ જી માટેના ટ્રાન્સમિશન ઈક્વિપમેન્ટ બનાવી તેની નિકાસ કરવા માટે પ્રોડક્શન લિન્ક ઈન્સેન્ટિવ સ્કીમ આપવામાં આવેલી છે. ચીન અને ભારતને બાદ કરતાં અમેરિકા અને યુરોપના દેશોમાં પણ ભારત જેવું ફાઈવ જી નેટવર્ક નથી. તેથી તેને માટેના હાર્ડવેરની નિકાસની ખાસ્સી તક છે એ ભારત સરકાર જાણે છે. તેનો લાભ લેવા માટે જ ભારત સરકારે તેના મૅન્યુફેક્ચરર્સ માટે પ્રોડક્શન લિન્ક ઈન્સેન્ટિવ સ્કીમ જાહેર કરેલી છે. આઈટી હાર્ડવેર કે નેટવર્કિંગ ઉપકરણોની નિકાસમાં દર વર્ષે વધતી નિકાસના કુલ મૂલ્યના 5 ટકા રકમ પ્રોડક્શન લિન્ક ઈન્સેન્ટિવ સ્કીમમાં ઈન્સેન્ટિવ-પ્રોત્સાહન તરીકે છ વર્ષ સુધી પરત આપવામાં આવે છે. આ મુદત હજી થોડાં વરસો સુધી લંબાવી આપવાની માગણી કરવામાં આવી છે.

લૅપટૉપ, ટેબ્લેટ્સ, ઑલ ઈન વન પર્સનલ કૉમ્પ્યૂટર્સ, સર્વર, અલ્ટ્રા સ્મૉલ ફોર્મ ફેક્ટરના મૅન્યુફેક્ચર્સને પણ પ્રોડક્શન લિન્ક ઈન્સેન્ટિવ સ્કીમનો લાભ આપવામાં આવી રહ્યો છે. તેની મુદત લંબાવવાની પણ માગણી થઈ રહી છે. આ જ રીતે વ્હાઈટ ગુડ્સનું ઉત્પાદન કરીને મેક ઈન ઈન્ડિયાની બ્રાન્ડ હેઠળ તેની નિકાસ વધારવા માટે પણ પ્રોડક્શન લિન્ક ઈન્સેન્ટિવ સ્કીમ આપવામાં આવેલી છે. વ્હાઈટ ગુડ્સમાં એલઈડી ટીવી અને ઍરકન્ડિશનર્સ સહિતની વસ્તુઓનો સમાવેશ કરવામાં આવેલો છે.

લોકસભામાં છ માસ પૂર્વે આપવામાં આવેલી માહિતી મુજબ ભારત સરકારે રૂ. 1.97 લાખ કરોડનો ખર્ચ કરવાનું આયોજન કરીને પ્રોડક્શન લિન્ક ઈન્સેન્ટિવ સ્કીમ હેઠળ દેશનાં જુદાં જુદાં

14 સેક્ટરને આવરી લીધેલાં છે. તેમાં મોબાઈલ મૅન્યુફેક્ચરિંગનો સમાવેશ થાય છે. મોબાઈલની નિકાસમાં છેલ્લાં ચારથી પાંચ વર્ષમાં ભારતે ખાસું કાઠું કાઢ્યું છે. તેની નિકાસ પર પણ અસર પડી રહી છે. દવાઓ બનાવવા માટેના એક્ટિફાર્માસ્યૂટિકલ્સ ઈન્ગ્રેડિયન્ટ્સ-એપીઆઇ, ફાર્માસ્યુટિકલ ડ્રગ્સ, ઑટોમોબાઇલના પાર્ટ્સ, ઑટોમોબઇલ્સ, સ્પેશિયાલિટી સ્ટીલ, ટેક્સટાઈલ પ્રોડક્ટ્સ, મૅનમેડ ફાઈબરમાંથી બનતી વસ્તુઓ એટલે કે ટેક્નિકલ ટેક્સટાઈલ સહિતની વસ્તુઓ, હાઈ એફિશિયન્સી સોલાર ફોટો વોલ્ટિક મોડ્યુલ્સ, ફૂડ પ્રોડક્ટ્સ, ઍડ્વાન્સ કેમિસ્ટ્રી સેલ, બૅટરી, ડ્રોન અને ડ્રોનના પૂરજાઓ માટે પ્રોડક્શન લિન્ક ઈન્સેન્ટિવ્સની યોજના જાહેર કરવામાં આવેલી છે. આ તમામ સેક્ટરમાં વિદેશમાંથી ઈન્વેસ્ટમેન્ટ આવે અને સ્થાનિક યુવાનોને રોજગારીની તક મળે તે પણ આ સ્કીમ જાહેર કરવા પાછળનું ધ્યેય છે. આ જ રીતે ભારતની આયાત નિર્ભરતા ઘટાડીને નિકાસમાં વૃદ્ધિ કરીને વિદેશી હૂંડિયામણની આવક વધારવાના ઉદ્દેશથી પણ પ્રોડક્શન લિન્ક ઈન્સેન્ટિવ સ્કીમ આપવામાં આવેલી છે. આ સ્કીમને કારણે દેશના અર્થતંત્રના વિકાસની ગતિને પણ વેગ મળી રહ્યો છે. આગામી પાંચ વર્ષ સુધી તેની અસર અર્થતંત્રના વિકાસના સ્વરૂપમાં જોવા મળે તેવી ધારણા છે. નીતિ આયોગની મંજૂરીથી પીએલઆઇની સ્કીમ ચાલુ કરવામાં આવેલી છે.

પ્રોડક્શન લિન્ક ઈન્સેન્ટિવ સ્કીમને પરિણામે નાના અને મધ્યમ ઉદ્યોગોને પણ ફાયદો મળે તેમ છે. પીએલઆઇ-પ્રોડક્શન લિન્ક ઈન્સેન્ટિવનો લાભ લેવા માટે મોટી કંપનીઓ ભારતમાં આવે અને ભારતની પોતાની મોટી કંપનીઓ તેનો લાભ લેતી થાય તો તેની સાથે મોટી કંપનીઓને કાચા માલનો સપ્લાય આપવા માટે સંખ્યાબંધ નાની કંપનીઓને નવા ઑર્ડર મળતા થાય છે. તેમના કામકાજ અને નફામાં વધારો થવાનો અવકાશ વધે છે. પીએલઆઇનો લાભ મેળવવાને પાત્ર બનતા દરેક સેક્ટરમાં આ પ્રક્રિયા થવાની જ છે. તેનો લાભ રોજગારીના સ્વરૂપમાં સ્થાનિક યુવાનોને મળવાનો જ છે. તેમજ નિકાસમાં વધારો થતાં ભારતની હૂંડિયામણની આવકમાં વધારો થવાનો જ છે. નાની અને મધ્યમ કદની કંપનીઓની આવક અને નફો વધતા તેમની સંગીનતામાં પણ વધારો થાય જ છે. બલ્ક ડ્રગ, મેડિકલ ડિવાઇઝ, ફાર્મા, ટેલિકોમ, વ્હાઈટ ગુડ્સ, ફૂડ પ્રોસેસિંગ, ટેક્સટાઈલ તથા ડ્રોનના મૅન્યુફેક્ચરિંગના સેક્ટરની કંપનીઓ અને તેને કાચા માલનો સપ્લાય આપતી 200 જેટલી કંપનીઓને તેનો ફાયદો મળે છે. તેની સાથે સંકળાયેલી અન્ય સાડા સાતસો જેટલી કંપનીઓમાં લાખો કામદારોને પણ રોજગારીની તક મળવાનો માર્ગ ખૂલેલો છે.

**નિકાસના કન્સાઈનમેન્ટ પર લેવામાં આવતા વીમાના પ્રીમિયમમાં 10૬ ટકાનો વધારો થઈ ગયો છે**

**ભારત સરકારે રૂ. 1.97 લાખ કરોડના ખર્ચે ચાલુ કરેલી પ્રોડક્શન લિન્ક ઇન્સેન્ટિવ સ્કીમના લાભો એળે જવા માંડ્યા હોવાથી સ્કીમની મુદત વધારી આપવાની માગણી કરવામાં આવી**

ભારત સરકાર અર્થતંત્રને વધુ ને વધુ સંગીન બનાવવાના સતત પ્રયાસ કરી રહી હોવા છતાંય ઇઝરાયલ-ઈરાન વચ્ચેના સંઘર્ષે ભારતના વેપાર ઉદ્યોગની હાલત ખરાબ કરી દીધી છે. ભારત સરકારે આત્મનિર્ભર ભારતની યોજના હેઠળ નાના અને મધ્યમ ઉદ્યોગોને નવો ઓપ આપવાનો પ્રયાસ 2020થી ચાલુ કર્યો છે. ઇમર્જન્સી ક્રેડિટ લાઇન ગૅરન્ટી સ્કીમ (ઈસીએલજીએસ) અને સબોર્ડિનેટ ડેટ ફોર સ્ટ્રેસ્ડ એમએસએમઈ નમની સ્કીમ ભારત સરકારે ચાલુ કરેલી છે. આ યોજનાનો લાભ મેળવવા માટેની કૉમ્પ્લાયન્સ કૉસ્ટ ઓછી કરવા માટે જીએસટી-ગુડ્સ ઍન્ડ સર્વિસ ટૅક્સની સમગ્ર પ્રક્રિયાને હળવી બનાવી દીધી છે. ઇઝ ઑફ ડૂઈંગ બિઝનેસના ભાગરૂપે નાની અને મધ્યમ કદની કંપનીઓને નાણાકીય ટેકો આપવાનો પ્રયાસ કર્યો છે. તેમને જોઈતી દરેક કાયદાકીય મંજૂરી વહેલી મળી જાય તેવી વ્યવસ્થા કરી આપી છે. તેમને સરળતાથી કુશળ કારીગરો મળી જાય તે માટે સ્કિલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ્સ ચાલુ કર્યા છે. એમએસએમઈ સરળતાથી બજારમાં પ્રવેશી શકે તે માટેના પ્રયાસો પણ ભારત સરકાર દ્વારા કરવામાં આવ્યા છે.



# સરખી દેખાતી-લાગતી દવાઓને કારણે ખોટી અપાઈ જતી દવાઓ

**કાર્બિમાઝોલ એન્ટી થાઇરોઇડની દવા છે, તેને બદલે તેવા જ ઉચ્ચારવાળી કાર્બામેઝેપાઇન અપાઈ જાય તો દરદીને થાઇરોઇડની સમસ્યા એકદમ વકરી જાય અને જો આંચકીનો એટેક આવે તો તેવા સંજોગોમાં આંચકીને અંકુશમા લેવાની તેની ક્ષમતા સાવ જ ઓછી થઈ જાય છે.**

**ડિગ્રી વિનાના કેમિસ્ટની માફક જ હૉસ્પિટલ્સના વૉર્ડમાં ફાર્માસિસ્ટ ન હોવાથી નર્સ કે પછી પેરામેડિકલ સ્ટાફ દવાઓ આપતા હોવાથી તેમનાથી સમાન નામ ધરાવતી પણ જુદી બીમારી માટે વપરાતી દવાઓ આપવાની ભૂલ થવાની સંભાવના રહેલી છે.**

**HydrOXYzine(હાઇડ્રોક્સિઝાઇન) એલર્જીની સારવાર કરવા માટે છે. તેને બદલે તેના જેવા જ ઉચ્ચારવાળી દવા HydALA-zine(હાઇડાલાઝાઇન)નો ઉપયોગ બ્લડ પ્રેશર માટે કરવામાં આવે છે. આમ એકને બદલે બીજી બીમારીની દવા લેવાથી કેટલી મોટી ગરબડ થઈ જાય તેનો તમને અંદાજ આવે છે?**

તમે ઘણાને સાંભળ્યા હશે, તમે લેતા હતા તે દવાનું પત્તું લીલું હતું અને ગોળ ગોળી હતી. પરંતુ મને આપી છે તે ચોરસ દવા છે. હા, એક સમાન નામ ધરાવતી અને એક સમાન ઘટકો ધરાવતી દવાઓને કારણે દરદીને ખોટી દવાઓ અપાઈ જવાના કિસ્સાઓ અસંખ્ય વાર બન્યા કરે છે. હા, ભારતના દવાબજારમાં એક સરખી દેખાતી અને લગભગ એક સરખા જ નામ ધરાવતી દવાઓને કારણે દરદીઓને ખરીદી કરતી વેળાએ તેને જોઈએ તે જ દવા મળી કે નહિ તેની સમજણ પડતી નથી. છતાં ડ્રગ રેગ્યુલેટર સેન્ટ્રલ ડ્રગ કંટ્રોલ ઑર્ગેનાઇઝેશન આ સમસ્યાનો ઉકેલ લાવવા



**હેમંત કોશિયા**
**ફૂડ એન્ડ ડ્રગ કમિશનર**

માટે કરવી જોઈતી કામગીરી કરતું જ નથી.

ગુજરાતના ફૂડ એન્ડ ડ્રગ કમિશનર હેમંત કોશિયા કહે છે, ‘ભારતમાં 60,000થી વધુ ફૉર્મ્યુલેશન્સ માર્કેટમાં છે. અલગ અલગ કંપનીઓ અલગ અલગ નામ આપે છે. તેમજ 60થી 70 થેરેપુટિક ગ્રુપ છે. તેમાં કાર્ડિયાકના, ન્યુરોનું હોય કે પછી સાઇકિયાટ્રીના ગ્રુપનો સમાવેશ થાય છે. દસેક વર્ષ પહેલાં બ્રાન્ડ-નેમથી જ પરવાનગી આપવામાં આવતી હતી. બ્રાન્ડ-નેમ માગનારાઓ પાસેથી બાંયધરી લઈ લેવામાં આવતી હતી કે આ પ્રકારનું બ્રાન્ડ-નેમ બીજી કંપનીઓનું નથી. ત્યાર બાદ ડ્રગ કંટ્રોલર જનરલ ઑફ ઇન્ડિયાએ વચ્ચે એવી સૂચના આપી કે તમારે જેનરિક નામથી જ પરમિશન આપવાની રહેશે. તમારે બ્રાન્ડ સાથે





કોઈ નિસબત રાખવાની રહેશે નહિ. પરિણામે જેનરિક નામથી જ પરમિશન આપવાનું ચાલુ થઈ જતાં એક જ સમાન દેખાતી-લાગતી દવાઓની સંખ્યા વધી ગઈ છે. પરિણામે દવાઓ આપવામાં ભૂલ થઈ રહી છે. આ દવાઓના નામ ઉચ્ચારણમાં સરખા લાગતા હોય છે. તેમજ સ્પેલિંગ સરખા હોવાનું જોવા મળે છે અથવા તો સ્પેલિંગમાં થોડો અમથો તફાવત હોય છે. તેમજ દેખાવમાં પણ એક સરખી લાગતી હોવાનું જોવા મળે છે. આ દવાઓ અલગ અલગ થેરૂપુટિક ગ્રુપની હોવાની શક્યતા રહેલી છે. તેથી તે આપવામાં ભૂલ થઈ જવાની શક્યતા રહેલી છે. પરિણામે ફાર્માસિસ્ટે સાવધ રહેવું પડે તેમ છે. અન્યથા એકને બદલે બીજી દવા અપાઈ જાય તો દરદીના જીવન સામે જોખમ ખડું થઈ શકે છે. ડીજીસીઆઈએ પણ સુપ્રીમ કોર્ટના ચુકાદાને કેન્દ્રમાં રાખીને જ કોઈ પણ દવાની મંજૂરી જેનરિક નેમથી જ આપવા જણાવતો પરિપત્ર કર્યો હતો. દવામાં ત્રણથી વધુ ઘટકો હોય તેવા કિસ્સામાં જ બ્રાન્ડ-નેમ આપવું તેવું નક્કી કરવામાં આવ્યું હતું.' ફાર્મસી કાઉન્સિલ ઑફ ઇન્ડિયાના પ્રમુખ મોન્ટુ પટેલનું કહેવું છે, 'ફાર્માસિસ્ટે પણ બહુ જ કાળજી રાખીને દરદી સામે જોખમ ખડું ન થાય તે જોવું જોઈએ. નૉન ફાર્માસિસ્ટ કેમિસ્ટ શૉપ્સ ચલાવે છે તેને પરિણામે પણ આ સમસ્યા વકરી રહી છે. પેશન્સ કાઉન્સિલિંગ કરીને દવાઓ આપવામાં આવે તો આ ભૂલ થવાની શક્યતા ઓછી થઈ જાય છે. કાઉન્સિલિંગ કરવામાં આવે તો પેશન્ટને કઈ બીમારી છે તેની ખબર પડી જાય છે. પરિણામે એક રોગની સારવાર ચાલતી હોય ત્યારે બીજા રોગની દવા તેના હાથમાં પહોંચી જવાની સંભાવના ઓછી થઈ જાય છે. ભારતના ફાર્મસી પ્રેક્ટિસ રેગ્યુલેશન 2015માં પણ આ રીતે જ દવાઓ આપવી તેવું નક્કી કરવામાં આવેલું છે. તેનું ચુસ્ત પાલન કરાવવામાં આવે તો પણ આ સમસ્યા હળવી થઈ શકે છે.' તેનાથીય આગળ જઈને મોન્ટુ પટેલ જણાવે છે, 'હૉસ્પિટલ્સના વૉર્ડમાં તો કોઈ ફાર્માસિસ્ટ હોતા જ નથી. ત્યાં તો નર્સ કે પછી પેરામેડિકલ સ્ટાફ જ દવાઓ આપવાનું કામ કરે છે. તેમનાથી ઉતાવળમાં આ ભૂલ થઈ જવાની સંભાવના રહેલી છે. મેડિકલ સ્ટોર ઉપરાંત હૉસ્પિટલના દરેક વૉર્ડમાં ફાર્માસિસ્ટ હોવો જરૂરી છે. દરેક હૉસ્પિટલમાં નર્સિંગ સ્ટેશનની માફક ફાર્માસિસ્ટ સ્ટેશન હોવું જરૂરી છે.'

આ સમસ્યાનો ઉકેલ નથી તેવું નથી. હેમંત કોશિયા કહે છે, 'કોઈ પણ બ્રાન્ડ-નેમ આપતાં પહેલાં તેના જેવા ઉચ્ચારવાળી કે પછી તેના

**દરદીને જોઈતી હોય તેના સિવાયની ભળતી જ દવાઓ આપી દેવાના ઢગલાબંધ કિસ્સાઓ ભારતમાં બનતા હોવાનું વિશ્વ આરોગ્ય સંસ્થાનું તારણ.**

**જેનરિક નામથી જ પરમિશન આપવાનું ચાલુ થઈ જતાં એક જ સમાન દેખાતી-લાગતી દવાઓની સંખ્યા વધી ગઈ છે. પરિણામે દવાઓ આપવામાં ભૂલ થઈ રહી છે.**





**મોન્ટુ પટેલ, પ્રમુખ**
**ફાર્મસી કાઉન્સિલ ઑફ ઇન્ડિયા**

જેવા ઘટકો ધરાવતી અથવા તો તેના જેવા જ સ્પેલિંગવાળી કોઈ દવા છે કે નહિ તેની ખાતરી કરીને જ નામ મંજૂર કરવાં જોઈએ. અન્યથા સાઇટ પર જઈને ટ્રેડમાર્કનું ચેકિંગ કરીને પછી જ તેમને નામ મંજૂર કરી આપવું જોઈએ. આ અંગે ગુજરાત તરફથી ડીસીજીઆઇને પત્ર પણ લખવામાં આવેલો છે. રેગ્યુલેટરી સંસ્થાના હાથમાં બધું નિયમન કરવું મુશ્કેલ બની જશે.'

બીજી તરફ ડૉક્ટર્સે પ્રિન્ટ કરીને પ્રિસ્ક્રિપ્શન આપવાનું હોવા છતાં ન વંચાય તેવા અક્ષરે પ્રિસ્ક્રિપ્શન લખી આપે છે. ડૉક્ટરના લીટોડિયા જેવા પ્રિસ્ક્રિપ્શનની માફક જ એક સમાન દેખાતી અને એક સમાન લાગતી દવાઓ બજારમાં ઉપલબ્ધ હોવાથી દરદી માગે છે એક દવા અને તેને પધરાવી દેવામાં આવે છે બીજી દવા. આ પરિસ્થિતિનો સામનો કઈ રીતે કરવો તેની સમજણ તો ફાર્માસિસ્ટને પણ પડતી નથી. તેને કારણે દરદીને જોઈતી દવા કરતાં જુદી દવા પહોંચી જવાના કિસ્સાઓ બને છે. લૂક એલાઇક, સાઉન્ડ એલાઇક-લાસા ડ્રગ તરીકે પણ આ દવાઓને ઓળખાવવામાં આ છે. ટાઇપ કરીને આપવાને બદલે ડૉક્ટરે પેનથી ઘસી મારેલા પ્રિસ્ક્રિપ્શન અંગે એક એક ટૂચકો પ્રચલિત બન્યો છે. એક વાર એક ડૉક્ટરે દરદીને એક દવા લખી આપી. દરદી દવા શોધવા કેમિસ્ટ પાસે ગયો. એક પછી એક કરતાં દરદી 50થી વધુ કેમિસ્ટ પાસે જઈ આવ્યો. છતાં તેને દવા ન મળી. તેથી તે ડૉક્ટર પાસે પાછો ગયો. ડૉક્ટર સાહેબ આ દવા મળતી જ નથી. ડૉક્ટરે કહ્યું કે એ દવાનું નામ નથી, મેં તો બૉલપેન ચાલે છે કે નહિ તે જોવા માટે સાઇડમાં લીટા કર્યા હતા. પેશન્ટ ચોંક્યો. કેમિસ્ટ તરફથી તેને કેવા જવાબ મળ્યા તે પણ હવે સાંભળો. એકે કહ્યું કાલે લાવી આપીશ. બીજાએ કહ્યું આ દવા બનાવતી કંપની હવે બંધ

થઈ ગઈ છે. ત્રીજાએ કહ્યું આ દવાની બહુ જ ડિમાન્ડ હોવાથી તમારે બ્લૅકમાં ખરીદવી પડશે. ચોથાએ કહ્યું આ દવા તો કૅન્સરની છે. તમારા ઘરે કોને કૅન્સર છે.

આ પ્રકારની સમસ્યાની વિશ્વ આરોગ્ય સંસ્થા-હૂએ પણ નોંધ લીધી છે. આ અંગે વિશ્વ આરોગ્ય સંસ્થાએ ઑક્ટોબર 2023માં બહાર પાડેલા એક ટેક્નિકલ અહેવાલમાં જણાવવવામાં આવ્યું છે કે એક સમાન દેખાતી અને એક સમાન લાગતી (લૂક એલાઇક, સાઉન્ડ એલાઇક-લાસા ડ્રગ)ને કારણે દવાઓ આપવામાં સહજ ભૂલ થઈ જાય છે. દેખાવમાં અને બોલવામાં દવાના ઉચ્ચાર સરખા લાગતા હોવાથી ગૂંચવાડો થઈ રહ્યો છે. એક બ્રાન્ડ અને બીજી બ્રાન્ડના નામ સરખા હોવાનું જોવા મળે છે. બ્રાન્ડ અને જેનરિક દવાઓનાં નામ એક સમાન હોય છે. તેમજ જેનરિક-જેનરિક વચ્ચે પણ સમાનતા જોવા મળે છે. તેનાથી કયા દરદીને કેટલું નુકસાન થાય છે તેની કોઈને પણ કલ્પના જ નથી.

વૈશ્વિક સ્તરની સંસ્થાઓનું તારણ છે કે ભારતમાં દવાના ઉત્પાદનને નિયંત્રિત કરતી અને કાયદાનું પાલન કરાવવાની જવાબદારી ધરાવતી સંસ્થાએ ટ્રેડમાર્ક જોઈને તે ગેરમાર્ગે દોરનારા છે કે નહિ તેની ખરાઈ કરવાની હોય છે. આ કામ કરવામાં આવતું હોવાનું જણાતું નથી. તેથી જ બજારમાં એક સરખી દેખાતી અને એક સરખા નામવાળી દવાઓનો ખડકલો થયા કરે છે. ગેરમાર્ગે દોરતા ઢગલાબંધ નામવાળી દવાઓ ભારતના બજારમાં છે. ડ્રગ રેગ્યુલેટર સેન્ટ્રલ ડ્રગ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઑર્ગેનાઇઝેશન કશું જ કરતું નથી. સાઉથ ઈસ્ટ એશિયામાં લાન્સેટ રિજિયોનલ હેલ્થના શીર્ષક હેઠળ પ્રકાશિત કરવામાં આવેલા એક અભ્યાસ પેપરમાં પ્રસ્તુત તારણ કાઢવામાં આવ્યાં છે. તેમાં જણાવવામાં આવ્યું છે કે લાસા ડ્રગને કારણે દવાઓ

**દવા આપવામાં ભૂલ ન થાય તે માટે કેમિસ્ટની દુકાન ફાર્માસિસ્ટ વિના ન જ ચાલવી જોઈએ અને હૉસ્પિટલના દરેક વૉર્ડમાં ફાર્માસિસ્ટ હોવો અથવા તો દરેક હૉસ્પિટલમાં નર્સિંગ સ્ટેશનની માફક ફાર્માસિસ્ટ સ્ટેશન હોવું જરૂરી છે.**

**વેબસાઇટ પર જઈને ટ્રેડમાર્કનું ચેકિંગ કરીને પછી જ દવાનું નામ મંજૂર કરવું જોઈએ. ગુજરાત તરફથી ડીસીજીઆઇને ભૂતકાળમાં પત્ર પણ લખવામાં આવેલો છે. ચેકિંગ ન થતું હોવાથી રેગ્યુલેટરી સંસ્થાના હાથમાં બધું નિયમન કરવું મુશ્કેલ બને છે.**



આપવામાં પણ ભૂલ થઈ જવાની સંભાવના રહેલી છે. તેનાથી દરદીને લાભ થવાને બદલે નુકસાન થઈ શકે છે. આમ એક સમાન દેખાતી અને એક સમાન નામને કારણે એક સમાન ઉચ્ચારણ કરીને ખરીદવામાં આવતી દવાઓ જાહેર આરોગ્ય માટે જોખમી બની રહી છે. એક સમાન નામ ધરાવતી, પરંતુ મૅન્યુફૅક્ચરિંગ અને માર્કેટિંગ અન્ય કંપની દ્વારા કરવામાં આવતી દવાઓને કારણે પણ વેચાણમાં ગરબડ થતી હોવાના અનેક કિસ્સાઓ મોજૂદ છે. ઉદાહરણ આપીને વાત કરીએ.

મેડઝોલ નામની બ્રાન્ડથી મિડાઝોલમ અને પેન્ટોપ્રાઝોલે બંને દવાઓ બજારમાં ઉપલબ્ધ છે. બીજું, મેડઝોલેનો ઉપયોગ મેટ્રોનિડાઝોલે ઓરલ સસ્પેન્શન તરીકે થાય છે. તેવી જ રીતે ઇટ્રાકોનાઝોલે કૅપ્સ્યૂલ્સનો ઉપયોગ અને એન્બેન્ડાઝોલે ટૅબ્લેટ્સના ઉપયોગમાં પણ થાય છે. ફ્લુકોરનો ઉપયોગ ફ્લુકોનાઝોલે અને ફ્લુપેન્ટીક્ઝોલ અને મેલીટ્રાસેન માટે પણ ઉપયોગ થાય છે. આ જ રીતે લિનામેકનો ઉપયોગ લીલાલિડોમાઇન અને લિન્ગાગ્લિપ્ટિન તરીકે પણ થાય છે.

અહીં ઉપર આપવામાં આવેલા કિસ્સાઓમાં ફાર્માસિસ્ટ પણ નક્કી કરી શકતો નથી કે ડૉક્ટરે ખરેખર કઈ દવા પ્રિસ્ક્રાઇબ કરેલી છે. કારણ કે ભારતમાં આપવામાં આવતા પ્રિસ્ક્રિપ્શનમાં દવાનાં નામ હોય છે, પરંતુ દવા કઈ બીમારીની સારવાર માટે આપવામાં આવેલી છે તે અંગે કોઈ જ ફોડ પાડવામાં આવતો નથી. એક સમાન નામ અને ઉચ્ચારથી ઓળખાતી અઢળક દવાઓ ભારતના બજારમાં પડેલી છે. એક જ મૅન્યુફૅક્ચરરે તૈયાર કરેલી સંખ્યાબંધ દવાઓ બજારમાં વેચાય છે. લૂક એલાઇક અને સાઉન્ડ એલાઇક દવા કરતાંય ખરાબ સ્થિતિ આ ક્ષેત્રમાં જોવા મળે છે. આ દવાઓની ડિઝાઈન અને દવા આપવામાં ભૂલ ન થાય તે માટે યોગ્ય પગલાં લેવાં જરૂરી છે. વિશ્વ આરોગ્ય સંસ્થાનું કહેવું છે કે આ ક્ષતિ નિવારવા યોગ્ય વ્યૂહ અપનાવવો પણ એટલો જ જરૂરી છે. તેમજ તેને કારણે દરદીઓને થતું નુકસાન અટકાવવા માટે આ મુદ્દે ઝડપી પગલાં લેવાં જરૂરી છે. ફાર્મા કંપનીઓ એકબીજા સામે ટ્રેડમાર્કને મુદ્દે લડ્યા કરે છે. મિસલીડિંગ બ્રાન્ડને મુદ્દે તેમની વચ્ચે કેસ ચાલ્યા જ કરે છે.

હાઈપર ટેન્શન માટેની ઓલવાન્સ અને સ્કિઝોફેર્નિયાના દરદીઓ માટેની ઓલેન્ઝ નામની દવા આપવામાં પણ ભૂલ થઈ જાય તેવી શક્યતા હોવાનું નિષ્ણાતોનું કહેવું છે. તેનાથીય ખરાબ ઉદાહરણ લિનામેકનું છે.

તેમાંથી બનતી લિનાલિડોમાઈડ કેન્સરની સારવાર માટે ઉપયોગમાં લેવાય છે. તેવી સામે લિનાગ્લિપ્ટિન નામની દવા ડાયાબિટીસના દરદીઓ માટે વપરાય છે. આમ ડાયાબિટીસનો દરદી કેન્સરની ગોળી ગળા નીચે ઉતારી દે તો કેવી સમસ્યા થઈ શકે છે તેની કલ્પના આપ કરી જ શકો છો. વિશ્વ આરોગ્ય સંસ્થાએ લાસા-લૂક એલાઈક, સાઉન્ડ એલાઈક દવાઓને કારણે થતી ગરબડનો અંદાજ આપતાં જણાવ્યું છે કે, 'લાસા ડ્રગને કારણે એકને બદલે બીજી દવા લઈ લેવામાં આવે તો તેને પરિણામે દવાનો ઓવર ડોઝ કે અન્ડરડોઝ થઈ જવાનો કે પછી અનુચિત ડોઝ લઈ લેવાનો ખતરો ઊભો થાય છે. આ સમસ્યા અજાણતા થયેલી ભૂલને કારણે ઉદ્‌ભવે છે. તેની દરદીના શરીર પર પડનારી અસરનો આધાર તેને કેટલા પ્રમાણમાં કઈ દવાનો ડોઝ આપવામાં આવેલો છે તેના પર નિર્ભર છે. મોટી વયની વ્યક્તિઓ જેમના કેટલાક અવયવો બરાબર ન કામ કરતા હોય તેમના પર તેની બહુ જ ખરાબ અસર પડી શકે છે. તેની શારીરિક સ્થિતિને કારણે તેમને ઘણું નુકસાન પહોંચી શકે તેમ છે. તેમને પોતાને પણ તે દવાઓ લેવાની હોય તો તે લેવામાં ભૂલ કરી બેસે તેવી શક્યતા રહેલી છે. તેમાંય ખાસ કરીને હાઈ રિસ્ક દવાઓમાં એકને બદલે બીજી દવા લઈ લેવામાં આવે તો તેની બહુ જ ખરાબ અસર માનવ આરોગ્ય પર પડી શકે છે. તેને કારણે

# દવાની અદલાબદલી થઈ જાય તો તે જીવલેણ પણ બની શકે છે



ડાયાબિટીસના દરદીઓને આપવા માટે વપરાતી ગ્લિક્લાઝાઈડ (80 એમજી) હાઈપર ટેન્શન અને હાર્ટ ફેલ્યરના કેસમાં વપરાતી દવા એનાલાપ્રિલ (5 એમજી)ની ટેબ્લેટ એકદમ સરખી જ દેખાય છે.






સોજા ઘટાડવા તથા દુખવામાં રાહત આપવા વપરાતી ડાઈક્લોફેનાક સોડિયમ-50 એમ.જી.ની ટેબલેટ તથા હૃદય બંધ પડી જવાની કે હાઈ બ્લડ પ્રેશરના કેસમાં વપરાતી બિસોપ્રોલોલ અને ડાયાબિટિશ માટે વપરાતી ગ્લિક્લાઝાઈડ 80 એમ.જી. તથા હાર્ટ ફેલ્યર અને હાઈ બ્લડ પ્રેશરમાં વપરાતી એનાલાપ્રિલ-5 એમ.જી.ની ટેબલેટ પણ એસ સરખા પેકમાં મળે છે.



એન્ટિબાયોટિક્સ તરીકે વપરાતી સિપ્રોફ્લોક્સાસિન અને લેવોફ્લોક્સાસિનની ટેબ્લેટ અન્ય રોગમાં વપરાતી અને તેના જેવી જ દેખાતી દવાઓની બાજુમાં મૂકીને વેચવામાં આવે છે.




એનેસ્થેસિયા અને ઘેનમાં રાખવાની દવા તરીકે વપરાતી કેટામાઈન હાઈડ્રોક્લોરાઈડ અને ઘેન માટે વપરાતી તથા મિડાજોલમ તથા નસમાં આપવાના ફ્સોડિયમ ક્લોરાઈડના ફ્લૂઈડ ઈન્જેક્શન અને લોક્લ એનેસ્થેસિયા તરીકે નપરાતા બુપિવેકાઈન સરખા જ પેકમાં મળે છે.



સ્રોતઃ તમામ તસવીરો વિશ્વ આરોગ્ય સંસ્થાના અહેવાલમાંથી લેવામાં આવેલી છે

જનરલ એનેસ્થેસિયા માટે વપરાતી કેટામાઈન હાઈડ્રોક્લોરાઈડ અને સેડિટીવ્સ તરીક એટલે કે ઘેનમાં રાખવા માટે વપરાતી બેન્ઝોડાયાઝિપાઈન અને એક્ઝિયોલાઈટીક તરીકે વપરાતી મિડાઝોલમ એક સમાન પેકમાં જ બજારમાં ઉપલબ્ધ છે. તેમાં મોટી ગેરસમ જ થઈ જવાની સંભાવના હોવાનું વિશ્વ આરોગ્ય સંસ્થાના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે. આ જ અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે લોકલ એનેસ્થેટિક તરીકે વપરાતી બુપિવાકેઈન અને ઈન્ટ્રાવિનસ ફ્લ્યુઈડ તરીકે આપવામાં આવતી સોડિયમ ક્લોરાઈડના પેકિંગ પણ એક સરખા જ છે. તેમાંય ભૂલ થઈ જવાની બહુ જ મોટી શક્યતા રહેલી છે. દુઃખાવામાં રાહત આપવા માટે એટલે કે પેઈન કિલર તરીકે વપરાતી 50 એમજીની ડાયક્લોફેનિક ટેબ્લેટ અને હાઈપર ટેન્શન અને કાર્ડિયાક ફેલ્યરના કેસમાં વપરાતી બિસોપ્રોલોલ 5 એમજીની ટેબ્લેટના કલર અને પેકિંગ એકદમ સમાને જેવા લાગે છે. ડાયાબિટીસના દરદીઓને આપવા માટે વપરાતી ગ્લિક્લાઝાઈડ (80 એમજી) હાઈપર ટેન્શન અને હાર્ટ ફેલ્યરના કેસમાં વપરાતી દવા એનાલાપ્રિલ (5 એમજી) ની ટેબ્લેટ એકદમ સરખી જ દેખાય છે. આ દવાઓ ઓરિજિનલ બલ્ક પેકિંગમાંથી છૂટી પાડીને ડૉક્ટર્સ તેના દરદીઓને છૂટક દવાઓ તરીકે આપ્યા કરતાં હોવાનું પણ જોવા મળે

**ડાયાબિટીસના દરદીઓને આપવા માટે વપરાતી ગ્લિક્લાઝાઈડ (80 એમજી) હાઈપર ટેન્શન અને હાર્ટ ફેલ્યરના કેસમાં વપરાતી દવા એનાલાપ્રિલ (5 એમજી)ની ટેબ્લેટ એકદમ સરખી જ દેખાય છે**

છે. એન્ટિબાયોટિક્સ તરીકે વાપરવામાં આવતી સિપ્રાફ્લોક્સાસિન અને લેવોફ્લોક્સાસિનની ટેબ્લેટ્સ તેના જેવી જ દેખાતી અન્ય ગોળીઓની બાજુમાં જ આપવા માટે મૂકી રાખવામાં આવતી હોવાનું જોવા મળે છે.

દવાના દેખાવને કારણે જ નહિ દવાના નામને કારણે પણ ગોટાળાઓ થાય છે. જેનરિક દવાઓમાં પ્રોપ્રાનોલોલ, પ્રેડિસોલોન, કાબામાઝેપાઈન અને કાર્બિમાઝોલના નામને કારણે પણ દવા આપવામાં ભૂલ થઈ જતી હોવાની વિશ્વ આરોગ્સ સંસ્થાના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે. પ્રોપ્રાનોલોલને બદલે પ્રેડનીસોલન આપવામાં આઈવે અને તે દવા લેનાર વ્યક્તિ અસ્થમાની બીમારી ધરાવતો હોય તો તેને અસ્થામાનો એટેક આવી જવાની શક્યતા રહેલી છે. તેમજ અત્યંત લૉ બ્લડ પ્રેશરની સમસ્યા પણ ઊભી થઈ જાય છે. આમ પ્રોપ્રાનોલોલ શ્વાસનળીનું કન્જેશન વધારી દઈન બ્લડ પ્રેશર અત્યંત ઘટાડી દેવાનું જોખમ ઊભું કરે છે. અહીં ઉપર આપવામાં આવેલા બીજા ઉદાહરણમાં આપવામાં આવતી કાર્બિમાઝોલ એન્ટિ થાઈરૉઈડની દવા એટલે કે થાઈરૉઈડની સમસ્યાને વકરતી અટકાવવાની દવા છે. તેને બદલે કાર્બામેઝેપાઈન અપાઈ જાય તો ખતરો ભયંકર વધી જાય છે. કાર્બામેઝાપાઈન વાસ્તવમાં એપિલેપ્સીની દવા છે. ભૂલમાં તે દવાની અદલાબદલી થઈ જાય તો તે દરદીને થાઈરૉઈડની સમસ્યા એકદમ વકરી જવાનો ખતરો ઊભો થઈ જાય છે. તેમજ આંચકીનો એટેક આવે તો તેવા સંજોગોમાં આંચકીને અંકુશમા લેવાની તેના મગજની ક્ષમતા સાવ જ ઓછી થઈ જાય છે. આ જ રીતે બ્રાન્ડેડ દવાઓ જેવી કે ઓક્સિનોર્મ અને ઓક્સિકોન્ટિન, લોસેક અને લાસિક્સ, સેલેબ્રેક્સ અને સેરેબ્રિક્સ જેવા નામને કારણે પણ દવા આપવામાં ભૂલ થઈ જાય છે. બ્રાન્ડ અને જેનરિક નામમાં પણ દવાની અદલાબદલી થઈ જવાની સંભાવના રહેલી છે. માલારોને અને મેફલોક્વાઈન આપવામાં ભૂલ થઈ જતી હોવાના કિસ્સાઓ બની રહ્યા છે.

આજ રીતે આંતરડાંમાં પડતાં ચાંદા-અલ્સરની સારવાર માટે લોસેક આપવામાં આવે છે. લોસેક એ ઓમેપ્રાઝોલનું બ્રાન્ડ-નેમ છે. ફ્રુસેમાઈડના ઘટક ધરાવતી લાસિક્સ આપી દેવામાં આવે તો તે દવા તો સામાન્ય રીતે પેશાબ વધુ છૂટે તેને માટે આપવામાં આવે છે. સહજ વાત કરવામાં આવે તો પેશાબ વધુ આવે તે માટેની દવા બિનજરૂરી લેવામાં આવે તો શરીરમાં પાણીનું પ્રમાણ ઓછું થઈ જવાની સમસ્યા ઊભી થઈ શકે છે. આ જ સમસ્યા સેલેબ્રેક્સમાં થઈ શકે છે. સેલેબ્રેક્સ સોજો ઘટાડવા માટેની દવા છે. તેના બદલે તેના જેવા જ ઉચ્ચારવાળી સેરેબ્રિક્સ અપાઈ જવાનો ખતરો રહેલો છે. સેરેબ્રિક્સ આંચકી રોકવા માટેની દવા છે. આ બે દવા અને સેલેક્સા તરીકે ઓળખાતી દવા વચ્ચે પણ ગરબડ થઈ જવાની સંભાવના રહેલી હોવાનું વિશ્વ આરોગ્ય સંસ્થાના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે. સેલેક્સા એન્ટિ ડિપ્રેશનના દરદીઓને આપવાની દવા છે. માલારોન અને મેફ્લોક્વિન મેલેરિયાની બીમારીમાં જ આપવામાં આવે છે. તેમ છતાંય અઠવાડિયે એકવાર આપવાની મેફ્લોક્વિન રોજ રોજ આપવામાં આવે તો તેને કારણે વ્યક્તિના શરીરને નુકસાન થાય છે. માલારોન રોજ રોજ આપી શકાય છે. મેફ્લોક્વિન અઠવાડિયે એક જ વાર આપવાની દવા હોવાથી જોખમી બની શકે છે.

દરદીનું મૃત્યુ થવાની પણ શક્યતા રહેલી છે.'

આ સમસ્યાનો ઉકેલ ન આવે તેવું નથી. તે માટે ડૉક્ટરોએ જેનરિક દવાઓનાં નામ પણ લખવાં જોઈએ. ઉદાહરણ આપીને વાત કરીએ તો ડૉક્ટરે પેરાસિટામોલ અથવા તો એમોક્સિસિલીન દવા લેવાનું લખવું જોઈએ. તેની સાથે તે વ્યક્તિને કઈ બીમારી માટે તે દવા લખી આપવામાં આવી છે તે પણ લખવું જોઈએ. તેને ચોક્કસ દવા કૅન્સર માટે લખી આપી છે કે પછી ડાયાબિટીસની સારવાર માટે લખી આપવામાં આવી છે તે પણ લખવું જોઈએ. દવાના મૅન્યુફેક્ચરિંગથી માંડીને માર્કેટિંગ સુધીની પ્રવૃત્તિનું નિયંત્રણ કરનાર સંસ્થાએ જે તે ઉત્પાદકને તેનું અલગ જ બ્રાન્ડ-નેમ મંજૂર કરી આપવું જોઈએ. તેના જેવા જ ઉચ્ચારવાળી કે પછી તેના જેવી જ દેખાતી બીજી



દવાઓ મોજૂદ નથી તેની ખાતરી કરીને તેનું નામ મંજૂર કરી આપવું જોઈએ. ગુજરાતના ફૂડ ઍન્ડ ડ્રગ કમિશનર હેમંત કોશિયાએ પણ ભૂતકાળમાં ડ્રગ કંટ્રોલર જનરલ ઑફ ઈન્ડિયાને આ ભલામણ કરી હતી. દવાના મૅન્યુફેક્ચરિંગ અને વેપાર પર નિયંત્રણ કરતી સંસ્થાઓએ ગેરસમજ પેદા ન કરે તેવા એકબીજાથી અલગ પડે તેવા યુનિક નામ જ મંજૂર કરવાં જોઈએ. બીજું, એક સમાન ઉચ્ચારવાળી દવાઓનાં નામ અલગ પડે તે માટે તેના અક્ષરમાં ભેદ દેખાય અને તેને કારણે તે દવા અલગ બીમારીની હોય તેવું સ્પષ્ટ થાય તેવી વ્યવસ્થા કરવી જોઈએ. તેનાથી ગૂંચવાડો થવાની સંભાવના ઓછી થઈ જાય છે. અંગ્રેજીમાં તેને ટોલ મેન લેટરિંગ એટલે કે ટીએમએલ-TML તરીકે ઓળખાવવામાં આવે છે. આ રહ્યું તેનુંય ઉદાહરણ. આ દવા HydrOXYzine(હાઇડ્રોક્સિઝાઈન), an antihistamine medicine છે. તેનો ઉપયોગ એલર્જીની સારવાર માટે કરવામાં આવે છે. તેના જેવા જ ઉચ્ચારવાળી દવા HydALAzine(હાઇડાલાઝાઈન) છે. હાઈડાલાઝાઈનનો ઉપયોગ બ્લડ પ્રેશરને અંકુશમાં લેવા માટે કરવામાં આવે છે. એકને બદલે બીજી બીમારીની દવા લેવાથી કેટલી મોટી ગરબડ થાય છે તે તમે સહજ સમજી શકશો.

# શૅર્સ બાયબૅક કરવા પર લેવાતો ટૅક્સ નાબૂદ કરો




શેરબજારમાં લિસ્ટ થયેલી અને લિસ્ટિંગ ન ધરાવતી કંપનીઓ તેમના પોતાના જ શૅર્સ પાછા ખરીદી લે છે. આ પ્રક્રિયા શૅર્સ બાયબૅક તરીકે જાણીતી છે. શૅર્સ ઈશ્યુ કરનારી કંપની પોતે જ પોતાના શૅર્સ બજારભાવથી શૅરહોલ્ડર્સ પાસેથી પરત ખરીદી લે છે. કંપની સો ટકા શૅર્સની પરત ખરીદી નથી કરતી. પરંતુ બજારમાં ફરતા શૅર્સમાંથી પાંચ દસ કે પંદર ટકા શૅર્સ પરત ખરીદી લે છે. પબ્લિક લિમિટેડ કંપની અને પ્રાઈવેટ લિમિટેડ કંપની બંને શૅર્સ બાયબૅક કરે છે. પ્રાઈવેટ લિમિટેડ કંપનીઓના ખાનગી ઈન્વેસ્ટર્સ હોય છે. જ્યારે પબ્લિક લિમિટેડ કંપનીના શૅરહોલ્ડર્સ શૅરબજારમાં ઈન્વેસ્ટમેન્ટ કરનારાઓ હોય છે. થોડા મહિના પૂર્વે ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસે પણ તેના શૅર્સ બાયબૅક કર્યા હતા. સમયાંતરે ઘણી કંપનીઓ તેના શૅર્સ બાયબૅક કરે છે. શૅર્સના બાયબૅક માટે ખર્ચવામાં આવતી રકમ પર ભારત સરકાર 23.30 ટકા જેટલો બાયબૅક ટૅક્સ પણ વસૂલે છે. આ ટૅક્સ શૅર્સ બાયબૅક કરનારી કંપની પાસેથી નહિ, પરંતુ શૅર્સ બાયબૅક કરવાને પરિણામે નાણાં મેળવનારાઓ પાસેથી વસૂલ કરવાની માગણી કંપનીઓ કરી રહી છે.

હવે સવાલ એ થાય છે કે એકવાર માર્કેટમાં વહેતા કરવા વેચેલા શૅર્સ કંપની ફરીથી કેમ ખરીદી લે છે? સામાન્ય રીતે પબ્લિક ઈશ્યૂ લાવીને કંપનીઓ જાહેર જનતા પાસેથી કંપનીના વિસ્તરણ માટે, કંપનીના નવા સાહસ માટે કે નવાં આયોજનોને અમલમાં મૂકવા માટે જોઈતી મૂડી ઊભી કરે છે. આ રીતે કંપનીઓ મૂડી રોકનારાઓને તેમના ભાગીદાર બનાવે છે. આ રીતે એકત્રિત કરેલી મૂડીનો બોજ ઓછો કરવા કે મૂડીરોકાણ કરનારાઓને તેમની મૂડી પરત કરવા માટે પણ શૅર્સ બાયબૅક કરવામાં આવે છે. તેમ કરવાથી કંપની પરની કંપનીના પ્રમોટર્સની માલિકી વધુ મજબૂત બને છે. તેમજ કંપનીની આર્થિક સંગીનતામાં વધારો થાય છે. તેમજ ડિવિડંડ આપતી કંપની હોય તો તેના માથેથી ડિવિડંડ આપવાનો બોજો ઓછો થાય છે. ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ જેવી કેટલીક કંપનીઓ નિયમિત ડિવિડંડ આપતી રહીને શૅરહોલ્ડર્સને જકડી અને પકડી રાખે છે.

શૅરબજારમાં લિસ્ટ થયેલી કંપની બાયબૅક કરે તો તેવા સંજોગોમાં તેના શૅર્સના ભાવ ઊંચકાઈ જાય છે. કંપનીની આર્થિક સ્થિતિ સંગીન હોવાનો મેસેજ શૅરહોલ્ડર્સમાં જાય છે. બાયબૅકનો લાભ ન લેનારા શૅરહોલ્ડર્સ તેની સાથે જોડાયેલા જ રહે છે. હા, બાયબૅક કરવા માટે કંપની કેટલીકવાર દેવું કરતી હોય છે. પરંતુ તેની નકારાત્મક અસર તેના નફા પર પડે છે. કંપનીની આર્થિક સંગીનતા પર પડે છે. પરિણામે કંપનીએ લીધેલા દેવાનું વ્યાજ પણ ચૂકવવું પડે છે.

બાયબૅકને કારણે કંપનીની મૂડીના હિસ્સેદારો-ભાગીદારો ઓછા થાય છે. કંપનીની મૂડી પર દાવો કરનારાઓની સંખ્યા ઘટે છે.

**શૅર્સ બાયબૅકમાં શૅરહોલ્ડર્સ તેને મળતી રકમ પર કૅપિટલ ગેઈન ટૅક્સ ભરે છે. આ જ વહેવાર પર કંપનીઓ બાયબૅક ટૅક્સ ભરે છે. આ એક પ્રકારનો ટૅક્સ ડબલ ટૅક્સ એટલે કે બમણો વેરો ગણાય.**

કંપનીના મતદારોની સંખ્યામાં ઘટાડો થાય છે. કંપનીના શૅરહોલ્ડર્સને માલિકીમાં હિસ્સેદારી ઉપરાંત કેટલાક વિશેષાધિકાર પ્રાપ્ત થાય છે. કંપનીના નિર્ણયોમાં મત આપવાનો અધિકાર મળે છે. પસંદગીના ધોરણે જેમને શૅર્સની ફાળવણી કરી છે તે શૅરહોલ્ડર્સને સામાન્ય શૅરધારકો કરતાં પહેલાં ડિવિડંડ આપવામાં આવે છે. કંપની નાદારી નોંધાવે ત્યારે પસંદગીના ધોરણે શૅર્સ એલોટ કરવામાં આવ્યા હોય તે શૅરહોલ્ડર્સને સામાન્ય શૅર હોલ્ડર્સ કરતાં પહેલાં તેમની મૂડી પરત કરવામાં આવે છે. બીજું, શૅર્સના બાયબૅકને કારણે કંપનીની ઈક્વિટી કૉસ્ટ નીચે આવે છે. જોકે ડિવિડંડ આપવું ફરજિયાત નથી. કંપનીના કામકાજ પર મંદીનો પ્રભાવ હોય ત્યારે કંપનીઓ ડિવિડંડ ન પણ આપે તેવું બની શકે છે. ડિવિડંડ ન આપીને કંપની પોતાના હાથમાં વધારાની રોકડ જાળવી રાખી શકે છે. બાયબૅક કરીને મૂડીનો બોજ ઓછો કરવાની સાથોસાથ ડિવિડંડ આપવાની જવાબદારી પણ ઓછી જ કરે છે. બાયબૅકને કારણે શૅર્સના ભાવ તૂટવાની શક્યતા પણ ઓછી થઈ જાય છે.



કંપનીને એમ લાગે કે શૅરબજારમાં તેના શૅર્સનો ભાવ હોવો જોઈએ તેના કરતાં ઓછો છે, તો તેવી પરિસ્થિતિમાં પણ કંપની શૅર્સ બાયબૅક કરે છે. બજારમાં શૅર્સના ભાવ સુધરી જાય તે પછી કંપની ફરીથી તે શૅર્સ શૅરહોલ્ડર્સને વેચી શકે છે. કંપનીનું ટૂંકાગાળાનું નાણાકીય પર્ફોર્મન્સ શૅરહોલ્ડર્સને આકર્ષક ન જણાય તો શૅર્સ અન્ડરવૅલ્યુ એટલે કે અપેક્ષા કરતાં ઓછા મૂલ્યે બજારમાં વેચાતો રહે છે. શૅરબજારની મંદીને કારણે કે પછી સનસનાટીભર્યા સમાચાર પણ કંપનીના શૅર્સના ભાવને નીચે લાવી દેવા માટે જવાબદાર બની શકે છે. બાયબૅકમાં કંપનીને શૅર્સ પાછા આપી દીધા પછી બજારમાંથી ફરીથી તેની ખરીદી કરવી ઈન્વેસ્ટર્સ માટે જોખમી સાબિત થઈ શકે છે. આ સંજોગોમાં કંપની પોતે જ ઊંચા ભાવ મળતા હોવાથી બાયબૅક કરેલા શૅર્સ પાછા બજારમાં વેચી દેવાનું પણ પસંદ કરે છે.

**ઓપન માર્કેટમાંથી ચોક્કસ કિંમતની ઑફર કરીને શૅર્સ બાયબૅક કરનારી કંપનીઓ પાસે બાયબૅક ટૅક્સ ન જ વસૂલવો જોઈએ. તેના પર ટૅક્સ લેવો હોય તો તે ટૅક્સ બાયબૅક થકી આવક મેળવનારા શૅરહોલ્ડર પાસેથી જ લેવો જોઈએ.**

કંપની શૅર્સ બાયબૅક કરે તો તેનો બિઝનેસ વધુ આકર્ષક હોવાની છબિ ઈન્વેસ્ટર્સના મનમાં ઊભી થાય છે. તેમજ કંપનીની આર્થિક તંદુરસ્તી સારી હોવાનો મેસેજ પણ જાય છે. કંપનીને હવે નવી મૂડીની જરૂર જ નથી તેવો મેસેજ પણ શૅરહોલ્ડર્સને જાય છે. તેનાથી કંપનીના

## દેવું કરીને બાયબૅક કરે તો કંપનીના શૅર્સના ભાવ તૂટી શકે

શૅરબજારમાં લિસ્ટિંગ ધરાવતી કેટલીક કંપનીઓ દેવું કરીને તેના શૅર્સ બાયબૅક કરે છે. તેમ કરવાથી દેવું ચૂકવવાનો વધારાનો બોજ અને તેના પરના વ્યાજ ચૂકવવાનો બોજ કંપનીને માથે આવે છે. બાયબૅક માટે દેવું કરવાનું કારણ શૅરધારકોને ગળે ઊતરતું નથી. કંપનીને થતા નફાનો ખાસ્સો હિસ્સો તેમાં ખેંચાઈ જાય છે. તેનાથી કંપનીની શૅરદીઠ કમાણીમાં ઘટાડો પણ થાય છે. કંપની પાસેનું વધારાનું ભંડોળ વપરાઈ જાય છે. શૅરહોલ્ડર્સના મનમાં તેનાથી કંપની અંગે નકારાત્મક ઈમેજ ઊભી થાય છે. તેથી દેવું કરીને શૅર્સ બાયબૅક કરવાથી લાભ કરતાં નુકસાન વધુ થાય છે. તેને કારણે કંપનીની આર્થિક સ્થિતિ અંગે શૅરહોલ્ડર્સના મનમાં શંકાકુશંકાઓ જાગે છે. કંપનીનો શૅર્સ અન્ડરવૅલ્યુડ હોય તો પણ તેના મૂલ્યમાં વધારો થવાની સંભાવનાઓ સીમિત થઈ જાય છે અને કંપનીને શાખને ધક્કો પહોંચે છે. નવી ટેક્નોલૉજી મેળવવા કે વિકસાવવા માટે સંશોધન કરવા ખર્ચ કરવા કરતાં કે પછી હરીફ કંપનીને હસ્તગત કરવા માટે કરવામાં આવતા ખર્ચ કરતાં બાયબૅકને વધુ સલામત અને ઓછું જોખમી ગણવામાં આવે છે. કંપનીનો વિકાસ ન અટકે ત્યાં સુધી બાયબૅકને નેગેટિવ રીતે જોવામાં આવતું નથી.રોકાણકારો તેને પૉઝિટિવ ડેવલપમેન્ટ તરીકે જુએ છે. તેથી જ બાયબૅક પછી સામાન્ય રીતે કંપનીના શૅર્સના ભાવમાં વધારો થતો જોવા મળે છે. નવા રોકાણકારો તેમાં ઈન્વેસ્ટ કરવા માટે પડાપડી કરતા થઈ જાય છે. ટૂંકમાં વાત કરીએ તો કંપની પરની પોતાની માલિકીને મજબૂત બનાવવા માટે તેના પ્રમોટર્સ શૅર્સ બાયબૅક કરે છે. કંપનીની આર્થિક સ્થિતિ વધુ સંગીન હોવાનો મેસેજ આપવા માટે પણ બાયબૅક કરે છે. તેમજ મૂડી ઊભી કરવા માટે કરવા પડતા ખર્ચનો બોજ એટલે કે ડિવિડંડ ચૂકવવાનો બોજ ઓછો કરવા માટે પણ બાયબૅક કરે છે. છેલ્લે રોકાણકારોના વિશ્વાસને વધુ બુલંદ કરવા માટે બાયબૅક કરે છે. બાયબૅકને કારણે બજારમાં શૅર્સનો સપ્લાય ઘટી જાય છે. તેની ડિમાન્ડ વધે છે. તેથી ડિમાન્ડ અને સપ્લાયના નિયમને આધારે પણ શૅર્સના ભાવ ઊંચકાઈ જાય છે.

**બાયબૅક કરવા માટે દેવું કરતી કંપનીઓના નફા પર નકારાત્મક અસર પડે છે અને કંપનીની આર્થિક સંગીનતા સામે સવાલ ખડા થાય છે અને કંપનીએ દેવાની રકમ પર વ્યાજ ચૂકવવાનો બોજ વેંઢારવો પડે છે**



પ્રોડક્ટ્સના કન્ઝ્યુમર્સનો વિશ્વાસ પણ વધે જ છે. તેથી પણ શૅર્સના ભાવ વધે છે. કંપની પોતે જ પોતાની રીતે નવેસરથી નાણાં રોકવા સક્ષમ બની ગઈ હોવાનો મેસેજ જાય છે. બજારમાં ફરતા શૅર્સની સંખ્યા ઘટાડી નાખવાને પરિણામે કંપનીની શૅરદીઠ કમાણીમાં વધારો જોવા મળે છે. કંપની શૅરદીઠ કેટલી કમાણી કરે છે તેનો નિર્દેશ તેના પરથી મળે છે. શૅરદીઠ કમાણી જેટલી વધારે હોય તેટલું જ કંપનીના શૅર્સનું મૂલ્ય વધે છે. શૅરદીઠ કમાણી કંપનીનો નફો સારો હોવાનો નિર્દેશ આપે છે. બાયબૅક કરનારી કંપનીના શૅર્સના ભાવમાં ટૂંકા ગાળામાં સામાન્ય રીતે ઉછાળો આવતો જોવા મળે છે. શૉર્ટટર્મ ઇન્વેસ્ટર્સ એટલે કે ખરીદી કર્યા પછી થોડા દિવસમાં શૅર્સ વેચી દેવાની માનસિકતા ધરાવનારાઓ તેનો લાભ લઈને ટૂંકા ગાળા માટે શૅર્સ ખરીદીને પછી વેચી દઈને સારો નફો ઘરભેગો કરી લે છે.

## બાયબૅક કરનારી કંપનીઓને માથે જ ટૅક્સનો બોજો

બાયબૅક કરનારી કંપની દ્વારા બાયબૅક માટે કરવામાં આવતા ખર્ચની રકમ પર આવકવેરો લેવામાં આવે છે. આવકવેરા ધારા 1961ની કલમ 10 (34એ)માં કરવામાં આવેલી જોગવાઈ મુજબ બાયબૅકમાં શૅરહોલ્ડરને થતી આવક પર કોઈ જ વેરો લાગતો નથી. તેથી બાયબૅક કરનારી કંપનીઓએ તેનો વિરોધ કરવા માંડ્યો છે. જુલાઈ મહિનામાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વડપણ હેઠળની ત્રીજી સરકાર બજેટ રજૂ કરે તે પૂર્વે શૅર્સના બાયબૅક માટે કરવામાં આવતા ખર્ચ પરનો ટૅક્સ નાબૂદ કરી દેવાની માગણી કરવામાં આવી છે. આ ટૅક્સને બાયબૅક ટૅક્સ તરીકે ઓળખાવવામાં આવે છે. નાણાં મંત્રી નિર્મલા સીતારમણ સાથેની બજેટ પૂર્વેને બેઠકમાં બાયબૅક ટૅક્સને મુદ્દે રજૂઆત કરવામાં આવી છે. જોકે ફેબ્રુઆરી 2024માં વચગાળાનું બજેટ રજૂ કરવામાં આવ્યું તે પૂર્વે પણ આ વિનંતી કરવામાં આવી હતી. પરંતુ તેમની આ માગણીનો સ્વીકાર કરવામાં આવ્યો નહોતો. સામાન્ય રીતે કંપનીઓ શૅરબજારમાંથી સીધા જ શૅર્સ પરત ખરીદી લે છે. તેમ ન થાય તો તે શૅરહોલ્ડર્સને તેમના શૅર્સ પરત વેચવા માટે ચોક્કસ કિંમતની ઑફર કરે છે. આ રીતે કરવામાં આવતા બાયબૅકને ફિક્સ્ડ પ્રાઇસ બાયબૅક તરીકે ઓળખાવવામાં આવે છે. કંપનીએ નક્કી કરેલા ભાવથી નીચા ભાવે શૅર્સ બાયબૅક કરી શકતી નથી. જોકે 2013ની સાલથી બાયબૅક કરવા માટે કરવામાં આવતા ખર્ચ પર 23.30 ટકાના દરે આવકવેરો વસૂલવામાં આવી રહ્યો છે. તેને ઇન્કમ ડિસ્ટ્રિબ્યુશન ટૅક્સ તરીકે પણ ઓળખાવવામાં આવે છે. પરંતુ સરકારે 2020ની સાલમાં ડિવિડંડ ડિસ્ટ્રિબ્યુશન ટૅક્સ નાબૂદ કરી દીધો હોવાથી હવે બાયબૅક ટૅક્સ પણ નાબૂદ કરવાની માગણી બુલંદ બની રહી છે. શૅરબજારમાં લિસ્ટ થયેલી કંપનીઓ વતીથી કોન્ફેડરેશન ઑફ ઇન્ડિયન ઇન્ડસ્ટ્રીઝે આ મુદ્દો છેડ્યો છે. સીઆઇઆઇએ પ્રી-બજેટ મેમોરેન્ડમમાં જણાવ્યું છે કે હવે મોટાભાગની પબ્લિક લિસ્ટેડ કંપનીઓ શૅરબજારના માધ્યમથી જ શૅર્સ બાયબૅક કરી રહી છે.

**કંપની શૅર્સ બાયબૅક કરે તો તેનો બિઝનેસ આકર્ષક હોવાની છબિ શૅરહોલ્ડરના મનમાં ઊભી થાય છે અને આર્થિક તંદુરસ્તી સારી હોવાની ઇમેજ ઇન્વેસ્ટર્સના મનમાં ઊભી થાય છે**

સીઆઇઆઇના પ્રી-બજેટ મેમોરેન્ડમમાં જણાવવામાં આવ્યું છે કે સીઆઇઆઇના પ્રી-બજેટ મેમોરેન્ડમમાં જણાવવામાં આવ્યું છે કે શૅર્સ બાયબૅકમાં શૅરહોલ્ડર્સ તેને મળતી રકમ પર કેપિટલ ગેઇન ટૅક્સ ભરે છે. આ જ વહેવાર પર કંપનીઓ બાયબૅક ટૅક્સ ભરે છે. આ એક પ્રકારનો ડબલ ટૅક્સ એટલે કે બમણો વેરો જ છે. આ સ્થિતિમાં શૅરબજારમાં ઓપન ઑફર મૂકીને બાયબૅક કરવામાં આવે તો તેવા સંજોગોમાં તેના પર બાયબૅક ટૅક્સ લાગુ ન પડવો જોઈએ. બીજા શબ્દોમાં કહીએ તો આવકવેરા ધારા 1961ની કલમ 10 (34એ)મા કરવામાં આવેલી જોગવાઈ મુજબ બાયબૅકમાં શૅરહોલ્ડરને થતી આવકને કેપિટલ ગેઇન ટૅક્સને પાત્ર ગણવામાં આવે

| Company Name | Record Date | BuyBack price (Per Share) | Current Market Price | Issue Size - Amount (Cr) |
|---|---|---|---|---|
| ઈ-ક્લેર્ક્સ સર્વિસિસ લિમિટેડ | Jul 04, 2024 | 2800 | 2373.50 | 385.00 |
| બજાજ કન્ઝ્યુમર કેર લિમિટેડ | Jul 02, 2024 | 290 | 264.30 | 166.49 |
| ગોદાવરી પાવર & ઇસ્પાત લિમિટેડ | Jun 28, 2024 | 1400 | 1121.70 | 30.10 |
| શેવિયટ કંપની લિમિટેડ | Jun 14, 2024 | 1800 | 1498.85 | 31.50 |
| શારદા મોટર ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ | Jun 05, 2024 | 1800 | 1995.95 | 185.00 |
| Anand Rathi Wealth Limited | Jun 03, 2024 | 4450 | 3882.40 | 164.65 |
| Ajanta Pharma Limited | May 30, 2024 | 2770 | 2329.35 | 285.00 |
| Tips Industries Limited | Apr 22, 2024 | 625 | 456.10 | 37.19 |
| Freshtrop Fruits Limited | Apr 02, 2024 | 175 | 139.95 | 33.69 |
| Garware Technical Fibres Limited | Mar 26, 2024 | 3800 | 3950.85 | 199.50 |
| Dwarikesh Sugar Industries Limited | Mar 20, 2024 | 105 | 76.64 | 31.50 |
| Shervani Industrial Syndicate Limited | Mar 07, 2024 | 510 | 606.70 | 6.83 |
| Bajaj Auto Limited | Feb 29, 2024 | 10000 | 9656.30 | 4000.00 |
| Kaveri Seed Company Ltd | Feb 23, 2024 | 725 | 977.15 | 325.00 |
| Zydus Lifesciences Limited | Feb 23, 2024 | 1005 | 1071.05 | 600.00 |
| Orbit Exports Limited | Feb 13, 2024 | 250 | 181.35 | 15.00 |
| Rajoo Engineers Limited | Jan 31, 2024 | 210 | 306.50 | 19.79 |
| Arnold Holdings Limited | Jan 25, 2024 | 21 | 51.65 | 13.23 |
| Chambal Fertilisers and Chemicals Limited | Jan 18, 2024 | 450 | 506.90 | 700.00 |
| Dhampur Sugar Mills Ltd | Jan 17, 2024 | 300 | 229.45 | 30.00 |
| Elegant Marbles & Grani Industries | Jan 05, 2024 | 385 | 280.50 | 26.83 |

છે. તેથી બાયબૅક કરનારી કંપનીના ખર્ચને ઈન્કમ ડિસ્ટ્રિબ્યુશન ગણીને તેના પર લેવામાં આવતો ટૅક્સ લાગુ ન પડવો જોઈએ. ફિક્કીએ પણ પ્રી-બજેટ મેમોરેન્ડમમાં બાયબૅક ટૅક્સ નાબૂદ કરી દેવાની માગણી કરી છે. ડિવિડંડ ડિસ્ટ્રિબ્યુશન ટૅક્સની અસર નાબૂદ કરવા માટે બાયબૅક ટૅક્સ દાખલ કરવામાં આવ્યો હતો. 2020ની સાલમાં જ ડિવિડંડ ડિસ્ટ્રિબ્યુશન ટૅક્સ નાબૂદ કરી દેવામાં આવ્યો હોવાથી બાયબૅક ટૅક્સ વસૂલવો ઉચિત નથી. એક જ રકમ પર બાયબૅક ટૅક્સ અને કૅપિટલ ગેઈન ટૅક્સ બંને લાગી રહ્યા છે. આવકવેરાના કાયદાનો મૂળભૂત સિદ્ધાંત એ છે કે આવકવેરા ધારાની કોઈ પણ કલમનું એવું અર્થઘટન ક્યારેય ન થવું જોઈએ કે જેને પરિણામે એક જ વહેવાર પર બે બે વાર ટૅક્સ ભરવો પડે.

તેથી ઓપન માર્કેટમાંથી ચોક્કસ કિંમતની ઑફર કરીને શૅર્સ બાયબૅક કરવામાં આવે તો તેના પર બાયબૅક ટૅક્સ ન જ લાગુ પડવો જોઈએ. તેમ થવાથી વધુ ને વધુ લિસ્ટેડ કંપનીઓ બાયબૅક કરવા આગળ આવશે. હા, તેના પર ટૅક્સ લેવો હોય તો તે ટૅક્સ બાયબૅક થકી આવક મેળવનારા શૅરહોલ્ડર પાસેથી જ લેવો જોઈએ. કંપનીઓ પાસેથી ટૅક્સ ન વસૂલવો જોઈએ. નાણાં ચૂકવનાર પાસેથી નહિ, નાણાં મેળવનાર પાસેથી ટૅક્સ વસૂલવો જોઈએ.

# ગ્લોબલ વૉર્મિંગને ઘટાડવા બાયોફ્યુઅલ પેદા કરતા એકમોને ઓછા વ્યાજદરે ધિરાણ આપો




નાણાકીય વર્ષ 2024-25નું ચોમાસું સારું જવાના નિર્દેશ મળી રહ્યા છે. પરિણામે કુદરત ધારણા મુજબનો સહકાર આપતી રહેશે તો કૃષિ ઊપજ સારી થવાની આશા રાખવામાં આવી રહી છે. ચોમાસું સારું જાય તો શૅરડીની ઊપજ સારી આવવાની ધારણા છે. શૅરડીના પાક પર ચોમાસાની કેવી અસર થાય છે તેને આધારે ખાંડની નિકાસ કરવા અંગે નિર્ણય લેવામાં આવે તેવી સંભાવના છે. ડાયાબિટીસની રાજધાની ગણાતા ભારતમાં ખાંડનું સૌથી વધુ ઉત્પાદન થાય છે. આગામી ઑક્ટોબરથી 2025ના સપ્ટેમ્બર સુધીના ગાળામાં શૅરડીનો પાક હવે લેવામાં આવનારો શૅરડીનો પાક ઘણો સારો આવવાની ધારણા મૂકવામાં આવી રહી છે. છતાં ચાલુ સિઝનમાં ખાંડની નિકાસની છૂટ આપવાનો કોઈ જ ઇરાદો સરકારે વ્યક્ત કર્યો નથી. દેશના જુદા જુદા વિસ્તારોમાં આગામી ચોમાસું કેવું રહે છે તેના પર ખેડૂતોની જેમ સરકાર પણ નજર માંડીને બેઠી છે.

કેન્દ્ર સરકારના અન્નમંત્રી પ્રહ્લાદ જોશી અંદાજ મૂકતાં જણાવે છે કે આગામી વર્ષમાં શૅરડીનું ઉત્પાદન સારું થવાની ધારણા છે. ભારતીય હવામાન કચેરીએ ચોમાસું નૉર્મલ રહેવાની આગાહી કરી હોવા છતાંય સરકાર ચોમાસાની ગતિવિધિ પર નજર માંડીને બેઠી છે. ચોમાસું સારું જાય તો પણ તરત જ ખાંડની નિકાસની છૂટ આપી દેવા સરકાર ઉત્સુક નથી. હા, એકવાર શૅરડીના ઉત્પાદનના આંકડાંઓ સ્પષ્ટ થવા માંડે તે પછી જ નિકાસની છૂટ આપવી કે નહિ તેનો નિર્ણય લેવામાં આવશે. ઇન્ડિયન સુગર ઍન્ડ બાયો એનર્જી મૅન્યુફેક્ચરર્સ ઍસોસિયેશન(ઇસ્મા)ના અંદાજ મુજબ આગામી 30મી સપ્ટેમ્બરે પૂરી થઈ રહેલી શૅરડીની ચાલુ મોસમમાં કુલ ઉત્પાદન વધીને 3.20 કરોડ ટનને આંબી જાય તેવી અપેક્ષા છે. જોકે અત્યારે ખાંડની નિકાસ પર કોઈ જ પ્રતિબંધ મૂકવામાં આવેલો નથી. છતાંય સરકારે ખાંડની નિકાસ માટે કોઈ જ પરમિટ પણ ઇશ્યૂ કરેલી નથી. હા, જુદા જુદા દેશનાં રાજદૂતાલયોએ કરેલી ભલામણને ધ્યાનમાં રાખીને ચોક્કસ જથ્થાના નિકાસની છૂટ આપેલી છે.

અત્યારે શૅરડીનો પાક લેવા માટે પુષ્કળ પાણીનો વપરાશ થાય છે તે ઘટાડવા માટે ઓછા પાણીએ શૅરડીનો પાક લઈ શકાય તે માટે સંશોધન થવું જરૂરી છે. ખેડૂતોના અને ખાંડના વપરાશકારો બંનેના હિતને ધ્યાનમાં લઈને સરકાર શૅરડીના રસમાંથી સીધા ઇથેનોલના ઉત્પાદન તરફ વળવા માટે પ્રોત્સાહન આપવામાં આવશે. ઇથેનોલ એ શૅરડીના રસમાંથી ખાંડ બનાવી લીધા પછીના કદડામાંથી બનતું પ્રોડક્ટ છે. ફોસિલ્સ ફ્યુઅલ તરીકે ઓળખાતા ક્રૂડ ઑઇલમાંથી બનતાં પેટ્રોલ અને ડીઝલ જેવા કાર્બન ઉત્સર્જન કરતાં ઉત્પાદનોમાં 20 ટકા સુધી ઇથેનોલ ભેળવીને કાર્બન ઉત્સર્જન ઘટાડવા સરકાર સક્રિય બની છે. જોકે 2013માં માત્ર 2.5 ટકા ઇથેનોલ ભેળવવાની છૂટ આપીને સરકારે શરૂઆત કરી હતી. આજે 2024માં પેટ્રોલ-ડીઝલમાં ઇથેનોલ મિક્સ કરવાનું પ્રમાણ 12.5 ટકા સુધી પહોંચ્યું છે. 2025-26ના અંત સુધીમાં પેટ્રોલ-ડીઝલમાં 20 ટકા ઇથેનોલ ભેળવવાના ટાર્ગેટ સુધી સરકાર પહોંચવા માગે છે. તેથી જ સરકાર શૅરડીમાંથી સીધું ઇથેનોલનું ઉત્પાદન કરવાની દિશામાં પણ વિચારી રહી છે.

**ખાંડની નિકાસની પરમિટ ઇશ્યૂ કરવા પરનો અંકુશ ઓછો કરતાં પહેલાં અને ઇથેનોલ ઉત્પાદન માટે શૅરડીનો સીધો ઉપયોગની છૂટ આપતાં પૂર્વે કેન્દ્ર સરકાર પરિસ્થિતિનો ક્યાસ કાઢશે**

**વાતાવરણમાં કાર્બન ઉત્સર્જન ઘટાડવા માટે 2025-26ના અંત સુધીમાં પેટ્રોલ અને ડીઝલમાં 20 ટકા ઇથેનોલ ભેળવવાની છૂટ આપવાનો સરકારનો ટાર્ગેટ**

જોકે ભારતમાં ખાંડનું ઉત્પાદન નીચે લઈ જઈ શકાય તેમ નથી. કારણ કે ભારતમાં દરેક ઉત્સવના દિને મીઠાઈ બનાવીને ખાવાની અને વહેંચવાની પ્રથા છે. તેથી ખાંડનો વપરાશ સારો એવો છે. 2023-24 અને 2024-25ના વર્ષમાં શૅરડીનું ઉત્પાદન ઓછું થવાનો અંદાજ મૂકવામાં આવ્યો હતો. પશ્ચિમ અને દક્ષિણ ભારતમાં ચોમાસું સારું જાય તો શૅરડીનું અને ખાંડનું ઉત્પાદન 2024-25ના વર્ષમાં પણ સારું રહેવાની ધારણા બાંધવામાં આવી રહી છે. પરિણામે ડાયરેક્ટ ઇથેનોલના ઉત્પાદન માટે પણ શૅરડીનો જથ્થો અલગ તારવી શકાશે. શૅરડી ઉપરાંત અનાજ આધારિત છોડવાઓનો ઉપયોગ કરીને પણ બાયોફ્યુઅલ તૈયાર કરવાની સરકારની ઇચ્છા છે. સરકારે જી-20ની સમિટમાં બાયોફ્યુઅલના વિશ્વ વેપારમાં જોડાવાની તૈયારી પણ દર્શાવી છે. ખાંડ ઉદ્યોગ સાથે

સંકળાયેલાં સૂત્રોનું કહેવું છે કે અત્યાર સુધી દેશમાં ઈથેનોલનો સપ્લાય 327 કરોડ લિટરનો છે. તેમાંથી અનાજ આધારિત અને શૅરડી આધારિત ઈથનોલ પ્રોડક્શન યુનિટનો ફાળો સરખો જ છે. શૅરડીના રસમાંથી સીધો ઈથેનોલ બનાવવા પર સરકારે મૂકેલા અંકુશોને કારણે સુગર ઈન્ડસ્ટ્રી ઈથેનોલનો પૂરતો સપ્લાય ન આપી શકે તેવી પણ સંભાવના રહેલી છે. સુગર મિલમાંથી ઈથેનોલનો પૂરતો સપ્લાય ન મળવાને કારણે ક્રૂડમાંથી પેટ્રોલ-ડીઝલ બનાવતી કંપનીઓ અનાજ આધારિત બાયોફ્યુઅલ કંપનીઓ પર વધુ મદાર બાંધવા માંડ્યો છે. પેટ્રોલ ડીઝલમાં 15 ટકા ઈથેનોલ ભેળવવાના લેવલ સુધી પહોંચવા માટે 700 કરોડ લિટર ઈથેનોલની જરૂર પડે તેમ છે. ઑઇલ માર્કેટિંગ કંપનીઓ તેમાંથી 648 કરોડ લિટર ઈથેનોલ ખરીદવાના કરાર કરી ચૂકી છે. ભારતની ઈથેનોલની વાર્ષિક ઉત્પાદન ક્ષમતા 1500 કરોડ લિટરની છે. તેમાંથી સુગર કેન આધારિત ઈથેનોલનું ઉત્પાદન 900 કરોડ લિટરનું છે. તેમાંથી કેટલું ઈથેનોલ અનાજ અને શૅરડી બંનેમાંથી બનાવેલું છે.

પર્યાવરણમાં થતા કાર્બન ઉત્સર્જનને ઘટાડવા માટે અને ક્લાઈમેટ ચેન્જને કારણે આવતી મોસમી અનિશ્ચિતતા રોકવા માટેના ટાર્ગેટને પહોંચી વળવા ભારત સરકાર આકાશપાતાળ એક કરશે. તેને માટે જ ઈથેનોલ અને બાયોફ્યુઅલનું ઉત્પાદન અને વપરાશ વધારવા ભારત સરકાર મક્કમ છે. ભાવિ પેઢીને સ્વચ્છ વાતાવરણ પૂરું પાડવાનો પણ આ એક પ્રયાસ છે. ગ્લોબલ વૉર્મિંગની સમસ્યા વકરી છે. તેથી જ દિલ્હીમાં આ ઉનાળામાં તાપમાનનો પારો 53 ડિગ્રીને વળોટી ગયો હતો. રાજસ્થાનમાં તાપમાન 50 ડિગ્રીને આંબી ગયું હતું. તેથી જ બાયોફ્યુલનો વપરાશ વધારીને કાર્બન ઉત્સર્જન ઘટાડીને શૂન્ય પર લઈ આવવાની મથામણ વધુ જોરશોરથી




ચાલુ કરી દેવાનો સમય આવી ગયો છે. હવે માત્ર વાતોનાં વડાં કરવાથી તાપમાન કંટ્રોલમાં નહિ આવે તે હકીકત તમામ દેશની સરકારોને સમજાવા માંડી છે.

યુરોપિયન સંઘના દેશોએ ભારતમાંથી ઈમ્પૉર્ટ થતી દરેક વસ્તુઓ પર પહેલી જાન્યુઆરી 2026થી કાર્બન ટૅક્સ નાખવાનો લીધેલો નિર્ણય પણ આ જ દિશામાંનું પગલું છે. તેથી જ શૅરડીમાંથી ઈથેનોલ બનાવવા પર ફોકસ કરવાની જરૂરિયાત વધી ગઈ છે. ભૂતળના પેટાળમાંથી મળતા ફોસિલ્સ ફ્યુઅલ પર ફોકસ કરવાનું ઘટાડી દેવાનું નક્કી થઈ ચૂક્યું છે. ભારતની માફક બ્રાઝિલ પણ શૅરડીના ઉત્પાદનમાં મોખરાનો દેશ છે. બ્રાઝિલ તો બીટમાંથી પણ ઈથેનોલ બનાવે છે. ભારત અને બ્રાઝિલ મળીને દુનિયામાં પેદા કરવામાં આવતા કુલ ઈથેનોલમાંથી 50 ટકા ઈથેનોલ પેદા કરે છે. કમનસીબે ભારત અને બ્રાઝિલ બંને દેશોમાં અલ નિનો અને લા નિનાની અસર જોવા મળી છે. અલ નિનો અને લા નિના વાતાવરણમાં એકાએક ગરમી કે ઠંડી વધારી દે છે.

શૅરડીમાંથી ઈથેનોલ બનાવવા પર ફોકસ કરવા માટે ઓછા પાણીએ વધુ એટલે કે વધારે ઉત્પાદન આપતી શૅરડીનો પાક લઈ શકાય તેવું સંશોધન પણ થવું જરૂરી છે. વિશ્વના દેશોએ સાથે મળીને આ અંગે સંશોધન કરવું જરૂરી છે. તેની સાથે ખાંડનો પુરવઠો ન ખોરવાય તેનું પણ ધ્યાન રાખવું પડશે. કાનપુરમાં આવેલી નૅશનલ સુગર ઈન્સ્ટિટ્યૂટ અને કાનપુરની જ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલૉજી બાયોફ્યુઅલ માટે સેન્ટર ઑફ એક્સિલન્સની સ્થાપના કરવા સાથે જોડાયા છે. બાયોફ્યુઅલનું ઉત્પાદન વધારવા માટે આ બંને સંસ્થાઓ સાથે મળીને સંશોધન કરશે.

પાકની ઊપજ વધારવા માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો તથા મશીન લર્નિંગની મદદથી પાકનો અંદાજ મેળવવા પર વધુ ફોકસ કરવું પણ જરૂરી બની ગયું છે. પાકનું પ્લાનિંગ પણ તેની જ મદદથી કરવામાં આવે તે જરૂરી છે. આઇએસઓના સભ્ય દેશો એકબીજા સાથે પાક અને પાકની ઊપજને લગતી માહિતીની આપ-લે કરે છે તેમજ એકબીજાના દેશોના ખેડૂતોને ટેક્નોલૉજી પૂરી પાડે છે. નાના ખેડૂતોને પણ તેનો લાભ મળે જ છે. તેને આધારે તેઓ પોતપોતાની નીતિઓ પણ તૈયાર કરી રહ્યા છે.

ઈથેનોલ અને સુગર સેક્ટર માટે ફાઈનાન્સની વ્યવસ્થા કરવી જરૂરી છે. સુગર મિલ નાખવા માટે અને ઈથેનોલ પેદા કરવા માટે મોટી મૂડીની જરૂર પડે છે તેમજ ઔદ્યોગિક એકમને ચલાવવા માટે પણ બહુ જ મોટો ખર્ચ કરવો પડે છે. આ એકમોને કારણે કાર્બન ઉત્સર્જન ઘટવાનું હોવાથી ઓછા વ્યાજદરે ફાઈનાન્સ મળવું જરૂરી છે. ઈથેનોલ અને કોમ્પ્રેસ્ડ બાયોગૅસ-સીબીજી બનાવનારા એકમોને ઓછા વ્યાજદરની લોનની સેવાનો લાભ મળવો જોઈએ. તેમ થાય તો બાયોફ્યુઅલ પેદા કરતો ઉદ્યોગ વધુ સારી રીતે ધમધમી ઊઠે તેમ છે.





# ગૌમૂત્ર વેચીને પશુપાલકોને નવી આવક કરવાનો વિકલ્પ મળ્યો

ગૌમૂત્રની ઉપયોગિતા જગજાહેર છે. માનવને કૅન્સર જેવી બીમારીમાં રાહત આપનાર જડીબુટ્ટીઓને ગૌમૂત્રમાં ઉકાળીને તેનો અર્ક માનવને આપવાથી કૅન્સરની ગાંઠ ઓગળી ગયાના કિસ્સાઓ મોજૂદ છે. નૅશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ હેલ્થના એક અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે ગૌમૂત્ર ગાયનું એક એવું પ્રોડક્ટ છે જેનાથી અનેક લાભ થાય છે અને તેમાં વિષારી તત્ત્વો નથી હોતા. તેથી માનવ આરોગ્ય માટે લાભકર્તા છે. ગૌમૂત્રમાં થતી ઍન્ટિમાઇક્રોબિયલ ઍક્ટિવિટીનો અભ્યાસ કરવામાં આવે તો ઑફલોફલોક્સાસિન, સેફોડોક્સાઈમ અને જેન્ટામાઈસિન જેવી દવાઓની અસર સાથે સરખાવી શકાય તેવી છે. સેફોડોક્સાઈમ અને ઑફલોફલોક્સાસિનનો ન્યુમોનિયા (ફેફસાંનો ચેપ), સાઈનસ અને બ્લેડરમાં થતી ગાંઠ અને કાનમાં થયેલું ઇન્ફેક્શનની સારવાર માટે કરી શકાય છે. તેમજ જેન્ટામાઈસિનનો ઉપયોગ મેનેન્જિટીસ(મગજની આસપાસના પડદા અને કરોડરજ્જુને લાગેલા ચેપની સારવાર માટે કરવામાં આવે છે. તદુપરાંત સેપ્ટિક જેવો તીવ્ર ચેપ લાગ્યો હોય તો તેની સારવાર કરવા માટે, પાચનતંત્રના ચેપની સારવાર માટે તેમજ સ્નાયુઓને ચેપ લાગ્યો હોય તો તેની સારવાર માટે કરવામાં આવે છે. લોહીમાંનો ચેપ અંકુશમાં લેવા માટે, ચામડીના, હાડકાંના, સાંધાના અને યુરિનરી ટ્રેકના ચેપની સારવાર તેનાથી થાય છે. આમ આ ત્રણેય દવાઓ જેવી અસર ગૌમૂત્ર આપી શકે છે. ગૌમૂત્રનો અર્ક અકસીર વિકલ્પ છે. માનવની વધતી વય સાથે શરીર ક્ષીણ થવાની પ્રક્રિયા પર પણ ગૌમૂત્રના ઘટકો બ્રેક લગાવે છે. ગૌમૂત્રમાં ડાયાબિટીસના દરદીઓને રાહત આપવામાં પણ જડીબુટ્ટીઓ સાથેનો ગૌમૂત્રનો અર્ક અસરકારક સાબિત થઈ રહ્યો છે. ગૌમૂત્રથી ઘડિયાળ તો વરસોથી ચલાવવામાં આવે છે. ગાયનાં દૂધ, દહીં, ઘી, ગોબર અને ગૌમૂત્રને મિક્સ કરીને પંચગવ્ય બનાવવામાં આવે છે. આ પંચગવ્ય પણ કૅન્સરની સારવાર માટે અસરકારક ગણાય છે. જે ગાયમાં તેંત્રીસ કરોડ દેવતાઓનો વાસ હોવાનું માનવામાં આવે છે તે ગાયનાં દૂધ, દહીં, ઘી, ગોબર અને ગોમૂત્રના અનેક ગુણો છે. આ ગુણોનો લાભ ઉઠાવીને ખેડૂતોને પણ લાભ કરાવવાનું આયોજન કરવામાં આવ્યું છે.

હા, ગુજરાતના બનાસકાંઠા જિલ્લાના ભાભર

**ગૌશાળાના સંચાલકો પણ ગૌમૂત્ર કલેક્શનનું નવતર આયોજન કરીને વધુમાં વધુ આવક કરવાનો રસ્તો ખોલી શકશેઃ ગૌશાળાના સંચાલકો માટે આવક ઊભી કરવાનો નવો સ્રોત ખૂલ્યો**

# ગુજરાતની તમામ સહકારી સંસ્થાઓ ખેડૂતોને સમૃદ્ધ બનાવવા આગળ આવે

ગૌમૂત્રમાંથી પ્રાકૃતિક ખેતી માટેનાં પ્રોડક્ટ્સ તૈયાર કરવા માટે અને માનવ ઉપયોગી દવાઓ બનાવવા માટેના એકમ નાખવા માટે અંદાજે રૂ. 5 કરોડનું ઈન્વેસ્ટમેન્ટ કરવું પડી શકે છે. પ્લાન્ટ અને મશીનરીમાં રૂ. 2 કરોડનું, જમીન અને મકાનમાં રૂ. 70 લાખનું, વર્કિંગ કેપિટલ માટે રૂ. 1.30 કરોડનું અને બ્રાન્ડિંગ માર્કેટિંગ માટે રૂ. 1 કરોડનું મળીને કુલ પાંચ કરોડના ઈન્વેસ્ટમેન્ટની જરૂર પડે છે. કૃષિ સહકારી મંડળીઓ આ દિશામાં આગળ વધી શકે છે. તેઓ ખેડૂતોને ભાગીદાર બનાવીને આ દિશામાં સક્રિય થઈ શકે છે. તેમનો આ સહકાર માનવ આરોગ્ય અને ખેડૂતની આર્થિક તંદુરસ્તી વધારનાર સાબિત થશે તેમાં કોઈ જ બેમત નથી.

## એક લિટરે રૂ. 5 આપીને ખરીદનાર માર્કેટમાં હોવાથી એક ગાય ધરાવનાર પશુપાલક મહિને વધારાની રૂ. 1500થી 1800ની આવક કરી શકશેઃ ગાયના ચારાના ખર્ચમાં રાહત થશેઃ ગૌમૂત્રમાંથી ખેતીને વધુ સમૃદ્ધ બનાવતી દવાઓ બનવા માંડી

વિસ્તારમાં વિશ્વની ગૌમૂત્રની પહેલી ડેરી સ્થપાઈ છે. ધેનુપ્રસાદ એગ્રોવેટ પ્રાઈવેટ લિમિટેડએ ગૌમૂત્ર ડેરીની સ્થાપના કરી છે. બનાસકાંઠાંમાં શરૂ કરવામાં આવેલા પ્રસ્તુત સ્ટાર્ટ-અપે પશુપાલકો અને ખેડૂતો પાસેથી લિટરદીટ રૂ. પાંચના ભાવે ગૌમૂત્ર ખરીદવાનું પણ ચાલુ કરી દીધું છે. ગૌમૂત્રની ડેરી આવવાને પરિણામે ખેડૂતોને પશુપાલન કરવામાં રસ વધી શકે છે. દેશી ગાયનું ગૌમૂત્ર ખરીદવામાં આવી રહ્યું છે. ગાય રોજના અંદાજે ૧૬થી ૧૭ લિટર મૂત્ર આપે છે. તેમાંથી અંદાજે ૧૦ લિટર તો ખેડૂત ઝીલી જ શકે છે. ગાયનો મૂત્ર પાસ કરવાના સમયનો ખેડૂતોનો બહુધા અંદાજ હોય જ છે. તેઓ ગૌમૂત્ર એકત્રિત કરીને રાખે છે અને ગૌમૂત્ર ડેરીના સંચાલકો તેમની પાસેથી લઈ જાય છે. ખેડૂતો ગૌમૂત્રનું કલેક્શન વધારવાના રસ્તાઓ સમય જતાં શોધી કાઢશે. તેમનું કલેક્શન વધશે તેટલી તેમની આવકમાં પણ વધારો થશે.

ગુજરાત ચેમ્બર ઑફ કૉમર્સ દ્વારા યોજવામાં આવેલા સ્ટાર્ટ-અપ અંગેના ચર્ચાસત્રમાં માહિતી આપતાં ધેનુપ્રસાદે જણાવ્યું હતું કે બનાસકાંઠાના ભાભરમાં અત્યારે ૭૦૦થી વધુ પશુપાલકોએ ગૌમૂત્ર ડેરીને આપવાનું ચાલુ કરી દીધું છે. આમ એક જ દેશી ગાય ધરાવનાર ખેડૂતને મહિને





અંદાજે રૂ. ૧૫૦૦ની આવક થઈ શકે છે. હવે એગ્રોવેટ પ્રાઈવેટ લિમિટેડને વડોદરાની ગૌશાળા 300 ગાયનું ગૌમૂત્ર આપવા તૈયાર થઈ છે. રોજના 3000 લિટરનો સપ્લાય તેને આરંભથી જ મળી રહે તેવી વ્યવસ્થા છે. ગૌશાળાને મહિને અંદાજે રૂ. દોઢ લાખથી રૂ. બે લાખની નવી આવક થઈ શકે છે. આ આવક દાન પરની તેની નિર્ભરતા ઘટાડશે. ગૌશાળાના સંચાલકો ગૌમૂત્રમાંથી ઑર્ગેનિક ખેતીને પ્રમોટ કરતાં પ્રોડક્ટ્સ તૈયાર કરવાનું આયોજન કરીને પણ નવી આવક ઊભી કરી શકે છે. ગાયના મૂત્રમાં આયર્ન, કૅલ્શિયમ, ફોસ્ફરસ, કાર્બનિક ઍસિડ, પોટાશ, નાઈટ્રોજન, એમોનિયા, મૅન્ગેનીઝ, સલ્ફર, ફોસ્ફેટ, પોટાશિયમ, યુરિયા, યુરિક ઍસિડ, એમિનો ઍસિડ, એન્ઝાઈમ્સ, સાયટોકાઈન અને લેક્ટોર જેવા ઘટકો મોજૂદ છે. આ ઘટકો ખેતરના છોડને પોષણ આપવામાં અને માનવશરીરમાંના ખૂટતા ખનીજોની ઊણપ દૂર કરવામાં ઉપયોગી સાબિત થાય છે.

આ આયોજનમાં કંપનીને ભાગીદાર પણ બનાવી શકે છે. ખેડૂતોને પ્રાકૃતિક પ્રોડક્ટ્સ જંતુનાશકો અને ખાતર મળશે. આમ ઑર્ગેનિક ફાર્મિંગને કે પછી પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન મળશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પણ ઇચ્છે છે કે કેન્સર અને ડાયાબિટીસ સહિતની બીમારી માટે જવાબદાર રાસાયણિક ખાતરથી થતી ખેતી ઓછી થાય અને પ્રાકૃતિક ખેતી વધુ થાય. કારણ કે તેનાથી દેશના બજેટ પર આવતી હેલ્થ કૉસ્ટને નિયંત્રિત કરી શકાશે. તેની સાથે પશુપાલક અને ખેડૂત બંને સમૃદ્ધ બનશે. ગૌમૂત્રમાંથી દવા બનાવવામાં આવે છે. આ દવા પણ કૃત્રિમ કેમિકલથી બનાવવામાં આવતી દવાઓને કારણે માનવશરીરના આંતર અવયવોને થતા નુકસાન સામે રક્ષણ આપનારી સાબિત થશે.

ખેડૂતો પાસેથી એકત્રિત કરવામાં આવતા ગૌમૂત્રમાંથી ઑર્ગેનિક ફર્ટિલાઈઝર બનાવવામાં આવે છે. તેનો વપરાશ કરવાથી સારી ગુણવત્તાની અને આરોગ્યપ્રદ ખેત-ઊપજો લઈ શકાશે. આરોગ્ય માટે જોખમી ગણાતાં રાસાયણિક ખાતરો પરની નિર્ભરતામાં ઘટાડો આવશે. જમીન ખરાબ થતી અટકશે. રાસાયણિક ખાતરનો ઉપયોગ કરવાથી જમીન કડક થઈ જાય છે. ધેનુપ્રસાદ એગ્રોવેટ તેમાંથી ધનરક્ષક, ધનભૂમી અને ધનવૃદ્ધિ જેવાં પ્રોડક્ટ્સ તૈયાર કરે છે. આ દવાઓનો ઉપયોગ વધવાથી જમીનમાં રહેતા કુદરતી બૅક્ટેરિયા અને ખેડૂતમિત્ર ગણાતા અળસિયાં ફરી સપાટી પર આવી જાય છે. અળસિયાંની જમીનમાં ઉપર-નીચે જવાની અને માટી ખાઈને તેને ફળદ્રુપ અને જમીનને છિદ્રાળુ બનાવવાની પ્રવૃત્તિને કારણે જમીનની ભેજ શોષવાની ક્ષમતા ઓછી થઈ જાય છે. રાસાયણિક ખાતરથી પકવેલા પાકને કારણે આરોગ્ય સામેનાં જોખમો વધતાં હોવાથી ઑર્ગેનિક ખેતીની ઊપજોની ડિમાન્ડ પણ વધી ગઈ છે. તેથી ખેડૂતોની ઊપજને ઑર્ગેનિકનું



# ખેડૂતો પોતે પણ ગૌમૂત્રમાંથી જંતુનાશક-ખાતર બનાવી શકે

ધેનુપ્રસાદ એગ્રોટેકના પ્રમોટર દેવારામ પુરોહિત કહે છે કે ગૌમૂત્રમાં વલસાડ અને ઓખાથી દરિયાઈ શેવાળ, ધતૂરો, મરચાં, લસણ, લીમડાનાં પાન, લીંબોડી સહિતની વસ્તુઓ ઉમેરવામાં આવે છે. આ મિશ્રણ એક એકર જમીનમાં 5 લિટરનો છંટકાવ કરીને જમીનને ફળદ્રુપ બનાવી શકાય છે. પાકને રોગ સામે રક્ષણ આપે છે. જમીનને સમૃદ્ધ બનાવે છે. બે પાકની સિઝન સુધીમાં દવાઓનો છંટકાવ કરીને જમીનને પોચી બનાવી શકાય છે. ગૌમૂત્રમાંથી બનતી અન્ય દવાનો કૂંપળ ફૂટ્યા બાદ ફૂલ બેસવા માંડે ત્યારે છંટકાવ કરતાં ફૂલ વધુ આવે છે. તેનાથી પાકમાં સુધારો થવા માંડે છે. આમ ઊપજ વધે છે. કપાસની ખેતી કરે તો તેને ઇયળનો રોગ લાગુ પડે છે. આ કપાસ 50 દિવસનો થયા બાદ 15 દિવસે છંટકાવ કરતાં રોગ લાગુ પડતો નથી. તેમને જંતુનાશક રસાયણોનો ઉપયોગ કરવો પડતો નથી. ચૂસિયા જીવાત સામે પણ આ ગૌમૂત્રમાંથી બનેલી આ દવા રક્ષણ આપે છે. કપાસ માટેની રોગનિયંત્રક બનાવવા માટે ગૌમૂત્રમાં મરચાં અને લસણ ઉમેરીને તેનો અર્ક બનાવવામાં આવે છે. તેનો છંટકાવ કપાસમાં રોગનું નિયંત્રણ સારી રીતે કરે છે. એક એકર જમીનને ફરી પોચી કરવા માટે અંદાજે રૂ. 350થી 700નો ખર્ચ આવે છે. તેની સાથે જ કુદરતી બૅક્ટેરિયા પણ જમીનમાં વૃદ્ધિ પામે છે. એક રીતે જોઈએ તો આ જંતુનાશકો કે જમીનને ફળદ્રુપ બનાવનારા બૅક્ટેરિયામાં વૃદ્ધિ કરે છે. આમ તેને પ્રોબાયોટિક તરીકે ઓળખાવવામાં આવે છે.



## ધેનુપ્રસાદ એગ્રોવેટનું બનાસડેરી સાથે ટાઈ-અપ કરવાનું પણ આયોજન : ગાય રોજનું ૧૬થી ૧૭ લિટર મૂત્ર આપે છે, તેમાંથી ૧૦ લિટર ઝીલી શકાય : ગૌમૂત્રના કલેક્શનમાં વધારો કરવાનું ખેડૂતો પોતાની રીતે આયોજન કરી શકે

લેબલ લગાડતાં વધુ સારા ભાવ પણ મળી શકે છે. પશુપાલકો માટે નવી આવકનો માર્ગ ખૂલ્યો હોવાથી પશુપાલનનો વ્યવસાય કરવા તરફ ખેડૂતો વધારે આકર્ષાશે. પશુપાલન કરનારની આવક વધશે. આર્થિક સ્થિતિ સંગીન બનશે તેવી અપેક્ષા રાખવામાં આવી રહી છે. અત્યારે ગાયનો ઉછેર કરવો તે કૉમર્શિયલી વાયેબલ ગણાતો નથી. ગાયના ચારાનો ખર્ચ પણ વધારે આવે છે. આ ખર્ચના બોજ અને દૂધની આવક તમામ ગણિતો ઊથલાવી દે છે. ગૌમૂત્રની ખરીદી ચાલુ થતાં ગાયનો ઉછેર પોષણક્ષમ અને આવક ઊભી કરાવનારો સાબિત થઈ શકશે.

ગૌમૂત્રનો ઉપયોગ જંતુનાશક દવાઓ બનાવવા માટે, ગૌમૂત્રની સાથે દરિયાઈ શેવાળને ભેળવીને તેને ઉકાળીને જમીનને પોચી બનાવવાની દવા બનાવી આપે છે. એક એકરમાં માત્ર પાંચ લિટર દવાનો છંટકાવ કરવાથી માત્ર બે સિઝનમાં જ તેનો ઉકેલ લાવી શકાય છે. એક એકર જમીનને કુદરતી પોચાપણું પાછું અપાવવા માટે રૂ. ૧૦૦૦થી વધુનો ખર્ચ થતો નથી. રાસાયણિક ખાતરનો ઉપયોગ કરવાથી જમીન કઠણ થઈ જાય છે. અળસિયાં જેવા કુદરતી જીવો જમીનમાં ઊંડા ઊતરી જાય છે. તેમાં પાકની ઊપજ ઘટી રહી છે. દુનિયાની ૧૦૦૦ કરોડની વસતિને ટકાવવા માટે અનાજનું ઉત્પાદન વધારવાની જરૂર વધી રહી છે ત્યારે આ પ્રકારના ઉપચારો લાભદાયી સાબિત થઈ શકે છે.



આ પ્રકારની અનેક દવાઓ ગૌમૂત્રમાંથી બનાવવામાં આવે છે. બીજ અંકુરિત થયા પછી તેના પર ગૌમૂત્રની દવાઓનો છંટકાવ કરવામાં આવે તો તેની ઊપજમાં ૧૦થી ૨૦ ટકાનો વધારો પણ થાય છે. કપાસના પાક પર તેનો છંટકાવ કરવામાં આવે તો કપાસના પાકને રોગચાળો લાગવાની સમસ્યા હળવી થઈ શકે છે. સામાન્ય રીતે કપાસને ઈયળની સમસ્યા નડે છે. પરંતુ ૫૦ દિવસનો કપાસ થયા પછી ગૌમૂત્રમાં દરિયાઈ શેવાળ, લસણ, મરચાંનું મિશ્રણ કરીને દવા બનાવવામાં આવે છે. તેને પરિણામે ચૂસિયા જીવાતની સમસ્યાનો ઉકેલ આવી શકે છે. આ સમસ્યા હળવી થતાં કપાસનો ગ્રોથ વધી જાય છે. આ જ રીતે જીવાતને નિયંત્રિત કરવાની દવાઓ પણ બનાવવામાં આવી રહી છે.ગૌશાળા પણ ગાયનું મૂત્ર એકત્રિત કરી તેનું વેચાણ કરીને ખાસ્સી આવક કરી શકશે. તેથી ગાયના નિભાવ માટેના ખર્ચમાં તેમને પડતી તાણ ઓછી થઈ શકે છે. ગૌશાળાઓને ટકાવવા માટે પણ ગૌમૂત્રનું વેચાણ એક આકર્ષક વિકલ્પ બની રહેવાની સંભાવના છે.



INTERVIEW

# તમારા હૃદયને સ્વસ્થ રાખવા શું કરવું જોઈએ?



એક સમય હતો જ્યારે 60 વર્ષથી ઉપરની વ્યક્તિને જ હૃદયની સમસ્યા જોવા મળતી હતી, પરંતુ આધુનિક સમયમાં 30-40 વર્ષના યુવાનો અને અમુક કિસ્સામાં તો ટીનેજર્સ પણ હૃદયરોગનો શિકાર બનતા હોવાનું જોવા મળે છે. આધુનિક બેઠાડુ જીવનશૈલી, અયોગ્ય આહાર-વિહાર, સોશિયલ મીડિયાની સામાજિક-માનસિક સ્તર પર થતી અસરો, વ્યસનોનું વધતું ચલણ વગેરેને હૃદયરોગના વધતા કિસ્સા માટે જવાબદાર માનવામાં આવી રહ્યા છે. કાર્ડિયોલૉજી ક્ષેત્રે 30 વર્ષનો બહોળો અનુભવ ધરાવતા અને હાલ સુધી 1 લાખથી વધુ હાર્ટ સર્જરી કરનાર વિશ્વવિખ્યાત કાર્ડિયોલૉજિસ્ટ પદ્મભૂષણ ડૉ. તેજસ પટેલે હૃદયના સ્વાસ્થ્યની સારસંભાળ અંગે તેમના વિચારો વ્યક્ત કર્યા હતા. ગુજરાત ઉદ્યોગજગતની ચર્ચામાં જાહ્નવી સોની સાથેની વાતચીતમાં તેમણે હૃદયના સ્વાસ્થ્ય પર કઈ કઈ બાબતોની વિપરીત અસર પડે છે અને તેનાથી બચવા શું કરી શકાય તે અંગે માહિતી આપી હતી. આ ઉપરાંત રેગ્યુલર હાર્ટ ચેકઅપના મહત્ત્વ અંગે પણ તેમણે જાણકારી આપી હતી.

હાર્ટ હેલ્થ જાળવી રાખવા શું કરવું જોઈએ તેના જવાબમાં ડૉ. પટેલે જણાવ્યું, 'હૃદય માટે શું સારું છે તેની જાણ ટીનેજર્સથી માંડીને બિઝનેસમૅન સુધી દરેક વ્યક્તિને હોય જ છે. હૃદયને સ્વસ્થ રાખવા વજન નિયંત્રણમાં રાખવું, નિયમિત કસરત કરવી, ડાયટ બૅલેન્સ કરવું, ફૅટને શક્ય તેટલી એવોઇડ કરવી અને આ ઉપરાંત ખોરાકમાં પ્રોટીન, મિનરલ, વિટામિન અને ફાઇબરનું સંતુલન જાળવી રાખવું. વ્યક્તિએ ડાયાબિટીસ, બ્લડ પ્રેશર જેવી બીમારી શરીરમાં મોડી પ્રવેશે તેવો પ્રયત્ન કરવો જોઈએ. તમાકુ કે તેનામાંથી બનતી પ્રોડક્ટ ખાવાનું ટાળવું જોઈએ. આ ઉપરાંત રૂટિન સારી રીતે જાળવવું, પૂરતી ઊંઘ લેવી અને સ્ટ્રેસને નિયંત્રણમાં રાખવાથી હૃદય સ્વસ્થ રહે છે.'

તેમણે ભારપૂર્વક જણાવ્યું કે હૃદયને સ્વસ્થ રાખવા ફક્ત કસરત અગત્યની નથી. વ્યક્તિએ સ્ટ્રેસ મૅનેજમેન્ટ માટે સમય ફાળવવો પડે છે. વ્યક્તિ આમ કરે તો કોઈ પણ તકલીફમાંથી જલદી બહાર આવી શકે છે અને જીવનની સારી ગુણવત્તા જળવાઈ શકે છે. તેમણે જણાવ્યું, 'ફક્ત ઉદ્યોગપતિઓ કે સમાજના શ્રીમંત વર્ગમાં જ સ્ટ્રેસ હોય છે એવું નથી. નોકરી કરતા પ્રોફેશનલ્સ, ડૉક્ટર્સ કે પછી નાની ઇન્કમમાં ઘર ચલાવનાર વ્યક્તિને પણ સ્ટ્રેસ હોય છે. સ્ટ્રેસથી છુટકારો મેળવવા થોડી વાર એકાંતમાં રહેવાની આદત કેળવવી જોઈએ. યોગાસન સાથે બેઝિક પ્રાણાયામ કરવાથી ફાયદો થાય છે. કપાલભાંતિ, ભસ્ત્રિકા જેવા પ્રાણાયામ હાર્ટના દર્દીઓએ ટાળવા જોઈએ. જોકે અનુલોમ-વિલોમ, ભ્રામરી, ઉજ્જયી, ઓમકાર જેવા પ્રાણાયામ કોઈ પણ કરી શકે છે. સવાસનથી યોગનિદ્રા અને મેડિટેશનની પ્રૅક્ટિસ થાય છે. બહિરંગ યોગ વાસ્તવમાં અંતરંગ યોગ તરફ જવાનો રસ્તો છે.'

ડૉ. તેજસ પટેલે જણાવ્યું કે ઉદ્યોગસાહસિકો તેમના કર્મચારીઓનું સ્વાસ્થ્ય સારું રહે અને વધારેમાં વધારે લોકોને ફાયદો થાય તે માટે પૉલિસી ક્ષેત્રે નિર્ણય લઈ શકે છે. તેના માટે હાર્ટ હેલ્થ અંગે ક્લાસ લેવાય, ડેમો અપાય, રેકૉર્ડિંગ બતાવવામાં આવે તો કર્મચારીઓ હૃદયના સ્વાસ્થ્ય અંગે જાગ્રત બને છે. આ ઉપરાંત અમુક નિષ્ણાતોને બોલાવી તેમની સાથે હૃદયના સ્વાસ્થ્યને લગતી ચર્ચા કરાય, ડાયટ, સ્ટ્રેસ



વગેરે વિષયોને આવરી લેવાય તો પણ કર્મચારીઓને લાભ થાય છે. તેમણે એ પણ જણાવ્યું કે દરેક વ્યક્તિ માટે સ્ટ્રેસ બસ્ટર જુદા જુદા હોઈ શકે છે. ઘણી વ્યક્તિને ધર્મસ્થાનમાં જવાથી સારું લાગે છે, તો ઘણા રમત રમીને પરસેવે રેબઝેબ થઈ જવામાં આનંદ અનુભવે છે. કેટલાક લોકોને આવો જ આનંદ વાંચનમાંથી મળે છે. ઘણા લોકો પોતાના કામમાંથી આનંદ મેળવે છે. તમારે હંમેશાં પ્રસન્ન ચિત્ત રહેવાની ચાવી જાતે જ શોધવી પડે છે.

હવે મોટા ભાગની જૉબમાં લાંબા કલાકો સુધી બેસીને કામ કરવું પડે છે. તેને કારણે યુવાનોને ડોક અને મસલ્સ સ્ટિફ થઈ જવા જેવી સમસ્યા તો થાય જ છે. સાથે સાથે તેમના હૃદયના સ્વાસ્થ્ય પર પણ સતત બેસી રહેવાની ખરાબ અસર પડે છે. ડૉ. પટેલે જણાવ્યું કે બેઠાડુ જૉબ હોય તે લોકોએ પણ વીસેક મિનિટ બાદ ડોક, ખભા વગેરેના મસલ્સને રિલેક્સેશન મળી રહે તેવી બેઝિક કસરતો કરવાની આદત પાડવી જોઈએ.

જોકે હવેની યુવા પેઢીમાં સ્વાસ્થ્યને લગતી જાગૃતિ પહેલાં કરતાં વધી છે. પહેલાં કરતાં વધારે લોકો હવે જિમમાં જતા થયા છે. જોકે ઘણી વાર જિમમાં પણ વ્યક્તિ કસરત કરતાં ફસડાઈ પડતી હોવાના કિસ્સા બને છે. શું તે નબળા હાર્ટની નિશાની છે? તેના જવાબમાં ડૉ. તેજસ પટેલે જણાવ્યું, 'જિમમાં વર્કઆઉટ કરતી વ્યક્તિ કોલેપ્સ થઈ જાય તે બધા કેસમાં હાર્ટ ઍટેક નિમિત્ત નથી હોતો. ભારતમાં પૉસ્ટમૉર્ટમ અંગે હજુ જાગૃતિ ઓછી છે. ઘણા લોકોને હૃદયનો મસલ જન્મથી જાડો હોય, જન્મજાત ઈલેક્ટ્રિક સર્કિટમાં સમસ્યા હોય અને તે ખરાબ રિધમ પ્રોડ્યુસ કરે, બ્રેઈન વેસલમાં નાના ફુગ્ગા હોય અને બ્લડ પ્રેશરના કારણે તે ફાટી જાય, નળી બ્લૉક થઈ જાય વગેરે જેવા અનેક કારણસર આકસ્મિક મૃત્યુ થઈ શકે છે. આકસ્મિક મૃત્યુ હાર્ટ ઍટેકને કારણે જ થાય તેવું જરૂરી નથી. પશ્ચિમના દેશોમાં મૃત્યુનું કારણ ન મળે તો પૉસ્ટમૉર્ટમ કરાવવું ફરજિયાત છે. પરંતુ અહીં આકસ્મિક મૃત્યુના સંજોગોમાં ઘરનો માહોલ એટલો શોકગ્રસ્ત હોય છે કે મૃતકના સ્વજનોને પૉસ્ટમૉર્ટમ માટે સમજાવવા મુશ્કેલ બની જાય છે.'

હૃદયને સ્વસ્થ રાખવા તેલ, બટર, નૉન-વેજ અને ચરબીયુક્ત ખોરાક ન ખાવા જોઈએ તેની જાગૃતિ તો બધામાં જ છે. હવે ઘણા લોકો વીગન ડાયટ તરફ પણ વળ્યા છે. હવે કેટલાંક સંશોધનોમાં લો ફૅટ ડેરી પ્રોડક્ટ ખાવાની વીગન ડાયટમાં પરવાનગી આપવામાં આવે છે. ડૉ. પટેલ જણાવે છે, 'દરેક વ્યક્તિએ પોતાનું ડાયટ જાતે નક્કી કરવું જોઈએ. મોટા ભાગે જે વસ્તુ જીભને ગમે તે હાર્ટ માટે બહુ સારી નથી હોતી અને હાર્ટ માટે સારી હોય તે જીભને નથી ગમતી. બધા જ એન્ટિ ઑક્સિડન્ટ ફૂડ જેવા કે આમળાં, હળદર, આદુ, જાંબુ વગેરે જીભને બહુ પસંદ આવતાં નથી. બીજી બાજુ ટ્રાન્સફૅટ, સુગર ધરાવતા, તળેલા, ક્રન્ચી, ક્રિસ્પી ફૂડ વધારે ભાવે છે. તે હૃદયની નળીમાં બળતરા વધારે છે.'

**પહેલાં 60 વર્ષ પછી હૃદયરોગની સમસ્યા જોવા મળતી હતી, હવે 30-40 વર્ષની વયના યુવાનો પણ હૃદયની તકલીફનો શિકાર બની રહ્યા છે.**

તેમણે જણાવ્યું કે એક વખત હૃદયરોગનું નિદાન થાય પછી વ્યક્તિએ ખાવા-પીવાની બાબતમાં સચેત થઈ જવું જોઈએ. તેમાં તેલ સદંતર બંધ કરવાની જરૂર નથી. તેલમાં પણ અમુક સારી અને અમુક ખરાબ ફૅટ હોય છે. સૅચ્યુરેટેડ અને ટ્રાન્સ ફૅટ હૃદય માટે જોખમી છે. જ્યારે અનસૅચ્યુરેટેડ ફૅટ હૃદયની વાહિનીઓ માટે લાભકારક છે. તેલમાં રહેલા ઓમેગા 3 અને ઓમેગા 6 જેવાં તત્ત્વો અમુક ક્વૉન્ટિટીમાં શરીર માટે લાભકારક છે. એ રીતે સૅચ્યુરેટેડ ફૅટમાં મર્યાદામાં ઘી ખાવાથી લાભ થાય છે. જોકે આ તમામમાં ટ્રાન્સ ફૅટ હૃદય માટે સૌથી વધારે જોખમી છે. તેમણે જણાવ્યું કે એક્સ્ટ્રા વર્જિન ઓલિવ ઑઈલ હૃદય માટે લગભગ પર્ફેક્ટ તેલ છે. જોકે તેમાં કશું તળીને ન ખવાય. તેનો ઉપયોગ સલાડ ડ્રેસિંગમાં જ થાય છે. ડૉ. તેજસ પટેલે જણાવ્યું, 'જે ઘરમાં હૃદયરોગની તકલીફ હોય ત્યાં તેલના મોટા ડબ્બા ન લાવવા. નાના ડબ્બા લાવવા અને મગફળી, કપાસિયા, સનફ્લાવર એમ વારફરતી તેલ બદલ્યા કરવું જોઈએ. બ્રેડ ઉપર બટરના બદલે ઓલિવ ઑઈલ લગાવવું જોઈએ.'

તેમણે એ પણ જણાવ્યું કે અત્યાર સુધી હૃદયરોગમાં હાઈ HDL પર જ ધ્યાન કેન્દ્રિત કરાતું હતું. પરંતુ હવે સંશોધકોએ તેમનું ધ્યાન LDL પર કેન્દ્રિત

# હાર્ટમાં કોઈ સમસ્યા હોય તો કેવાં લક્ષણો દેખાય?

હૃદયમાં સમસ્યા હોય તો ડાબા હાથમાં પણ દુઃખાવો થઈ શકે છે.

હૃદય રોગના નિદાન માટે બેઝલાઈન બ્લડ પ્રોફાઈલ, ઈસીજી, ઈકો વગેરે કરાવી શકાય છે.

હાર્ટની સમસ્યા ફૅમિલી હિસ્ટ્રીમાં હોય તો નિયમિત હાર્ટ ચેકઅપ કરાવવું જોઈએ.

સેલ્ફ ટ્રીટમેન્ટની કોશિશ ન કરશો.

હૃદયની પાછળની દીવાલમાં મુશ્કેલી હોય તો પીઠનો દુઃખાવો થાય છે.

હૃદયની નીચેની દીવાલમાં સમસ્યા હોય તો ઍસિડિટી જેવો અનુભવ થાય છે.



ફૅમિલી હિસ્ટ્રીમાં નાની વયે હૃદયરોગથી કોઈનું મૃત્યુ થયું હોય તો ચેતતા રહેવું જોઈએ.

શરીરના ઉપરના ભાગમાં તમે અગાઉ ક્યારેય મહેસૂસ ન કર્યાં હોય તેવાં લક્ષણ દેખાય તો ચેતી જાવ અને ડૉક્ટરને બતાવી દો.

જો આ લક્ષણો અનુભવાય અને લાંબો સમય ચાલે તો બેઝિક ચેક અપ કરાવી દેવું જોઈએ.

કર્યું છે. તેની કટ-ઑફ લાઈન પણ બદલાતી રહે છે. અગાઉ તે 150 હતી, પછી 125-130 કરાઈ અને હવે તેને 100 કરી દેવાઈ છે. આને કારણે દર્દીઓમાં ઘણું કન્ફ્યુઝન જોવા મળે છે. વ્યક્તિને કોરોનરી આર્ટરી ડિસીઝ હોય તો કોલેસ્ટરોલ 70 અંદર અને પ્રોસિજર કરાઈ હોય તો 50 અંદર રહેવું જોઈએ તેવી સલાહ અપાય છે. પરંતુ દર વખતે દર્દી માટે આ શક્ય નથી બનતું. વળી, ડૉક્ટર્સ વધારે દવા આપે તો ડ્રગ્સની સાઈડ ઈફેક્ટ દર્દીઓ પર જોવા મળે છે. ડૉ. તેજસ પટેલ જણાવે છે, ‘નવજાત બાળકોમાં LDL 30 અંદર હોય છે, ઘાસ ખાનારા હાથી-ઘોડા જેવા પ્રાણીઓમાં તે 50 અંદર હોય છે. તેમાં હૃદયના બ્લૉકેજની સમસ્યા ક્યારેય જોવા મળતી નથી. ચીન-જાપાન જેવા દરિયાકિનારાના પ્રદેશોમાં LDL 50 અંદર જોવા મળે છે અને અહીં લોકો સામાન્ય રીતે લાંબું જીવે છે. આથી આદર્શ રીતે વ્યક્તિએ પોતાનું કોલેસ્ટરોલ 70 અંદર રાખવાની કોશિશ કરવી જોઈએ. પરંતુ ઘણા લોકોને ફૅમિલી હિસ્ટ્રીમાં જ કોલેસ્ટરોલની સમસ્યા જોવા મળે છે. તેમને 170-80 કોલેસ્ટરોલ રહેતું હોય તો તે ઘટાડીને 70 ન કરી શકાય. આથી જેટલું શક્ય બને તેટલું કંટ્રોલમાં રાખીને વ્યક્તિએ ખુશ રહેવું જોઈએ.’

ડૉ. તેજસ પટેલે છેલ્લાં 30 વર્ષમાં હૃદયરોગના દર્દીઓની પ્રોફાઈલમાં મોટો ફરક જોયો છે, જેમ કે તેમની કારકિર્દીના શરૂઆતના ગાળામાં 55-60 વર્ષે કોઈને હાર્ટની સમસ્યા થાય તો લોકો માનતા કે બહુ નાની ઉંમરે તકલીફ થઈ ગઈ. 1992-97માં મોટા ભાગે 45-50 વર્ષની વયના દર્દીઓ હૃદયને લગતી ફરિયાદ લઈને આવતા હતા. 2010 પછી હવે 30થી 40 વર્ષના યુવાનોને પણ ખરાબ ફૂડ હેબિટ્સ અને લાઈફસ્ટાઈલને કારણે હૃદયને લગતી સમસ્યા થવા માંડી છે. આટલી નાની ઉંમરે હૃદયરોગ થવા પાછળનું કારણ ખરાબ ફૂડ હેબિટ, બેઠાડુ જીવનશૈલી અને પીયર પ્રેશર છે.

ડૉ. તેજસ પટેલ સોશિયલ મીડિયાની સ્વાસ્થ્ય પર અસર અંગે વાત કરતાં જણાવે છે, ‘1995માં જ્યારે લૅન્ડલાઈન ફોન પર વાત કરતા હતા ત્યારે જીવનમાં ઘણી શાંતિ હતી. બીજો સ્ટ્રેસ ઓછો હતો. મોબાઈલની સ્વાસ્થ્ય પર સીધી અસર પડી રહી છે. તેનાથી શરીરના હોર્મોન્સ ડિસ્ટર્બ થઈ જાય છે. શરીરમાં ખરાબ હોર્મોન્સનું પ્રમાણ વધી જાય છે. ધીરે ધીરે તે હૃદયની નલિકાઓ અને હૃદય પર ઈમ્પેક્ટ કરે છે.’

તેમણે વિગતે સમજાવતાં કહ્યું, ‘બ્રેઈનમાં ચાર કેમિકલનું બૅલેન્સ હોવું જરૂરી છે. ડોપામાઈન તમને કંઈક હાંસલ કર્યું હોવાનો અહેસાસ કરાવે છે. ઓક્સિટોસિન તમને એવો અહેસાસ કરાવે છે કે કોઈ તમને પ્રેમ કરે છે અને તમારી કાળજી લે છે. એન્ડોર્ફિન દર્દને હળવું કરીને તમને ઉન્માદનો અહેસાસ કરાવે છે. જ્યારે સેરોટોનિન તમને રિલેક્સ થયાનો અહેસાસ કરાવે છે.’ જો મગજમાં આ બધાનું સ્તર યોગ્ય જળવાયેલું રહે તો શરીરમાં ખરાબ હોર્મોન નિયંત્રણમાં રહે છે. જો બૅલેન્સ ખોરવાય તો માનસિક સમસ્યા, ગુસ્સો, એન્ઝાયટી, ડિપ્રેશન વગેરેનો અનુભવ થયા કરે છે. મગજના આ ચારેય કેમિકલ્સનું બૅલેન્સ કરવા માટે ધારણા અને ધ્યાન કરવું જરૂરી છે.

ડૉ. પટેલે યુવા પેઢીને ડ્રગ્સ, સ્મૉકિંગ જેવાં વ્યસનોથી દૂર રહેવાની સલાહ આપી



**જે ખોરાક જીભને ગમે છે તે સામાન્ય રીતે હૃદય માટે સારો નથી હોતો અને જે ખોરાક હૃદય માટે સારો હોય છે તે સામાન્ય રીતે જીભને ભાવતો નથી.**

હતી. તેમણે કહ્યું, 'મારી યુવા પેઢીની દરેક વ્યક્તિને વિનંતી છે કે વ્યસનથી આવનારી નસલ ખરાબ થઈ જશે. પંજાબમાં જે થયું તેનું પુનરાવર્તન ગુજરાતમાં થશે. વ્યસનથી તમારી જિંદગી તો બગડશે જ પરંતુ આવનારી પેઢી પણ ખરાબ થશે.' તેમણે હૃદયના આરોગ્ય માટે પણ દરેકને વ્યસનથી જોજનો દૂર રહેવાની સલાહ આપી હતી.

ડૉ. તેજસ પટેલે જણાવ્યું કે મેડિકલ સાયન્સને કારણે લોકોનું સરેરાશ આયુષ્ય વધ્યું છે. સ્વતંત્રતા પહેલાં દેશમાં પુરુષોનું સરેરાશ આયુષ્ય 49-50 વર્ષનું હતું અને સ્ત્રીઓનું સરેરાશ આયુષ્ય 51 વર્ષ હતું. તે સમયે લોકો લગભગ બધે ચાલીને જતા આથી કસરતનો અભાવ નહતો. લોકોનો ખોરાક સાદો હતો અને મોટા ભાગના લોકો તંદુરસ્ત અને ફિટ હતા. એ સમયે હવા ચોખ્ખી હતી અને મોટા ભાગનું ફૂડ પણ ઑર્ગેનિક હતું. આજે લોકો વધારે સ્ટ્રેસમાં જીવે છે, ઑઈલી ફૂડ ખાય છે, સ્મૉકિંગ અને ઓબેસિટી સામાન્ય થઈ ગયાં છે. આમ છતાં પુરુષોનું સરેરાશ આયુષ્ય 69-70 વર્ષ અને સ્ત્રીઓનું 71-72 વર્ષ થયું છે. તે મેડિકલ સાયન્સને આભારી છે. જો આપણે સ્વતંત્રતા પહેલાંની જીવનશૈલી રોજિંદા જીવનમાં ઉતારીએ તો આપણો લાઈફ સ્પાન 80-85ને પાર કરી જાય.

કાર્ડિયોલૉજિસ્ટ બનવા માગતા યુવાનો માટે ડૉ. તેજસ પટેલ આદર્શ છે. ડૉ. પટેલે આવા યુવાનોને સલાહ આપતાં જણાવ્યું, 'હવેની પેઢી કોઈ પણ ફીલ્ડ પસંદ કરતાં પહેલાં પ્રોસ્પેક્ટ જુએ છે. પરંતુ કૉમ્પિટિશન હવે દરેક ફીલ્ડમાં છે. વસ્તી વધી છે તો સામે જરૂરિયાત પણ વધી છે. વ્યક્તિએ પોતાની જાત સાથે પ્રતિસ્પર્ધા કરવી જોઈએ તો તે કોઈ પણ ફીલ્ડમાં સફળ થાય છે. ટાર્ગેટ નક્કી કરો અને તેને ચેઝ કરો. આજુબાજુના લોકો શું કરે છે તેની ચિંતામાં ન રહેશો. આમ કરશો તો તમારો પ્રોગ્રેસ પણ થશે અને સ્ટ્રેસમાં ઘટાડો થશે.'



ડૉ. પટેલે જણાવ્યું કે ડૉક્ટર તરીકેનું અત્યંત વ્યસ્ત જીવન જીવવા છતાંય તે સદાય કસરત માટે સમય કાઢતા આવ્યા છે. છેલ્લા થોડાં વર્ષથી તેઓ અંતરંગ યોગ તરફ ઢળ્યા છે જેમાં ધ્યાન અને ધારણાનો સમાવેશ થાય છે. તેમનું કહેવું છે કે તેનાથી મગજના કેમિકલ બૅલેન્સ થાય છે. તેમને પણ કોઈ સામાન્ય વ્યક્તિની જેમ શરૂઆતમાં ધ્યાન ધરવામાં ઘણી સ્ટ્રગલનો સામનો કરવો પડ્યો હતો પરંતુ તે આ ક્ષેત્રમાં અમુક સ્તરથી આગળ વધવાનું લક્ષ્ય ધરાવે છે અને તેના માટે પરિશ્રમ કરે છે. આ ઉપરાંત તે આવનારા સમયમાં શરીર અને મગજ તથા તેના હૃદય સાથેના સંબંધ વિષે વૈજ્ઞાનિક પદ્ધતિથી સંશોધન કરવાની ઇચ્છા પણ ધરાવે છે.

61 વર્ષની વયે પણ ડૉ. તેજસ પટેલ ખૂબ સક્રિય જીવન જીવી રહ્યા છે. તેઓ રિટાયર થવાને બદલે કામ કરવાનું પસંદ કરે છે. તેમને પદ્મશ્રી, પદ્મવિભૂષણ સહિતના અનેક મોટાં સન્માન મળી ચૂક્યાં છે. હવે તેમને કાર્ડિયોલૉજીના ફીલ્ડમાં સર્વોચ્ચ ગણાતો The Master Interventionalist of SCAI (MSCAI)નો ઍવૉર્ડ મળવા જઈ રહ્યો છે. આ અંગે વાત કરતાં ડૉ. પટેલે જણાવ્યું, 'આ ઍવૉર્ડ્સ મને પૂર્ણતાનો અહેસાસ કરાવે છે. આ ઍવૉર્ડ્સ મેં કાર્ડિયોલૉજી ક્ષેત્રે જે કામ કર્યું છે તેનું એક પ્રકારનું ઑબ્જેક્ટિવ ડોક્યુમેન્ટેશન છે. સરકારે મારા કામને બિરદાવ્યું અને હવે અમેરિકાની હાઈએસ્ટ સોસાયટી તરફથી આ સન્માન મળી રહ્યું છે અને સેંકડો ડૉક્ટરોમાંથી સન્માન માટે મારી પસંદગી થઈ છે તેનો મને આનંદ છે.'

INTERVIEW

# MSMEને અનેક યોજનાઓ અંતર્ગત આર્થિક સહાય આપવામાં અગ્રેસર ગુજરાત સરકાર

ગુજરાતને વેપાર-ઉદ્યોગની ભૂમિ તરીકે ઓળખવામાં આવે છે. ગુજરાતીઓ પોતાની ધંધાકીય કોઠાસૂઝ માટે વિશ્વભરમાં ઓળખ મેળવી ચૂક્યા છે. સોનામાં સુગંધ ભળે તેમ ગુજરાત સરકાર પણ સતત ઉદ્યોગોને લાભ થાય તેવી પૉલિસીઓ અને યોજનાઓ લઈને આવી રહી છે. તેનાથી ગુજરાતમાં ઉદ્યોગ-ધંધા સોળે કળાએ ખીલ્યા છે. બિઝનેસના વિસ્તરણ માટે એક્ઝિબિશનમાં ભાગ લેવાની વાત હોય કે પછી પ્રોડક્ટને માન્યતા અપાવવા માટે પેટન્ટ મેળવવાની વાત હોય, ગુજરાત સરકાર આ તમામમાં થતા ખર્ચમાં ઉદ્યોગોને મોટી સહાય કરે છે. આધુનિક સમયમાં ઉદ્યોગ-ધંધા આગળ વધારવા માટે આઈટી ઈન્ફ્રાસ્ટ્રક્ચર કે ક્લાઉડ કૉમ્પ્યૂટિંગની જરૂર પડે જ છે. તેની માળખાગત સુવિધાઓ વિકસાવવા માટે પણ ગુજરાત સરકાર સબસિડી આપે છે. નાના-મધ્યમ ઉદ્યોગો ટેક્નોલૉજીને અપનાવવામાં પાછળ ન પડે તે માટે ટેક્નોલૉજી સોફ્ટવેરની ખરીદીમાં ગુજરાત સરકાર મોટી સહાય આપે છે. આ તમામ સહાયનો લાભ લઈને ઉદ્યોગ સાહસિકો પોતાના ઉદ્યોગ-ધંધાને પવનવેગે આગળ વધારી શકે છે અને મોટા ઉદ્યોગોને સમકક્ષ સેવા-પ્રોડક્ટ્સ પોતાના ગ્રાહકોને પૂરી પાડી શકે છે. ગુજરાત સરકારના સિનિયર ઑફિસર અને જૉઈન્ટ કમિશનર ઑફ ઈન્ડસ્ટ્રીઝ તથા અમદાવાદના જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના જનરલ મૅનેજર આર. ડી બરહાટે GCCI MSME કમિટીના ચૅરમૅન તેજસ મહેતા સાથે ‘ગુજરાત ઉદ્યોગજગતની ચર્ચા’માં રાજ્ય સરકારની આવી અનેક યોજનાઓ અંગે દર્શકોને માહિતી આપી હતી. જો ઉદ્યોગો તેનો લાભ લે તો ઓછા મૂડીખર્ચે પણ ઝડપથી વિકાસ સાધી શકે છે.

**સ્થાનિક, રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય એક્ઝિબિશનમાં ભાગ લેવો હોય તો પણ ગુજરાત સરકાર MSMEને આર્થિક સહાય કરે છે**

## એક્ઝિબિશનમાં થતા ખર્ચ પર સબસિડી

ઉદ્યોગો પોતાની પ્રોડક્ટનું પ્રમોશન કરવા માટે, તેની નિકાસ માટે નવા દરવાજા ખોલવા માટે કે કંપનીનો વ્યાપ વધારવા માટે સ્થાનિક, રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય સ્તરે યોજાતા એક્ઝિબિશન્સમાં ભાગ લેતા હોય છે. જોકે એક્ઝિબિશનમાં સ્ટૉલના ભાડા, તથા સ્ટૉલ ઊભો કરવા માટે તેમણે ખર્ચ કરવા પડે છે. સ્ટેન્ડી, બેનર્સ, પેમ્ફલેટ સહિત અનેક પ્રકારના ખર્ચ ઉદ્યોગોએ ભોગવવા પડે છે. તેમાંય એક્ઝિબિશન મોટા સ્તરનું હોય તો તેમાં સ્ટૉલના ઊંચા ભાડાને કારણે જ નાના



ઉદ્યોગો નાસીપાસ થઈ જાય છે. ગુજરાત સરકારની નવી MSME પૉલિસીમાં ઉદ્યોગોને એક્ઝિબિશનમાં ભાગ લેવા માટે કરવો પડતો ખર્ચ પણ રિએમ્બર્સ મળી જાય છે. આર. ડી. બરહાટે આ અંગે વાત કરતાં જણાવ્યું, 'એક્ઝિબિશનને ચાર કેટેગરીમાં વહેંચવામાં આવ્યા છે. પહેલી કેટેગરીમાં રાજ્ય સ્તરના પ્રદર્શનનો સમાવેશ થાય છે. એટલે કે જે પ્રદર્શન ગુજરાત, મહારાષ્ટ્ર એમ કોઈ રાજ્ય પૂરતું સીમિત હોય તેનો સમાવેશ થાય છે. નવી પૉલિસીમાં દરેક પ્રદર્શન કેટેગરીની વ્યાખ્યા નક્કી કરવામાં આવી છે. બીજી કેટેગરીમાં રાષ્ટ્રીય સ્તરના પ્રદર્શનનો સમાવેશ થાય છે. ત્રીજી શ્રેણીમાં ભારતમાં યોજાનારા આંતરરાષ્ટ્રીય પ્રદર્શન અને છેલ્લી શ્રેણીમાં વિદેશમાં યોજાતા આંતરરાષ્ટ્રીય પ્રદર્શનનો સમાવેશ થાય છે. આ ચારેય કક્ષામાં ઉદ્યોગકારો પોતાની પ્રોડક્ટનું પ્રદર્શન કરવા માટે એક્સપો કે એક્ઝિબિશનમાં ભાગ લે તો તેમને સ્ટૉલના ભાડાના અમુક ટકા રકમ રિએમ્બર્સમેન્ટમાં મળે છે. આ ઉપરાંત પેમ્ફલેટ, બેનર્સ, સ્ટેન્ડી જેવા ડિસ્પ્લે મટીરિયલ પર પણ 75 ટકા સુધીનું રિએમ્બર્સમેન્ટ મળે છે.'

જો આંતરરાષ્ટ્રીય પ્રદર્શન વિદેશમાં યોજાયું હોય તો તેમાં ભાગ લેનાર નાના-મધ્યમ ઉદ્યોગોને રૂ. 5 લાખ સુધીનું રિએમ્બર્સમેન્ટ મળે છે. હા, આ એક્ઝિબિશન જે-તે ક્ષેત્રની એક્સપૉર્ટ પ્રમોશન કાઉન્સિલ કે ઍસોસિયેશન દ્વારા ઓથોરાઈઝ્ડ હોવા જરૂરી છે. ઍસોસિયેશને કાં તો માન્યતા આપી હોય અથવા પાર્ટનર બન્યા હોય તેવા એક્ઝિબિશનમાં ભાગ લેનાર MSME જ આ લાભ મેળવવાપાત્ર બને છે. આથી અરજી કરતાં પહેલાં એક્ઝિબિશનને કોણે ટેકો જાહેર કર્યો છે તે MSMEએ ખાસ ચેક કરી લેવું જોઈએ. આ ઉપરાંત મૅન્યુફૅક્ચરિંગ એટલે કે ઉત્પાદન પ્રવૃત્તિ સાથે સંકળાયેલા MSME એકમોને જ એક્ઝિબિશનમાં થતા ખર્ચ પર સહાય મળે છે. સર્વિસ કે ટ્રેડિંગ પ્રવૃત્તિ સાથે સંકળાયેલા એકમો તેનો લાભ લઈ શકતા નથી.



## ટેક્નોલૉજી એક્ઝિબિશન માટે થતા ખર્ચ પર સબસિડી

ટેક્નોલૉજી ટ્રાન્સફર માટે નાના-મધ્યમ ઉદ્યોગોને આર્થિક સહાય કરનારું ગુજરાત આખા દેશમાં પહેલું રાજ્ય છે. આર. ડી. બરહાટ જણાવે છે, 'મોટા ઉદ્યોગો માટે ટેક્નોલૉજી મેળવવી, બનાવવી કે જાતે રિસર્ચ કરવું સરળ હોય છે. પરંતુ તેમાં નાના-મધ્યમ ઉદ્યોગો પાછા પડતા હોય છે. ટેક્નોલૉજી એક્વાયર કરવાના ખર્ચમાં તેમને સહાય મળે તો તે વિકાસમાં ખૂબ ઉપયોગી થઈ શકે છે.'

ગુજરાતની કોઈ પણ કંપની બિઝનેસ માટે સોફ્ટ ફોર્મમાં કોઈ પણ ટેક્નોલૉજી એક્વાયર કરે તો તેના માટે 50 લાખ સુધીના રિએમ્બર્સમેન્ટની સુવિધા છે. આત્મનિર્ભર ગુજરાત યોજના અંતર્ગત ટેક્નોલૉજી ખરીદવાના કુલ ખર્ચના 65 ટકા અને મહત્તમ 50 લાખ સુધીની મર્યાદામાં રિએમ્બર્સમેન્ટ મળે છે. હા, તેમાં મશીનરી કે હાર્ડવેર ડિવાઇસનો સમાવેશ થતો નથી. સોફ્ટવેર કે ફૉર્મ્યુલાના ફોર્મમાં જે ટેક્નોલૉજી એક્વાયર કરી હોય તેનો જ ખર્ચ બાદ મળે છે. આ યોજનાની ખાસિયત એ છે કે નાના કે મધ્યમ ઉદ્યોગને એક કરતાં વધુ વાર પણ આ ખર્ચમાં સહાય મેળવી શકે છે. અર્થાત્, જો વર્ષ પ્રતિવર્ષ કોઈ એકમ નવી નવી ટેક્નોલૉજી એક્વાયર કરતું રહે તો તે દર વર્ષે પણ આ ખર્ચમાં સહાય મેળવવા માટે અરજી કરી શકે છે.

જે ભારતીય કે વિદેશી કંપનીની ટેક્નોલૉજી ખરીદવાની હોય તેની પેટન્ટ થયેલી હોવી જરૂરી છે. આ ઉપરાંત એકમે ટેક્નોલૉજી પૂરી પાડનાર કંપની સાથે MOU કે એગ્રીમેન્ટ કર્યા હોય તેના એક વર્ષના ગાળામાં MSME કમિશનરની પરવાનગી લેવાની રહે છે.

| ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ પૉલિસી 2020 અંતર્ગત ટેક્નોલૉજી એક્વિઝિશન માટે મળતી સહાય | | |
|---|---|---|
| યોજના | સબસિડી | મહત્તમ મળવાપાત્ર રકમ |
| ટેક્નોલૉજી એક્વિઝિશન | 65% | રૂ. 50,00,000 |

## SME એક્સચેન્જ મારફતે કૅપિટલ ઊભી કરવા માટે સહાય

હવે નાના અને મધ્યમ ઉદ્યોગો પણ IPOના માધ્યમથી કેપિટલ રેઈઝ કરતા થયા છે. આ માટે SME એક્સચેન્જની વ્યવસ્થા કરવામાં આવી છે. ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ પૉલિસી 2020 અંતર્ગત નાના-મધ્યમ

| ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ પૉલિસી 2020 અંતર્ગત એક્ઝિબિશનમાં ભાગ લેવા માગતી MSMEને મળવાપાત્ર લાભ | | | |
|---|---|---|---|
| એક્ઝિબિશનની કેટેગરી | સબસિડી | સ્ટૉલના ભાડા પર રિએમ્બર્સમેન્ટની મહત્તમ રકમ | ડિસ્પ્લે મટીરિયલના ખર્ચ ઉપર રિએમ્બર્સમેન્ટની મહત્તમ રકમ |
| રાજ્ય સ્તર | 75% | 50,000 | 10,000 |
| રાષ્ટ્રીય સ્તર | 75% | 1,00,000 | 10,000 |
| ભારતમાં યોજાનાર આંતરરાષ્ટ્રીય પ્રદર્શન 75% | 2,00,000 | 20,000 | |
| વિદેશમાં યોજાનાર આંતરરાષ્ટ્રીય પ્રદર્શન | 60% | 5,00,000 | 50,000 |

ઉદ્યોગોને SME એક્સચેન્જ થકી કેપિટલ ઊભી કરવા માટે જે ખર્ચ થાય તેમાં રૂ. 5 લાખ સુધીની આર્થિક સહાય મળે છે. સેબીની માર્ગદર્શિકા અંતર્ગત MSME લિસ્ટિંગ કરી શકે છે. તેઓ લિસ્ટિંગની તારીખના એક વર્ષની અંદર અંદર એપ્લાય કરી શકે છે. GVFL SME એક્સચેન્જ પર લિસ્ટેડ કંપનીમાં ઈક્વિટી સ્ટેક લઈ શકે છે.

| યોજના | સબસિડી | મહત્તમ મળવાપાત્ર રકમ |
|---|---|---|
| SME એક્સચેન્જ મારફતે ઈક્વિટી રેઈઝ કરવા માટે સહાય | 25% | 5 લાખ |

## વીજળીનું કનેક્શન લેવા માટે પણ મળે છે સહાય

ગુજરાત ઉદ્યોગજગતની ચર્ચામાં આપેલા માહિતીસભર ઈન્ટરવ્યુમાં આર.ડી. બરહાટે વીજ કનેક્શન લેવામાં થતા ખર્ચ પર નાના-મધ્યમ ઉદ્યોગોને મળતી સબસિડીની માહિતી પણ આપી હતી. બધા જ લઘુ, નાના અને મધ્યમ ઉદ્યોગો ઈલેક્ટ્રિસિટી ડ્યૂટી પર એક્ઝેમ્પ્શન મેળવી શકે છે. તેમનું યુનિટ કોઈ ખાનગી, પરંતુ માન્યતા ધરાવતા ઈન્ડસ્ટ્રિયલ પાર્ક કે જીઆઈડીસીમાં ન હોય તો ડિપોઝિટને બાદ કરતાં વીજ કનેક્શન લેવાનો જે ખર્ચ થાય તેના 35 ટકા અને રૂ. 5 લાખ સુધીની સહાય નાના-મધ્યમ

## પેટન્ટ ફાઈલ કરવાના ખર્ચામાં પણ ગુજરાત સરકારની યોજના અંતર્ગત રૂ. 25 લાખ સુધીની સહાય મળે છે

ઉદ્યોગોને મળી શકે છે. આ યોજના અંતર્ગત નવું કનેક્શન લેવા માટે, ચાલુ ગ્રાહકોને વધારાનો વીજળીનો લોડ લેવો હોય કે પછી સર્વિસ લાઈન કે કનેક્શન શિફ્ટ કરવું હોય તો તેનો ખર્ચ પણ ક્લેમ કરી શકાય છે. આ ચાર્જ વીજ કંપનીને ચૂક્વ્યાના એક વર્ષની અંદર રિએમ્બર્સમેન્ટ માટે ક્લેઈમ કરવો જરૂરી છે. ત્યાર બાદ અરજી માન્ય રાખવામાં આવતી નથી.

| યોજના | સબસિડી | મહત્તમ મળવાપાત્ર રકમ |
|---|---|---|
| સર્વિસ લાઈન અને પાવર ચાર્જ | 35 ટકા | 5 લાખ |

## ભાડાખર્ચ પર મળતી આર્થિક સહાય

ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ પૉલિસી 2020 અંતર્ગત નાના-મધ્યમ ઉદ્યોગો તો મેન્યુફેક્ચરિંગની પ્રક્રિયા સાથે સંકળાયેલા હોય કે તેમણે લીઝ પર જગ્યા કે શેડ લીધો હોય તો તેના ભાડાના ખર્ચ ઉપર તેમને સબસિડી મળી શકે છે. સર્વિસ કે ટ્રેડિંગમાં જોડાયેલા ઉદ્યોગોને તેનો લાભ મળતો નથી. આ મદદ ઉદ્યોગને પાંચ વર્ષ સુધી મળી શકે છે. તેના માટે શેડના માલિક પાસે તે જગ્યાની કાયદેસર માલિકી હોવી જરૂરી છે. આ ઉપરાંત આ શેડ કે જગ્યામાં એવી ઉત્પાદન પ્રવૃત્તિ થતી હોવી જોઈએ જેમાં વીજળીનો ઉપયોગ થતો હોય છે. ભાડાકરાર કર્યો તેની તારીખ અથવા ઉત્પાદન શરૂ થયું હોય તેના ત્રણ મહિનાના પહેલાંના સમયથી ક્લેમ કરી શકે છે.

| યોજના | સબસિડી | મહત્તમ |
|---|---|---|
| ભાડામાં સહાય | 65% | 1 લાખ |

## ક્લાઉડ કૉમ્પ્યૂટિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે સરકાર આપે છે સહાય

આજનો જમાનો ઈન્ફોર્મેશન કૉમ્યુનિકેશન ટેક્નોલૉજીનો છે. નાના-મધ્યમ ઉદ્યોગો આ ટેક્નોલૉજીને અપનાવવામાં પાછળ ન રહી જાય તે માટે ગુજરાત સરકાર ખાસ યોજના લાવી છે. જો MSME ક્લાઉડ કૉમ્પ્યૂટિંગની સુવિધાનો લાભ લેવા માગતી હોય તો સરકાર તે માટે થતા ખર્ચના 65 ટકા સુધી સબસિડી આપે છે. તેમાં હાર્ડવેર, નેટવર્કિંગ અને ક્લાઉડ કૉમ્પ્યૂટિંગ એક્સેસ કરવા માટેના ખર્ચમાં 65 ટકા સબસિડી અને મહત્તમ 5 લાખ સુધીના ખર્ચનું રિએમ્બર્સમેન્ટ મળે છે.

| યોજના | સબસિડી | મહત્તમ મળવાપાત્ર રકમ |
|---|---|---|
| ICT માટે સહાય | 65% | 5 લાખ |



# ઊર્જા અને પાણીની બચત થાય તેવી પહેલમાં આર્થિક સહાય

ભારત સરકાર 2072 સુધીમાં ભારતને નેટ ઝીરો એમિશન કંટ્રી બનાવવાનો મહત્ત્વાકાંક્ષી ધ્યેય ધરાવે છે. આથી સૌરઊર્જા, જળઊર્જા, પવનઊર્જા સહિતના પુનઃપ્રાપ્ય ઊર્જાના સ્રોતોના વપરાશને સરકાર પ્રોત્સાહન આપી રહી છે. જમાનો એનર્જી કન્ઝર્વેશનો છે. જે પણ ઇન્ડસ્ટ્રી એનર્જી ઓડિટ કરાવે, ઊર્જા બચત કરવા કે ગ્રીન એનર્જી માટે મશીનરી ખરીદે તેને ગુજરાત સરકાર સહાય આપે છે. મશીનરીમાં મહત્તમ રૂ. 30 લાખ અને ઑડિટના ખર્ચમાં રૂ. 50,000 સુધીની સબસિડી મળે છે.

| પ્રવૃત્તિ | સબસિડી | મહત્તમ મળવાપાત્ર રકમ |
|---|---|---|
| એનર્જી વૉટર ઓડિટ | ખર્ચના 75 ટકા | રૂ. 50,000 |
| મશીનરી | કિંમતના 25 ટકા | રૂ. 20 લાખ (ફક્ત એક વખત મળવાપાત્ર) |

# ગુણવત્તા માટેના સર્ટિફિકેશનના ખર્ચ પર મળે છે સહાય

હવેના ગ્રાહકો ગુણવત્તા માટે ખૂબ જ જાગ્રત થઈ ગયા છે. સરકાર પણ આગ્રહ રાખે છે કે કંપની કે વેપારીઓ ગ્રાહકો સુધી જે માલ કે સેવા પહોંચાડે તે ગુણવત્તાસભર હોય. આ માટે સરકારે BIS, ISI, GMP સહિતના હોલમાર્ક્સ પણ બનાવ્યા છે. તેનાથી ક્વૉલિટી સ્ટાન્ડર્ડાઈઝ થાય છે અને ગ્રાહકોને પ્રોડક્ટમાં વિશ્વાસ બેસે છે. આ ઉપરાંત માલની ક્વૉલિટી સતત જળવાઈ રહે છે. આ સર્ટિફિકેશન મેળવવા માટે MSMEને જે કંઈ ખર્ચ કરવો પડે તેમાં સરકાર સહાય કરે છે. આ યોજનામાં એન્ટરપ્રાઈઝ રિસોર્સ પ્લાનિંગ (ERP)ના ઈન્સ્ટોલેશન માટે થતા ખર્ચ પર પણ સબસિડી મળે છે. તેમાં BIS, ISI, WHO, GMP, હોલમાર્ક જેવા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સર્ટિફિકેશનનો સમાવેશ થાય છે. તેમાં સર્ટિફિકેટની કિંમત, સર્ટિફિકેશન




# પેટન્ટ રજિસ્ટ્રેશન કરવા માટે થતા ખર્ચ ઉપર રૂ. 25 લાખ સુધીની સહાય

સ્ટાર્ટ-અપ્સ આજે નવી નવી ટેક્નોલૉજી વિકસાવીને અનેક ક્ષેત્રોની સિકલ બદલી રહ્યા છે. જોકે સંશોધનની વાત આવે ત્યારે નવી પ્રોડક્ટ કે વિચારની પેટન્ટ કરાવવાથી સ્ટાર્ટ-અપ્સના સંશોધનને રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે માન્યતા મળે છે, તેમની પ્રોડક્ટને વિશિષ્ટ ઓળખ મળે છે અને તેમાંથી સારી આવક ઊભી કરવાનો રસ્તો ખૂલે છે. જોકે પેટન્ટ રજિસ્ટ્રેશન માટે પ્રારંભિક તબક્કે સ્ટાર્ટ-અપ્સે ખર્ચ કરવો પડે છે. નાના, લઘુ, મધ્યમ ઉદ્યોગો અને સ્ટાર્ટ-અપ્સને પેટન્ટ રજિસ્ટ્રેશન કરાવવા માટે ખર્ચમાં સરકાર ઘણી સહાય કરે છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે એમ બંને લેવલ પર પેટન્ટ રજિસ્ટ્રેશન કરાવવા માટે સરકાર 75 ટકા સુધીની સબસિડી આપે છે. એટર્નીની મહત્તમ ફી સ્થાનિક પેટન્ટ માટે રૂ. 50,000 અને આંતરરાષ્ટ્રીય પેટન્ટ માટે દેશ દીઠ રૂ. 2 લાખ નિશ્ચિત કરવામાં આવી છે. આ માટે કંપનીએ જે કંઈ ખર્ચ કરવો પડે તેના 75 ટકામાં સરકાર સહાય આપે છે. તેમાંથી 50 ટકા રકમ પેટન્ટના પબ્લિકેશન કે નોટિફિકેશન વખતે મળે છે જ્યારે બાકીની રકમ પેટન્ટ માટે સર્ટિફિકેટ ઈશ્યુ થાય ત્યાર બાદ જ મળે છે.

આ યોજના અંતર્ગત પેટન્ટ વિકસાવવા માટે જે સાધનો ખરીદ્યાં હોય તેનો ખર્ચ, રજિસ્ટ્રેશન ફી, પેટન્ટ સર્વિસ સેન્ટરને ચૂકવેલી ફીનો સમાવેશ થાય છે. પેટન્ટ પબ્લિશ કે નોટિફાય થાય તેના એક વર્ષની અંદર અંદર આ યોજનાનો લાભ લેવા માટે અરજી કરવી જરૂરી છે.



એજન્સી દ્વારા ચાર્જ કરાતી ફી, ટેસ્ટિંગ માટેના મશીન, મશીનના કેલિબ્રેશન વગેરેના ખર્ચનો સમાવેશ થાય છે. જો ક્વૉલિટી સર્ટિફિકેટ ઇશ્યુ થયા બાદ ટેસ્ટિંગનું મશીન ખરીદવામાં આવે તો તેના ખર્ચ પર સબસિડી મળતી નથી. સર્ટિફિકેટ ઇશ્યુ થાય તેના એક વર્ષના ગાળામાં એપ્લાય કરવું જરૂરી છે. આ યોજનામાં સર્ટિફિકેટ રિન્યુ કરવા માટે થતા ખર્ચનો સમાવેશ થતો નથી.

| યોજના | સબસિડી | મહત્તમ મળવાપાત્ર રકમ |
|---|---|---|
| ક્વૉલિટી સર્ટિફિકેશન | સર્ટિફિકેશન ફીના 50% | રૂ. 10 લાખ |
| | | |
| ERP | 65% | 1 લાખ |






## ZED સર્ટિફિકેશન માટે આર્થિક સહાય

ગુજરાત સરકાર MSMEમાં ઝીરો ડિફેક્ટ ઝીરો ઈફેક્ટ (ZED) ઉત્પાદન પદ્ધતિને પ્રોત્સાહન આપવા પ્રયત્નશીલ છે. આ માટે ZED સર્ટિફિકેશન મેળવવા માટે જે કંઈ ખર્ચ થાય તેના પર સરકાર આર્થિક સહાય કરે છે. તેમાં બ્રોન્ઝ, ગોલ્ડ, સિલ્વર એમ ત્રણ કેટેગરીમાં સર્ટિફિકેટ ઇશ્યુ થાય છે. ભારત સરકાર પાસેથી ZED સર્ટિફિકેટ મેળવવા માટે જે કંઈ ખર્ચ બાદ મળે તે પછીની કુલ રકમના 50 ટકા ગુજરાત સરકાર ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ પૉલિસી 2020 અંતર્ગત આપે છે. તેમાં મહત્તમ રૂ. 50,000 સુધીની સહાય મળે છે.

# સબસિડીની રકમ વિતરણ કરવામાં વિલંબ થાય તો શું કરી શકાય?

જે-તે યોજના અંતર્ગત સબસિડી કે આર્થિક સહાય માટે અરજી કર્યા પછી જો તે અરજી મંજૂર થઈ જાય અને સબસિડીના ડિસ્બર્સમેન્ટમાં વિલંબ થતો હોય તો MSME ગુજરાત સરકારને ફરિયાદ કરી શકે છે. આ બાબત રાજ્ય સરકારના MSME કમિશનરેટના ઉદ્યોગ કમિશનરના કાર્યક્ષેત્રમાં આવે છે. જોકે તેમનો સંપર્ક કરતા પહેલા ઉદ્યોગોએ તેમના જિલ્લામાં આવેલા જિલ્લા ઉદ્યોગ કેન્દ્રની ઓથોરિટીનો સંપર્ક કરવો જોઈએ. ત્યાંના કર્મચારીઓ તથા જનરલ મેનેજર એ પ્રશ્નને હલ કરવા પ્રયત્ન કરે છે. જો જિલ્લા ક્ષેત્રે તેનો નિવેડો ન આવે તો પછી ગાંધીનગરમાં MSME કમિશનરને એ સમસ્યાની જાણ કરવામાં આવે છે. આ ઉપરાંત મોટા જિલ્લાઓમાં MSME માટે હેલ્પ ડેસ્કની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. ત્યાં ડેઝિગ્નેટેડ કર્મચારી સાથે વાત કરીને નાના-મધ્યમ ઉદ્યોગો યોજનાઓ વિષે માહિતી અને સંપૂર્ણ માર્ગદર્શન મેળવી શકે છે. આ ઉપરાંત ગુજરાત ચેમ્બર ઑફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીમાં પણ MSME માટે હેલ્પડેસ્કની સુવિધા ઊભી કરવામાં આવી છે. તેના પર કૉલ કરીને MSME વિવિધ યોજનાઓને લગતું માર્ગદર્શન મેળવી શકે છે.

# GCCI in Action

## INDUSTRY VISIT TO HYFUN FOODS & FIT & FLAKES - DT. 04-05-2024





The Food and Dairy Committee of Gujarat Chamber of Commerce and Industry (GCCI) organized an industry visit on 4th May, 2024, aimed at gaining insights into the operations and practices of food production facilities at Hyfun Foods and Fit & Flex, located near Mehsana.

1. Hyfun Foods:

